કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૭મું · જાન્યુઆરી ૧૯૯૪ · સળંગ અંક ૭૯૨

તંત્રી

ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક

હરિનો હંસલો

કોણે રે દૂભ્યો ને કોણે વીંધિયો ?
કલંકીએ કોણે કીધા ઘા ?


કોણ રે અપરાધી માનવ જાતનો
જેને સૂઝી અવળી મત આ ?
રુધિરે રંગાયો હરિનો હંસલો !

પાંખ રે ઢાળીને હંસો પોઢિયો,
ધોળો ધોળો ધરણીને અંક;
કરુણા-આંજી રે એની આંખડી,
રામની રટણા છે એને કંઠ,
રુધિરે રંગાયો હરિનો હંસલો !


હિમાળે સરવર શીળાં લે'રતાં
ત્યાંનો રે રહેવાસી આ તેજ હંસ;
આવી રે ચડેલો જગને ખાબડે,
જાળવી જાણ્યો ના આપણ રંક !
રુધિરે રંગાયો હરિનો હંસલો !

સાંકડાં ખોદ્યાં રે અંતરખાબડાં,
રચ્યો રે સરવર રૂડાં સાફ;
અમરોનો અતિથિ આવે હંસલો;
આપણી વચાળે પૂરે વાસ.
રુધિરે રંગાયો હરિનો હંસલો !

બાલમુકુન્દ દવે



પ્રાર્થના · જર્મન કલાકાર ડી. એ. ફોલ્ઝનું એક વુડકટ



ગિરનારનું પહાડી સૌંદર્ય
કલાકાર • નટુ પરીખ
(જુઓ આ અંકની કલાવાર્તા)

શિખરું ઊંચાં-

શિખરું ઊંચાં ને મારગ આકરા.
નહિ કોઈ સાથ કે સંગાથ,
નહિ ત્યાં કેડી કે નહિ વાટ,
ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં.
શિખરું ઊંચાં ને મારગ આકરા.

લિયે એ મારગ નર કોઈ બંકડા,
છોડી આળ ને પંપાળ,
રાખી રામૈયો રખવાળ.
કાચી રે છાતીનાં બેસે તાકતાં.
શિખરું ઊંચાં ને મારગ આકરા.

ચડે એ ઊંચે, જે માંહે ડૂબતાં,
જેને આતમનો સંગાથ,
એનો ઝાલે હરિવર હાથ.
પંડને ખૂવે તે પ્રીતમ પામતાં
શિખરું ઊંચાં ને મારગ આકરા.

મનસુખલાલ ઝવેરી


જાન્યુઆરી **કુમાર** ૧૯૯૪

કુમાર સળંગ અંક ૭૯૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઠા. પરીખ. ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), ભાલચંદ્ર શાહ, બિહારીલાલ પો. શાહ. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ.ખ. રૂ. ૨.૦૦









'કુમાર'ના ચાહક વાચકોનાં કેટલાક અભિનંદન પત્રો



આ વર્ષે પણ 'કુમાર'ના ચાહક અને વાચકોએ જાતે બનાવીને નવા વર્ષ નિમિત્તે અભિનંદન પત્રો મોકલ્યા છે. એમના પ્રેમ બદલ અમે અત્યંત આભારી છીએ. અહીં એમાંના થોડા અભિનંદન પત્રો રજૂ કરતાં અમને આનંદ થાય છે. મથાળેથી અનુક્રમે પહેલું કાર્ડ વલસાડથી હરીભાઈ ટંડેલે મોકલ્યું છે. તેઓ પોતે ચિત્રકાર છે. બીજું કાર્ડ રાજકોટના એક વાચક જે.બી.સરવૈયાનું છે. પોતાના શોભન આલેખનમાં એમણે શુભ કામનાઓ પ્રકટ કરી છે. ત્રીજું કાર્ડ 'કુમાર'ના પરિચિત કવિ હરિકૃષ્ણ પાઠકે ગાંધીનગરથી માકલ્યું છે. કવિને ચિત્રલેખનની પણ ફાવટ છે. નીચે : પહેલું કાર્ડઅમદાવાદના વ્રજ મિત્રી નું છે. ચિત્રકાર હોવા ઊપરાંત એ અચ્છા ફોટોગ્રાફર પણ હોઈ એમણે આ કાર્ડમાં પોતાની છબિકલાને પ્રયોજી છે. વચ્ચે કુમારના પ્રમી એક વાચક નિર્મલનું કાર્ડ છે. પુષ્પ વૃક્ષની ડાળ ઉપર પક્ષીને બેસારીને એમણ પોતાની પ્રેમભરી લાગણીને કલામયતાથી પ્રકટ કરી છે. અને નીચે અમદાવાદના ભાઈ દીનબંધુનું કાર્ડ. એ લાગે છે તો સાદું, પણ તેઓયે ચિત્રકાર હોઈ પોતાની લાગણીને ચાતુરીપૂર્વક પુષ્પકારોમાં 'કુમાર'ના નામાક્ષરોમાં ગૂંથીને વ્યક્ત કરી છે.





અમરત મીઠાં/ભાનુપ્રસાદ પંડ્યા

(શિખરિણી - સૉનેટ)

અજંપામાં વીતી રજની પડખાં એ બદલતી
રહી, વારે વારે સમીપ ધસતાં હોય ડગલાં
રહે ભાસી એવું - ઊઠતી, ફરી સૂતી બડબડી:
શું આવે આ નાની કુટિર હરિ કેરી નજરમાં ?

ઘડીમાં અંકાશે ટશર પણ ફૂટી રતૂમડી,
રહ્યું આખું ગૂંજી વન કલરવે, એ પણ ઊઠી
સફાળી ! લે વાળી ફરીથી કુટિયા, આંગણ લીંપી
નદીમાં અંઘોળી લઈ કર ધરી છાબડી ઊભી !

જુએ ત્યાં તો વાને મયૂર સરખા બેય પુરુષો
રહ્યા આવી સામે ! નવ દઈ શકી આસન તદા,
દિયે ચાખી ચાખી સજળ નયને બોર દ્રયને !
જરી સંકોચાતો અનુજ, વદતા જ્યેષ્ઠ હસીને :
'મને મેવા લાગે લખમણ ! લૂખા સૌ નગરીના,
જરી ચાખો બોરાં અમરતમીઠાં આ શબરીનાં !'

નિમંત્રણ/દેવેન્દ્ર દવે

(હરિણી - સૉનેટ)

વળતી રથમાં : સૌ શ્રેષ્ઠિઓ મળ્યા ગણતંત્રના
અનુભવ જુદો આ વેળા તો - સહર્ષ તથાગત
'મુજ ગૃહ પધારે !' જાણી કૈં થતા વધુ આકળા,
ત્વરિત ચમક્યા સૌના કર્ણો - નિમંત્રણ માહરું ?!

ઘણુંય લલચાવી શ્રેષ્ઠીએ: 'શુભે ! ગ્રહી લક્ષ કૈં
ખણણ કરતી સોનામ્હોરો - સુખે ભર શ્વાસ તું,
જીવનરતણો આવો લ્હાવો રખે અવ ચૂક તું !
ભગવન પધારે જો હોંશે ગૃહે અમ પુણ્યના,
તક ઈજનની સાટે મૂલ્યો લઉં બડભાગ્યનાં !
પ્રિયતમ વળી પાછો પામું ચહું યદિ લગન તો !

મન ન અભિમાને રાચંતું, નહીં ધનલાલસા
ચહું ન અધિકારો, ના ઝંખા મને કશી દુન્યવી !
પતિત પણ જ્યાં પામે પેલાં સુવાસિત સ્નેહને
પુનિત મનિષાથી આમંત્રું તથાગત આંગણે !

કમળને ખોલજે/વિનોદ ગાંધી

(ગઝલ)

શૂન્યને ખોલી સકળને ખોલજે,
જાતને ખોલી અકળને ખોલજે.

નિમ્નથી ઊંચે જવાનો છે નિયમ,
મૂળને ખોલી કૂંપળને ખોલજે.

ટેરવાંની વેદના જાણ્યા પછી,
તું હૃદયનાં તળઅતળને ખોલજે.

જિંદગી લંબાઈમાં હોતી નથી,
તું સદીને છોડ, પળને ખોલજે.

આ પલળવાની ક્રિયા નોખી હશે,
વસ્ત્રને છોડી તું જળને ખોલજે.

સાચવ્યો છે રાતભર એણે તને
હે ભ્રમર ! ધીરે કમળને ખોલજે.

સીમમાં એક સવાર/લાલજી કાનપરિયા

(ગાન)

ઊગમણી ડેલીનું ઊઘડ્યું છે તાળું
કે આભમાં ઊગ્યું છે કૂણું અજવાળું.

આળસ મરડી ઝાડ જાગ્યું ને બોલ કાંઈ મીઠા ઝર્યા
રાતભર ઝગમગતા તારાઓ મોતી થૈ ઘાસમાં ખર્યા !


સીમ ભરી મલકે છે કોણ મરમાળું ?
કે આભમાં ઊગ્યું છે કૂણું અજવાળું.

રણઝણતા ગાડાંમારગમાં છે વગડો આખોય તરબોળ
શેઢા પર ઘાસનું તરણું ફરકે ને ઊડે લીલીછમ છોળ.

આનન્દનું કલરવતું ઝરણું રઢિયાળું !
કે આભમાં ઊગ્યું છે કૂણું અજવાળું.

સસલાની ફાળમાં ખેતર આખુંય કાંઈ ડોલતું લાગે
કુંજડીના ગીતમાં આભલું આખુંય કાંઈ બોલતું લાગે.

સૂરજનું લાલઘૂમ ઝળકે પરવાળું !
કે આભમાં ઊગ્યું છે કૂણું અજવાળું.



દક્ષ વહીવટકર્તા, કડક અનુશાષક, સંવેદનશીલ મનુષ્ય, પરમ રાષ્ટ્રભક્ત, કેળવણીકાર અને સમાજહિતચિંતક

એચ. એમ. પટેલ

પ્રફુલ્લ રાવલ

આઝાદી પછી ભારતની આમજનતાનો ચહેરો પરિતોષથી પરિપ્લાવિત ક્યારે હતો ? જ્યારે જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ નીચા હતા એટલું જ નહીં, સ્થિર હતા; રંક માણસ પણ આયોજન કરી શકે તેવો સમયગાળો હતો. આ સમયગાળો એટલે જનતા સરકારનું શાસન. એ શાસનની સફળતામાં તત્કાલીન દક્ષ નાણાપ્રધાનનો મોટો હિસ્સો હતો. એ નાણાપ્રધાન એટલે એચ. એમ. પટેલ અર્થાત્ હીરજીભાઈ મગનભાઈ પટેલ.

એચ. એમ. પટેલા નામસ્મરણ સાથે જ એક શિષ્ટ-સંસ્કૃત માનવની છબિ મન પર તરત જ ઝબકી જાય છે. એમના જીવનમાં ઘટનાઓનું બાહુલ્ય ન્હોતું એમ નહીં, છતાંય ઘટનાઓ, વચ્ચે એ ક્યાંય અટવાઈ ગયેલા ન્હોતા. એમનું વ્યક્તિત્વ નીતર્યાં નીર; જેવું સ્વચ્છ હતું. એ રીતે એ સ્વયં એક ઘટના સમા હતા. એમને ઘટનાપુરુષ કહેવામાં ઔચિત્યને ક્યાંય ઓળંગવા જેવું નથી.

હીરજીભાઈનો જન્મ ૨૭ ઑગસ્ટ ૧૯૦૪માં મહાનગર મુંબઈમાં થયો હતો. મુંબઈમાં ત્યારે શિક્ષણ તરફની અભિરુચિ વિશેષ પાંગરતી જતી હતી. પ્રારંભિક શિક્ષણ એમણે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કૂલમાં લીધું. નાનપણથી એમની વિદ્યારુચિએ એમને ઊંચી કક્ષા માટે પ્રેર્યા હતા. અને એ જ પ્રમાણે એમનું વિદ્યાપ્રાપ્તિનું ધ્યેય પણ ઊંચું રહ્યું. આવા ઉચ્ચ ધ્યેયના લીધે જ ઈ.સ. ૧૯૨૦માં માત્ર સોળ વર્ષની મુગ્ધવયે વધુ અભ્યાસાર્થે ઈંગ્લન્ડ ગયા. ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. સ્નાતક થયા પછી તરત જ ૧૯૨૬માં એ કાળે ભારતીયો માટે લગભગ સ્વપ્નવત્ ગણાતી આઈ. સી. એસ.ની પરીક્ષા ઊંચી ગુણવત્તા સહિત પસાર કરી. એક વર્ષ લંડનમાં જ રહીને તાલીમ લીધી. ઈ.સ. ૧૯૨૭માં સ્વદેશ પાછા આવ્યા. ત્યારથી એમની યશસ્વી કારકિર્દીનો પ્રારંભ થયો. સિંધમાં એ. ડી. ગોરવાલાની નીચે મદદનીશ કલેક્ટર તરીકે એમની નિમણૂક થઈ. અમલદાર તરીકેની કામગીરીનો આરંભ થયો. એમની સૂઝ અને શક્તિનો ક્રમશઃ વિનિયોગ થવા માંડ્યો. ઈ.સ. ૧૯૩૬માં મુંબઈ રાજ્યના નાણાખાતાના નાયબ સચિવ નિમાયા. ઈ.સ. ૧૯૩૭થી ઈ.સ. ૧૯૩૯નાં બે વર્ષ જર્મનીના હેમ્બુર્ગ શહેરમાં રહીને ભારતના યુરોપ ખાતેના ટ્રેઈડ કમિશનર તરીકે સેવા આપી. ઈ.સ. ૧૯૪૦માં ભારત આવ્યા ત્યારે વિશ્વયુદ્ધના પડઘમ વાગી ચૂક્યા હતા.

ત્યારે પુરવઠા ખાતામાં નાયબ સચિવની વિશિષ્ટ કામગારી માટે અંગ્રેજ સરકારે એમની નિયુક્તિ કરી. એ હોદ્દા પરની સફળ કામગીરીના ફળસ્વરૂપે ઈ.સ. ૧૯૪૬માં જૉઈન્ટ કૅબિનેટ સેક્રેટરીનો હોદ્દો મેળવ્યો. પૂર્ણ વહીવટી દક્ષતાએ એક વર્ષમાં કૅબિનેટ સચિવ બન્યા. આ હોદ્દો શોભાવનાર એ પ્રથમ હિન્દી હતા. આ જ સમયે દેશ સ્વતંત્ર થયો અને સાથેસાથે વિભાજન પણ થયું. વિભાજન ટાણે એમણે વિભાજન સચિવનું પદ શોભાવ્યું. કપરો કાળ હતો. બુદ્ધિશક્તિનો ન્યાયપૂર્ણ વિનિયોગ કરીને કશાય વિવાદ વગર વિભાજનની યશસ્વી કામગીરી કરી, એટલું જ નહીં પરંતુ વિભાજનના પરિણામે ઊભી થયેલી કોમી તંગદિલીને થાળે પાડવામાં પણ એમની કુનેહ જ રાષ્ટ્રને ખપ લાગી. કૅબિનેટ સચિવ ઉપરાંત અન્ય અનેક જવાબદારીઓ એમના હસ્તક હતી. ભારત-પાકિસ્તાનની અસ્ક્યામતો અને જવાબદારીઓનું એમને કુનેહપૂર્વક આયોજન કર્યું. એકેએક કાર્ય કાબેલ માણસની પણ કસોટી કરે તેવું હતું. એ કસોટીમાં એ સફળ થયા અને તત્કાલીન રાજકર્તાઓની પ્રીતિના ભાજન બન્યા. ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના સંપર્કમાં આવવાનું બન્યું. સરદારનાં સ્મરણોની મોટી પોટલી એમના સ્મૃતિકોશમાં પડેલી હતી. પાછળથી એ જ સ્મૃતિ આપણા એક અચ્છા દિગ્દર્શક કેતન મહેતા દ્વારા સરદારની ફિલ્મ બનાવવામાં એમણે ખપમાં લીધી હશે.

વિભાજન પછી એટલે કે સ્વાતંત્ર્ય બાદ લગભગ છ વર્ષ ડિફેન્સ સેક્રેટરીનું કાર્ય કર્યું. પછીનાં ચાર વર્ષ દરમિયાન નાણાખાતાના પ્રમુખ

મંત્રી તરીકે સેવા આપી. ઈ.સ. ૧૯૫૮માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા. ઈ.સ. ૧૯૨૭થી ૧૯૫૮ સુધીના ત્રણ દાયકા લગી એમને મહત્ત્વના હોદ્દાઓ ભોગવીને પોતાની કાર્યકુશળતાનો પૂરો હિસાબ રાષ્ટ્રને આપ્યો, પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વનું પ્રમાણ આપ્યું. આ ત્રણ દાયકા ભારત માટે સંક્રાન્તિકાળ સમા હતા. એમાંય ઈ.સ. ૧૯૫૮ પહેલાનો દાયકો તો સવિશેષ મહત્ત્વનો હતો. રાષ્ટ્રને સુદૃઢ બનાવવાનો કાળ હતો અને એચ. એમ. પટેલે એ કામગીરીમાં પોતાની વિલક્ષણ-વિચક્ષણ બુદ્ધિનો સાર્થ વિનિયોગ કરીને રાષ્ટ્રનિર્માણમાં કર્તવ્યનિષ્ઠ વ્યક્તિના યોગદાનનો દાખલો પૂરો પાડ્યો.

સ્વાતંત્ર્ય બાદ થોડા સમયમાં જ પાકિસ્તાન-ભારત વચ્ચે કાશ્મીરના પ્રશ્નનો વિવાદ થયો અને કાશ્મીર પર પાકિસ્તાને હુમલો કર્યો. કાશ્મીર લશ્કર મોકલવાનું અનિવાર્ય બન્યું. નેહરુ-સરદારની નજર એચ. એમ. પટેલ પર ઠરી અને એમણે એ કાર્ય પણ પૂરી સજ્જતાથી કર્યું. લૉર્ડ માઉન્ટબેટન જેવા સમર્થ વહીવટકર્તા પણ એમની વ્યવસ્થાશક્તિથી મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આવી જ વ્યવસ્થાશક્તિનાં દર્શન હૈદરાબાદના પ્રશ્નટાણે પણ થયેલાં. મુનશી એમની વ્યવસ્થાથી આનંદ પામેલા, તો સરદારે તો એમના ભારોભાર વખાણ કર્યા હતા.

ઈ.સ. ૧૯૫૬માં વીમા કંપનીઓનું રાષ્ટ્રિયકરણ કર્યું એ પગલામાં પણ એમની સૂઝનો પરિચય રાજકર્તાઓને થયો હતો. જીવન વીમા નિગમના અધ્યક્ષ તરીકે અતિ અલ્પકાળમાં જે વ્યવસ્થા ગોઠવી શકાઈ તેનો યશ એમને ફાળે જ જાય છે. છતાંય મૂડીરોકાણના પ્રશ્ને તત્કાલીન રાજકીય રમતના કારણે એચ. એમ. પટેલની છબીને ઝાંખી કરવાનો પ્રયત્ન થયો અને એમણે પોતાની છબીને ભોગે હોદ્દાને વધુ મહત્ત્વ ન આપ્યું. એમણે સરકારી અમલદારીનો ત્યાગ કર્યો. રાજીનામું ધરીને પોતાના વ્યક્તિત્વને અક્ષુણ્ણ રાખ્યું. રાષ્ટ્રે વહીવટીક્ષેત્રે મોટી ખોટ અનુભવી.

આમ, ૧૯૫૮માં એચ. એમ. પટેલ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા. ત્યારબાદ એમના જીવનનું નવું પાસું ઊઘડ્યું. ઈ. સ. ૧૯૫૮થી ઈ. સ. ૧૯૯૩ અર્થાત્ જીવનના અંત લગીના સાડા ત્રણ દાયકાનું એમનું જાહેરજીવન રાષ્ટ્ર અને ખાસ કરીને ગુજરાત માટે નમૂનારૂપ હતું. એક રાજપુરુષ તરીકેનું એમનું જીવન ભાવિ પેઢીને પ્રેરણા લેવા જેવું છે, તો તે રાજપુરુષમાં જ બેઠેલા વિદ્યાપુરુષને નમવાનું મન થાય તેમ છે. એમના વ્યક્તિત્વની શુચિતા મનને શાતા આપે તેવી હતી. નિવૃત્ત થતાં એમની દક્ષતા-સર્જકતાનો સમાજના હિત માટે વિનિયોગ કરવાનો ખ્યાલ સરદાર વલ્લભભાઈ પટેલના વારસ એવા ભાઈકાકાને આવ્યો અને તરત જ એમણે એ વિચારને અમલમાં મૂક્યો. ભાઈકાકાએ એચ. એમ. પટેલને ચારુતર વિદ્યામંડળમાં જોતરી દીધા. વલ્લભવિદ્યાનગરના શિલ્પી ભાઈકાકાએ યોગ્ય વ્યક્તિને સુકાન સોંપ્યું. એ સાથે જ વિદ્યાનગરના વિકાસની ગાથા શરૂ થઈ અને વણથંભી ગતિશીલ રહી. એમની સર્જનાત્મક શક્તિનો વેગ વધ્યો. આજે ચારુતર વિદ્યામંડળમાં જે વિદ્યાકીય વાતાવરણ અને વિદ્યાવ્યાસંગની પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં એમના રચનાત્મક અભિગમની શીળી છાયા જ કારણભૂત છે. એમની નજર તળે યુનિવર્સિટીનો



શ્રી હીરુભાઈનાં માતા અને પિતા

વિકાસ થયો અને ભારતીય વિદ્યાજગતમાં એ યુનિવર્સિટીએ નામના કાઢી. લગભગ પ્રત્યેક વિદ્યાશાખાનું નિર્માણ થયું. મહાવિદ્યાલયનું ભૌતિક વાતાવરણ તો રૂપકડું બન્યું, સાથેસાથે વિદ્યાના અનુરાગી વ્યાખ્યાતાઓ દ્વારા શિક્ષણની સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં પણ એમની દૂરગામી દૃષ્ટિનો લાભ ચારુતર વિદ્યામંડળને સાંપડ્યો. ગુજરાતમાં અનેક વિષયોમાં પહેલ કરવાનું સૌભાગ્ય સરદાર પટેલ યુનિવર્સિટીને ફાળે ગયું. વિશ્વની સતત બદલાતી તાસીર સાથે તાલ મેળવવામાં પણ એ યુનિવર્સિટી પાછળ ન રહી. તેમાં એમની દૃષ્ટિ જ યશની અધિકારી છે. ઈ.સ. ૧૯૫૮થી છેક નિધન લગી ચારુતર વિદ્યામંડળ સાથે એમનું નૈતિક આત્મિક બંધન રહ્યું. મહાવિદ્યાલયના રચનાત્મક વિકાસમાં એમણે સક્રિય રસ લઈને પોતાની સર્જનાત્મક દૃષ્ટિનો સુભગ વિનિયોગ કર્યો. રાજસત્તાનાં સૂત્રો ભલે કોઈની પણ પાસે હોય પરન્તુ એમનું કાર્ય જ બોલકું બનીને સફળ થતું.

વિભાજન ટાણે સમગ્ર રાષ્ટ્રનું સુકાન તત્કાલીન ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલ પાસે હતું. એચ. એમ. પટેલને સરદારના સંપર્ક અને સત્સંગનો મોટો લાભ મળ્યો. સરદારને કાબેલ વહીવટકર્તાની જરૂર હતી. એચ. એમ. પટેલની કાર્યશૈલીથી સરદાર પ્રભાવિત થયા હતા, તો સરદારની પ્રતિભા એચ. એમ.ને અભિભૂત કરી ગઈ હતી. આ પ્રતિભાનું સ્મરણ જીવંત રાખવા સરદારના જન્મસ્થળ કરમસદમાં હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજ સ્થાપવામાં એચ. એમ. પટેલે જે જહેમત લીધી તેમાં સરદારની રાષ્ટ્રસેવાને એક પ્રકારે અંજલિ આપવાનો જ હેતુ સમાવિષ્ટ હતો. વલ્લભવિદ્યાનગરમાં નર્સિંગ શિક્ષણની શરૂઆત કરીને એમણે પશ્ચિમ ભારતની હૉસ્પિટલો માટે એક મોટી જરૂરી સમસ્યાનો ઉકેલ આણ્યો છે. હૉસ્પિટલની બાજુમાં ધર્મશાળા ઊભી કરીને દર્દીઓના સગાં-સંબંધીઓ માટે આવાસની યોજના કરી હતી. હૉસ્પિટલમાં ફરો તો લાગે કે પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિનો સુભગ સમન્વય ત્યાં છે. સરદાર વલ્લભભાઈ પટેલની એક ફિલ્મ બને તે માટે એમને ખૂબ ઉમંગ હતો. કેતન મહેતા અને વિજય તેંડુલકરના સહકારથી એ ફિલ્મ તૈયાર થઈ ગઈ છે.

ઈ.સ. ૧૯૫૮માં એચ. એમ. પટેલ ચારુતર વિદ્યામંડળમાં જોડાયા ત્યારે અલગ ગુજરાત રાજ્યની માંગણીનું આંદોલન ગતિશીલ હતું. ૧ મે ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ

મહેતાએ એચ. એમ. પટેલને ગુજરાત વિદ્યુત બોર્ડનું અધ્યક્ષસ્થાન સંભાળવા કહ્યું. ગુજરાતના હિતાર્થે એમણે એ સ્થાન ગ્રહણ કર્યું અને ધુવારણની યોજનાને પૂર્ણ કરી. ગુજરાતનો આજનો ઔદ્યોગિક વિકાસ એ યોજનાને આભારી છે. ગુજરાત વિદ્યુત બોર્ડના અધ્યક્ષ થવા સાથે જ એમના જાહેરજીવનનું પાસું ઊઘડ્યું. પછી તો એ વધુ ને વધુ વિકસતા ગયા. એમની સર્જનાત્મતક દ્યુતિ. પાંગરતી ગઈ.

સ્વતંત્ર પક્ષનું નિર્માણ થયું ત્યારે ભારતભરના બૌદ્ધિકો એ પક્ષમાં જોડાયા. સહજ રીતે જ એચ. એમ. પટેલ એમાં જોડાય અને ભાઈકાકાના સાથી રૂપે એચ. એમ. પટેલે સ્વતંત્ર પક્ષમાં સ્થાન મેળવ્યું. સ્વતંત્રપક્ષની મુક્તતાની વિભાવના એમને રુચિ, એટલું જ નહીં એ વિભાવના એમણે આત્મસાત્ કરી. પાછળથી ઈ.સ. ૧૯૭૭માં નાણામંત્રી બન્યા ત્યારે એ જ વિભાવનાને આધારે એમણે દેશનું અર્થતંત્ર સ્થિર બનાવ્યું. ઇ.સ. ૧૯૬૭માં ગુજરાતમાં સ્વતંત્ર પક્ષ અનેક બેઠકો જીતી ગયો ત્યારે એચ. એમ. પટેલનો તો પરાજય થયો હતો. સ્વતંત્ર પક્ષ સત્તા હાંસલ કરતાં કરતાં રહી ગયો, પરંતુ ગુજરાતના જાહેરજીવનને એચ. એમ. પટેલ જેવો બળૂકો નાગરિક પ્રાપ્ત થયો.

લોકશાહીમાં નાગરિકનું કર્તવ્ય અને એવા હક્કનું શું મૂલ્ય હોઈ શકે છે તે એમણે ચરિતાર્થ કરી બતાવ્યું હતું. એ રાજપુરુષ હતા, છતાંય પહેલાં તો એ નાગરિક હતા - એક પ્રબુધ્ધ નાગરિક. સ્વતંત્રપક્ષના ગુજરાત એકમનું અને પાછળથી રાષ્ટ્રકક્ષાનું નેતૃત્વ કરવાનું એમને ફાળે આવ્યું. વિરોધપક્ષ તરીકે ત્યારે સ્વતંત્રપક્ષની બોલબાલા હતી. ઈ.સ. ૧૯૭૧માં એ ભારતીય સંસદના દ્વારે પહોંચ્યા ત્યારે ઇન્દિરા ગાંધીનું એકચક્રી શાસન હતું. સંસદમાં આર્થિક પ્રશ્નોમાં એમણે જે અર્થપૂર્ણ ચર્ચા કરી, તેમાં એમની પ્રતિભાનું નોખું રૂપ ઊભરી આવ્યું. રચનાત્મક વિરોધનું મૂલ્ય એમણે સંસદમાં વ્યક્ત કર્યું. ૨૬ જૂન ઇ.સ. ૧૯૭૫માં સમગ્ર દેશ પર રાજકીય કટોકટી લદાઈ ત્યારે વળી એચ. એમ. પટેલની લોકશાહી સાથેની નિસબત પૂર્ણપણે છતી થઈ. ઇન્દિરા ગાંધીની લોકશાહી સામેની અશિસ્ત સામે એ એક નાગરિક તરીકે લડ્યા - બંધારણીય મર્યાદાને ઓળંગ્યા વગર. આ યુગમાં આથી મોટો મર્યાદાપુરુષ ક્યાં શોધવો? સમગ્ર ભારતવર્ષનો પ્રવાસ કર્યો અને પ્રજામાં લોકશાહીની ભાવનાને જાગ્રત રાખવા મથ્યા-ઝઝૂમ્યા. ભય ક્યારેય એમને સતાવતો નહીં. હજુ લોકશાહીનો દીવો બુઝાયો નથી તેની પ્રતીતિ અનેક ગોષ્ઠિઓ દ્વારા પ્રજાને કરાવી. વિચાર-વલોણાની આ ભૂમિકામાં એમની નિર્ભય છબી વધુ ને વધુ કોળતી રહી. એમની શાંત વાણી પાછળ એક ક્રાન્તિકારીની ઠંડી તાકાતના ચમકારા આપખુદ શાસકને પણ વર્તાયા હતા. લોકમત જગાવવા એમણે અથાક પ્રયત્નો કર્યા હતા. વિરોધ દર્શાવવા માટે જે કોઈ શિષ્ટ માર્ગ હાથવગો હોય તેનો વિનિયોગ કરવામાં કસર છોડી ન્હોતી. વળી ભારતની શાણી પ્રજામાં એમને વિશ્વાસ હતો, એટલે જ કટોકટીના એ દિવસોમાં એમણે પૂરી નિષ્ઠાથી લોકશાહીના અવાજને રૂંધતો અટકાવ્યો હતો. કટોકટી પછી આવેલી ચૂંટણીમાં એચ. એમ. પટેલ સહજ રીતે જ વિજયી બન્યા હતા. કથળેલી અર્થવ્યવસ્થાને જાળવી લેવા માટે તત્કાલીન વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ એમને નાણામંત્રીની જવાબદારી સોંપી અને આપણું અર્થતંત્ર સ્થિરતા પામ્યું એ એમની નીતિના પ્રતાપે. લોકપ્રિયતા ખાતર ક્યાંય વિકલ્પ ન શોધ્યો. છતાંય અપ્રિયતા ન પામ્યા. વહી ગયેલી નૈતિકતાને પાછી આણી. એમની માન્યતા હતી કે, 'ભારતનો આમ-આદમી ભલે ગરીબ કે નિરક્ષર હશે, તેના દિલના એક ખૂણામાં નૈતિકતા જળવાઈ રહી છે.' વિશ્વ બેંકનો એમણે કુનેહપૂર્વક લાભ લીધો. વળી, રાષ્ટ્રની રાજકીય સ્થિરતા ન જોખમાય એ માટે નાણામંત્રીના સ્થાનેથી ખસીને ગૃહમંત્રી બન્યા. પોલીસ બળવાને નવો વળાંક આપીને સમસ્યાનો રચનાત્મક ઉકેલ આણ્યો. એ જ સ્થાનેથી એમની બિનસાંપ્રદાયિકતા છતી થઈ. એક રાજપુરુષ તરીકે પોતાની આ માન્યતાનો એમણે ક્યારેય દેખાડો કર્યો નથી. એનો રોકડો લાભ લેવાનું પણ વિચાર્યું નથી. જ્ઞાતિવાદ તો એમને સ્પર્શ્યો પણ નથી. ઇ.સ. ૧૯૮૦માં થયેલો પરાજય એની સાક્ષી પૂરે છે.

સરકાર તૂટી અને પછીની ચૂંટણીમાં એમનો પરાજય થતાં સંસદ સાથેનો એમનો નાતો તૂટી ગયો. પરંતુ લોકશાહી માટેની નિસ્બત છેક સુધી રહી. એમણે કહ્યું હતું કે, :

'લોકશાહી રાજ્યપદ્ધતિમાં ચૂંટણીઓ હોય અને લોકોના મત દ્વારા પ્રજાના પ્રતિનિધિ પસંદ થાય એ સ્વાભાવિક છે. પરંતુ પ્રજાના પ્રતિનિધિ બનવા માગતા ઉમેદવારે ઓછામાં ઓછું અમુક આચારસંહિતા પાળવી જોઈએ. વ્યક્તિ કેવળ નાણાંનો બેફામ વ્યય, અસત્યની આરાધના, જ્ઞાતિપ્રથાને બહેકાવ મળે તેવું વર્તન કે લઘુમતી કોમની માગણીઓ વિશે સારાસારનો વિવેક કર્યા વગર વચનોની લ્હાણી કરતી રહે તો એ બધાં દૂષણો લોકશાહી પધ્ધતિના મૂળમાં જ કુઠારાઘાત કરે છે તે તેણે વીસરી જવું ન જોઈએ.'

આ રાજપુરુષમાં સતત ધબકતા વિદ્યાપુરુષે વિદ્યાનગરને વિદ્યાનું તીર્થધામ બનાવ્યું. જાણે તક્ષશિલાનું આધુનિક લઘુરૂપ! બૌદ્ધિકોમાં આદર પામતા આ વિદ્યાપુરુષ માટે વિચાર એ જ ચાલકબળ હતું. આ ચાલકબળના આધારે એમણે અનેક સ્થાનોને શોભાવ્યાં. અનેક સંસ્થાઓને એમણે પોતાના ચાલકબળથી સમૃધ્ધ બનાવી. કોઈપણ રચનાત્મક વિચાર જાગતો રહે એ માટે એમણે 'નિરીક્ષક' જેવું વિચારપાક્ષિક નભે તેની ચિંતા આજીવન સેવી. એ આર્થિક આયોજન પણ કરેલું અને છથાંય પોતાનો વૈયક્તિક વિચાર કે પોતાની વિચારધારાનું મુખપત્ર એને ન બનવા દીધું. એટલું જ નહીં ગમે તેવી આકરી ટીકાને પણ એમણે ઉદારતાપૂર્વક સ્વીકારી લીધી હતી. એ અનાગ્રહી ન્હોતા એમ નહીં, પરંતુ હઠાગ્રહી તો ન્હોતા જ. 'નિરીક્ષક' તો વિચારપાક્ષિક હતું. પરંતુ સમાજની મનછબી સ્વસ્થ રહે તે માટે 'અખંડ-આનંદ' જેવા સાત્ત્વિક સામયિકનું જતન પણ એમણે કર્યું. 'સસ્તું સાહિત્ય' કેટલાંક કારણોસર સમેટવાનું બન્યું ત્યારે 'અખંડ આનંદ'નું પ્રકાશન પણ બંધ પડ્યું. એનો વસવસો એમના અંતરે હતો એથી પુનઃ નવું આયોજન કરીને એનું તંત્ર ગતિમય કર્યું. પારંપારિક વિભાવના સાથે

પ્રકાશભાઈ શાહ જેવા ખંતીલા સહધર્મીને એમાં જોતરીને 'અખંડ-આનંદ'ને અખંડ રાખવાનું યજ્ઞકાર્ય કર્યું.

ચારુતર વિદ્યામંડળના ઉપક્રમે પ્રસિદ્ધ (વિ) - વિદ્યાનગર-સામયિક પણ એમની જ પ્રેરણા અને હૂંફથી ગતિશીલ રહ્યું છે. સમકાલીન સાહિત્યની સાથે તાલ મેળવવાની આ પ્રક્રિયામાં માત્ર નિર્વ્યાજ સાહિત્યપ્રીતિ જ છલકાય છે. સાહિત્યની આવી નિર્વ્યાજ પ્રીતિએ જ વિદ્યાનગરમાં એમણે ગુજરાતી સાહિત્ય પરિષદને એના અધિવેશન માટે નિમંત્રી હતી.

એચ. એમ. પટેલ જેવા પ્રામાણિક રાજપુરુષ હતા તેવા જ સર્જક વિદ્યાપુરુષ હતા, તો વળી એવા જ દક્ષ સમાજચિંતક હતા. સમાજના ઉત્કર્ષની ચિંતા આજીવન એમના હૃદયે હતી. એ ઈષ્ટના પૂજક હતા. માણસમાં એમને અપાર શ્રદ્ધા હતી. હમેશાં એ સારપની શોધમાં રહેતા. લગભગ પાંચ દાયકા જેટલું એમનું પ્રવૃત્ત જીવન અર્થપૂર્ણ હતું. એમની પ્રતિભાને બહુમુખી કહેવામાં માત્ર શિષ્ટાચાર જ નથી. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ હોવા ઉપરાંત અનેક કંપનીઓમાં ડિરેક્ટર અને વિવિધ સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકેની જવાબદારી એમને શિરે હતી. એમને જાહેરજીવનની સંસ્થાઓની રખેવાળી એમની રીતે કરી.

જ્યાં હોય ત્યાં પ્રત્યેક વ્યક્તિના વિચારને સાંભળવાની તક એ જતી ન્હોતા કરતા. એમની કામ કરવાની કાર્યશૈલી એવી રહેતી કે કોઈ વિચાર વિવાદનું રૂપ ન લઈ લે તેની કાળજી રાખતા. શિસ્તના આગ્રહી હતા. છતાંય અશિસ્ત જન્મે તો એના મૂળ સુધી જવાની ખેવના રાખતા. એમનો વિચાર એ પ્રકટ થવા દેતા અને પછી વિવાદને ગણકારતા નહીં. 'અંગ્રેજી હટાવ'ના સમયે એમણે અંગ્રેજી સંસ્થાનો પ્રારંભ કર્યો એ એમના પક્વ વિચારનું પરિણામ છે. આજે હવે અંગ્રેજીના બહિષ્કારની કથા કોઈને સ્પર્શે તેવી નથી. એમની બુદ્ધિપૂત દૃષ્ટિ ચોમેર ફેલાઈ જતી. એમની વિદ્યાપ્રીતિ માત્ર સંસ્થાઓના વહીવટ પૂરતી મર્યાદિત ન્હોતી. 'અખંડ-આનંદ'નું કેટલુંક સંપાદનકાર્ય એમણે કરેલું. એ નિમિત્તે તો વાચન થતું જ; એ ઉપરાંત અનેક કૃતિઓના વાચને એમનું મન અંતિમ પરિતૃપ્તિ ન્હોતું અનુભવતું. સતત કશુંક વાંચવા તરફ એમની રુચિ રહેતી. એમણે લખેલા કેટલાક વૈચારિક નિબંધોમાં એક વિચારકનું વ્યક્તિત્વ પામી શકાય છે. તો મુનશીની નવલકથા 'તપસ્વિની'નો અંગ્રેજી અનુવાદ કરીને એમણે શિષ્ટ ગુજરાતી કૃતિ વિદેશી વાચકો સુધી પહોંચાડવાનું દૂતકાર્ય માત્ર સાહિત્યપ્રીત્યર્થે જ કર્યું હતું.

એચ. એમ. પટેલ સમાજચિંતક તો હતા. સાથેસાથે શિક્ષણસમાજના જાગ્રત પ્રહરી પણ હતા. હરભાઈ સ્મૃતિ વ્યાખ્યાન નિમિત્તે એમણે આપેલા 'માધ્યમિક શિક્ષણ-પડકાર અને પરિવર્તન' પ્રવચનમાં એમની શિક્ષણ પ્રત્યેની રુચિ જ નહીં, પરંતુ શિક્ષણ માટેની ચિંતા પણ એટલી જ છતી થાય છે. એક શિક્ષણવિદ્‌ની ચિંતા અહીં ચિંતનનું રૂપ લઈ લે છે. એમના શબ્દોમાં જ આ ચિંતનને જાણીએ :

'માધ્યમિક શિક્ષણ એ પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચશિક્ષણ વચ્ચેનો મહત્ત્વનો તબક્કો હોવા છતાં આજે તો તે સૌથી નબળી કડી સાબિત થયેલી દેખાય છે. એક તરફથી, વધુ અભ્યાસ માટે ઉચ્ચશિક્ષણ મેળવવા માટેનું તે પ્રવેશદ્વાર છે તો બીજી તરફ બેરોજગારીની તક માટેનું પગથિયું છે. માધ્યમિક શિક્ષણના આવા અતિ અગત્યના તબક્કા વિશે વાલીઓ, શિક્ષણ સાથે સીધી રીતે સંકળાયેલા શિક્ષકો, કેળવણીકારો, સંચાલકો તેમજ સરકારે સૌથી વિશેષ અર્થપૂર્ણ આયોજન અને વિચારણા કરવાં જોઈએ. કમનસીબે માધ્યમિક શિક્ષણનો તબક્કો વધુ ને વધુ પડકારરૂપ બનતો જાય છે, છતાં તેના તરફ અપાવું જોઈતું જરૂરી ધ્યાન અપાતું નથી... શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં શિક્ષક મહત્ત્વની વ્યક્તિ છે. વિદ્યાર્થીના ઘડતરમાં તેનું યોગદાન મૂલ્યવાન ગણાય છતાં શિક્ષકો પણ આ દિશામાં કશુંક રચનાત્મક રીતે વિચારતા હોય તેમ લાગતું નથી. વિદ્યાર્થીઓની નવી પેઢી દિશાદોર વિનાની બનતી જાય છે તે દયનીય સ્થિતિ ગણાય. માધ્યમિક શિક્ષણની સુધારણાનો પડકાર આપણે ઝીલવો જ રહ્યો.'

એચ. એમ. પટેલના વ્યક્તિત્વનાં અનેક પાસાંઓના પરિવેશમાં જ એમને પ્રારંભમાં જ ઘટનાપુરુષ - phenomenon - કહેવાનું સૂઝ્યું છે. ઉમાશંકરે આ અસાધારણ વ્યક્તિને આચારસંહિતાના પુરુષ કહ્યા છે. તો યશવંત શુક્લ એમના વ્યક્તિત્વની ઓળખ આમ આપે છે :

'આવેશ એમને ગ્રસી જતો નથી, ક્યાંય પોતે ચઢિયાતા છે એવી છાપ ઉપસાવતા નથી, રાગદ્વેષો અને પક્ષમમતાઓથી એ વિચલિત થતા નથી, પ્રશંસાથી એ મલકાય છે, પણ એનું વશીકરણ અનુભવતા નથી. એક શાંત પ્રતાપ એમનામાંથી નીતરે છે જે કોઈના પણ મિથ્યાવાદને પાછો નાખવા સમર્થ હોય છે.'

અભિજાત વ્યક્તિત્વ ધરાવતા આ શિક્ષિત-દીક્ષિત સંસ્કૃત રાજપુરુષ-વિદ્યાપુરુષનું આ ૩૦ નવેમ્બરે નિધન થતાં વિદ્યાનગરે વડલો ગુમાવ્યો છે અને ગુજરાતે એક પ્રબુદ્ધ નાગરિક ગુમાવ્યો છે. □

લઘુકથા — બાનો ફોટોગ્રાફ — હરીશ ભીલ

પિનડ્રોપ સાઈલન્સ હતી. બાળકો રસતરબોળ હતાં. મારી સમસ્ત સમજશક્તિ વાપરીને હું સુંદરમ્ રચિત 'બાનો ફોટોગ્રાફ' કાવ્ય સમજાવતો હતો.

નીલ મને બેધ્યાન કરી રહ્યો હતો. એણે આગલી બેંચ પર બેઠેલ છોકરાના શર્ટ પર પેનથી લીટા કર્યા. થોડીવારે બાજુમાં બેઠેલ છોકરાને ઠોંસો માર્યો. નોટબુકમાંથી ચરર્ર પાનું ફાડ્યું. ડોળા ચકળ-વકળ કર્યા. ધડામ કરતુંક પુસ્તક નીચે નાખ્યું. વર્ગની શાંતિ ભંગ થઈ.

નીલના આવા જ વર્તનને મેં બે-ત્રણ વાર માફ કરી દીધું હતું, કારણ મારે કે નીલને મા નહોતી.

મેં ધડાધડ બે ઝાપટો નીલના ગાલ પર વળગાડી દીધી. પંજાના સોળ ઊઠી આવ્યા. હું મૂડલેસ થઈ ગયો. શાળાએથી મેં એને ઘરે જ રવાના કરી દીધો.

ઘેર આવ્યો ત્યારે નીલ બાનો ફોટોગ્રાફ લઈ ઊંઘી ગયો હતો. દફતર પથારી પર એક બાજુએ ફેંકાયેલ પડ્યું હતું. ચહેરા પર કેટલાંક આંસુઓ વીખરાઈ ગયાં હતાં.

ભારે હૃદયે મેં હળવેકથી એની બાનો ફોટોગ્રાફ ઊંચકી લીધો - ને એણે મને. ને મેં હળવેથી નીલને બચી ભરી લીધી. □

અંતરિક્ષ અનુસંધાન

પ્રહ્લાદ છ. પટેલ

માનવજાત પાષાણયુગથી વિવિધ યુગતબક્કાઓ વટાવતી વટાવતી આજ એક એવા યુગના ઉંબરે આવી પહોંચી છે કે જ્યાં અંતરિક્ષ અનુસંધાન ઊંડો વિચાર માગી લે છે. એમાંય ખાસ કરીને વિકસતા રાષ્ટ્રોને અણુ ઊર્જા અને અંતરિક્ષ અનુસંધાન પાછળ કેટલાં નાણાં રોકવાનું પાલવે ? ભારત જેવા દેશમાં જ્યાં પચાસ ટકાથી વધુ લોકો ગરીબી રેખાની નીચે જીવે છે, એક વખત પેટ ભરીને ખાવા મળતું નથી, રહેવા ઘર નથી, પીવાનું શુદ્ધ પાણી નથી તેવા દેશમાં પરમાણુ બૉંબનું રાજકીય અને વ્યૂહાત્મક મહત્ત્વ હોઈ શકે છે પણ માનવીય કે રાષ્ટ્રિય મહત્ત્વ તો નથી જ. આપણા દેશમાં અણુ ઊર્જાનું વૈજ્ઞાનિક, સામાજિક અને આર્થિક મહત્ત્વ છે; જ્યારે અવકાશ સંશોધન અને તેના ઉપયોગોનું સામાજિક, શૈક્ષણિક, વૈજ્ઞાનિક, કૃષિ અને હવામાન ક્ષેત્રે ઘણું વધારે મહત્ત્વ છે. ઊર્જાનું વધુ ઉત્પાદન ગરીબી-નિવારણમાં ઉપયોગી થઈ શકે છે, જ્યારે અંતરિક્ષ અનુસંધાનના ઉપયોગો સામાજિક અને શૈક્ષણિક જાગૃતિ દ્વારા અજ્ઞાનતા દૂર કરવા ઉપયોગી થઈ શકે છે. આપણા રાષ્ટ્ર માટે ગરીબી અને અજ્ઞાનતા નિવારણ બંને પાયાના અને તાકીદના સવાલો છે. આ બંનેના તથા રાષ્ટ્રના સમગ્ર વિકાસના ઉપલક્ષમાં ડૉ. વિક્રમ સારાભાઈએ અત્યંત સૂચક અને વેધક વાત કહી હતી કે અંતરિક્ષ અનુસંધાન પાછળ ભારતને મૂડીરોકાણ પાલવે તેમ છે કે નહીં તે મહત્ત્વનો સવાલ નથી, પણ તેને તેવું મૂડીરોકાણ 'ન કરવું' પાલવશે ખરું ? આપણા દેશના કેટલાક પ્રશ્નો હલ કરવા અંતરિક્ષ અનુસંધાનના ઉપયોગો જરૂર સહાયરૂપ થાય તેમ છે, પણ તે માટે પ્રમાણિક અને સુયોગ્ય આયોજન અનિવાર્ય છે.

૧૯૬૨માં ચીને ભારત ઉપર આક્રમણ કર્યું. ત્યારબાદ લશ્કરમાં આધુનિકીકરણ અને રાષ્ટ્રના વિકાસ માટે અંતરિક્ષ અનુસંધાનની પ્રક્રિયાઓ શરૂ થઈ. ભારતના અણુ ઊર્જા વિભાગની નિશ્રા હેઠળ, ૧૯૬૨માં ભારતીય અવકાશ સંશોધન સમિતિ (INCOSPAR)ની રચના થઈ. આ સમિતિએ અવકાશી કાર્યક્રમોની જરૂરિયાત અને શરૂઆત માટે સલાહ, સૂચનો અને સહાય કરવાની હતી. અંતરિક્ષ અનુસંધાનનું આ મંગલાચરણ કહેવાય.

ભારતમાં અણુ ઊર્જાના ઉત્પાદન અને શાંતિમય ઉપયોગો માટે ડૉ. હોમી ભાભાએ અન્ય વિજ્ઞાનીઓના સહયોગથી આયોજનાત્મક નકશો તૈયાર કર્યો. આજે પણ તેમના નકશામાં રંગો પૂરવાનું ચાલુ છે. ડૉ. ભાભાના અવસાન બાદ ડૉ. વિક્રમ સારાભાઈ અણુ-ઊર્જા પંચના અધ્યક્ષ બન્યા. તેમણે અંતરિક્ષ અનુસંધાન અને તેના ઉપયોગો માટે વિસ્તૃત આયોજન કર્યું. થુમ્બા વિષુવવૃત્તીય રોકેટ પ્રમોચન મથક (Thumba Equitorial Rocket Launching Station - TERLS)ની સ્થાપના કરવામાં આવી. અંતરિક્ષ અનુસંધાન અને તેના ઉપયોગોનું મહત્ત્વ સમજતાં ભારત સરકારે ૧૯૭૨માં અંતરિક્ષ-પંચ (Space Commission) અને અવકાશ સંશોધન વિભાગ (Department of Space - DOS)ની સ્થાપના કરી. એકીકૃત (unified) વિકાસ અને રાષ્ટ્રના નિર્ધારિત હેતુઓ માટે અવકાશ-વિજ્ઞાન અને ટેકનોલૉજિનો ઉપયોગ કરવાનો આ પંચનો ઉદ્દેશ હતો.

રાષ્ટ્રના વિકાસ સાથેસાથે સ્પેસ ટેકનલૉજિના ઉપયોગ પરત્વે સ્વનિર્ભર બનવા માટે અવકાશ સંશોધનના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. તેનાં મુખ્ય ક્ષેત્રો આ પ્રમાણે હતાં : (૧) ઉપગ્રહ દ્વારા સંદેશા-વ્યવહારની ગોઠવણ કરવી, (૨) સુદૂર સંવેદી ઉપગ્રહ વડે સંસાધનો (Resources)નું સર્વેક્ષણ કરી તેનો પ્રબંધ કરવો તથા પર્યાવરણીય અનુશ્રવણ (monitoring) અને હવામાન ખાતાને લગતી સેવાઓ આપવી. (૩) સ્વદેશી ઉપગ્રહો વિકસાવવા અને કાર્ય કરતા કરવા તથા તે માટે જરૂરી પ્રમોચન વાહનો (Launching Vehicles) તૈયાર કરવાં.

આ હેતુઓ સિદ્ધ કરવા માટે ઈસરો (Indian Space Research Organisation)ની રચના ૧૯૬૯માં કરવામાં આવી. સમગ્ર રાષ્ટ્રમાં અંતરિક્ષ ઉપયોગો, અંતરિક્ષ ટેકનોલૉજિ અને અંતરિક્ષ વિજ્ઞાનની પ્રવૃત્તિઓ ઈશરો મારફતે કરવામાં આવે છે. ભારત સરકારના અંતરિક્ષ વિભાગના વડપણ નીચે ઈસરો કાર્ય કરે છે. યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓને સંશોધન તથા વિકાસનાં ક્ષેત્રે ઈસરો સહયોગ આપે છે. DOS અને ISROનાં વડાં મથકો બેંગલોર ખાતે છે. અણુ ઊર્જા પંચ અને અંતરિક્ષ અનુસંધાન પંચ ભારતના વડાપ્રધાનની સીધી દેખરેખ નીચે કાર્ય કરે છે.

અવકાશ સંશોધન પંચની વિવિધ શાખાઓ છે. (૧) ઈસરો - જેમાં અંતરિક્ષ ટેકનોલૉજિ માટે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર, સેટેલાઈટ સેન્ટર અને બીજી ત્રણ સંસ્થાઓ કાર્ય કરે છે. વળી, તેમાં અંતરિક્ષ અનુસંધાનના ઉપયોગો માટે અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર (SAC) તથા વિકાસ અને શૈક્ષણિક સંદેશાવ્યવહાર એકમ (DECU)નો પણ સમાવેશ થાય છે. (૨) ઈન્ડિયન નેશનલ સેટેલાઈટ સ્પેસ સેગમેંટ પ્રોજેક્ટ (INSAT-I-SSP) (૩) નેશનલ નેચરલ રિસોર્સીસ મેનેજમેન્ટ સિસ્ટમ (NNRMS) (૪) નેશનલ રિમોટ સેન્સિંગ એજન્સી (NRSA) (૫) વિજ્ઞાનના વધુ અભ્યાસ માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL)

ઈસરોની કેટલીક શાખાઓ ટેકનોલૉજિ વિકસાવવા માટે છે, જ્યારે બીજી શાખાઓ તેના ઉપયોગ માટે છે.

૧૯૬૫માં થુમ્બા ખાતે અવકાશ વિજ્ઞાન અને ટેકનોલૉજિ કેન્દ્ર (Space Science & Technology Center - SSTC)ની

(અનુસંધાન પૃ. ૧૨ ઉપર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

વિજયમાં માનવતા

તા. ૧૭-૧૨-૭૨. ગઈ કાલે બંગલાદેશે વિજય દિન ઉજવ્યો. આજે ભારત-પાક યુદ્ધનો અંત આવ્યે એક વર્ષ પૂરું થયું. દરમિયાનમાં સિમલા કરાર થયા અને તે અનુસાર કાશ્મીરમાં યુદ્ધવિરામ હરોળ નક્કી કરવામાં પાકિસ્તાને ટાંટીઆ ઘસીને વખત કાઢી નાખ્યો. હવે ઠેકાણે આવીને કાશ્મીરની યુદ્ધવિરામ હરોળ કબૂલ કરી છે. પાકિસ્તાનનો ૫૦૦ ચોરસ માઈલ વિસ્તાર જે યુદ્ધમાં ભારતે કબજે કર્યો હતો તે હવે આપણે ખાલી કરીને પાકિસ્તાનને પાછો સોંપી રહ્યા છીએ. રાજસ્થાન-સિંધ સરહદ પર બાર્મેર વિસ્તારમાં આપણે કબજે કરેલ પ્રદેશમાં એક વર્ષ રહ્યા. ત્યાં સુવ્યવસ્થિત શાસન ગોઠવ્યું. ભારતીય સૈન્યની હાસ્યરસની વૃત્તિ તો એ પ્રદેશમાં દાખલ થાઓ ત્યાં જ દેખાઈ આવે. આપણા કબજાવાળા સિંધના પ્રદેશમાં દાખલ થાઓ એટલે એક મોટું પાટિયું નજરે પડે. પાટિયા ઉપર લખ્યું છે : Welcome to Sun, Sand, Storms, Snakes and Scorpions. અને આ બધા શબ્દો એક બીજાની નીચે લખેલા હોય અને દરેક શબ્દનો પહેલો અક્ષર S મોટો લખીને તેને સર્પની ફેણ તથા પૂંછડી બનાવી હોય અને પાકિસ્તાની પ્રદેશમાંથી તમે ભારતીય પ્રદેશમાં પાછા ફરતા હો ત્યારે સૈનિકને ઘેર પાછા ફરવાનો જે આનંદ થાય તે વ્યક્ત કરતું ઉપરના જ પાટિયાની પાછળના ભાગમાં લખ્યું હોય : Welcome to Water, Wash, Wines and Wires !!

સિંધના આ રણપ્રદેશમાં પાણીની ઘણી તંગી છે. પહેલાંના જમાનામાં જોધપુરથી કરાંચીની રેલવે લાઈન હતી. ૧૯૬૫થી રેલ ચાલતી બંધ થઈ હતી. આપણે આ પાટાનો ઉપયોગ કર્યો. અને રોજની બે ટ્રેન ભરીને પાણી તે પ્રદેશમાં પહોંચાડતા હતા. આજે છેલ્લી વોટર-ટ્રેન મોકલવામાં આવી. પાણી સંઘરવા માટે આપણે ચણેલી મોટી ટાંકી તેમ ને તેમ રહેવા દીધી છે. અને પ્રદેશ ખાલી કરતી વખતે એ ટાંકી આખી ભરેલી રાખી છે. ટાંકી ઉપર ઉર્દૂમાં લખ્યું છે. ગોપાલ બલૂચી સાથી કી યહ હૈ સદા, જી ભર કે પિયો મેરે હમપેશા ઔર હમનવા. આપણા દક્ષિણ કમાંડના ચાર્જમાં આ કબજે કરેલો પ્રદેશ હતો અને તેના સેનાપતિ જી.સી. બેવૂરનું નામ ગોપાલ છે તે મૂળ બલૂચ રેજિમેન્ટમાં સૈનિક તરીકે જોડાયેલા. તેથી લખ્યું હતું કે ગોપાલ બલૂચી તેના સાથીઓને સાદ પાડે છે. પેટ ભરીને પાણી પીઓ, મારા સાથી સૈનિકો અને પડોશીઓને પેટ ભરીને પાણી પીવા આમંત્રણ છે.

આમ જે ભૂમિ જીતવા માટે પોતાના કેટલાયે મિત્ર-સંગાથી કાયમ માટે પોઢી ગયા તે ભૂમિ કોઈ પણ જાતની કડવાશ વગર ખેલદિલીપૂર્વક હસતાં હસતાં આ સૈનિકો છોડી દઈ રહ્યા છે. ભારતીય સૈન્ય યુદ્ધમાં જ બહાદુરી બતાવી શકે છે એટલું જ નહીં, પણ વિજયમાં પણ ઉન્મત્ત બન્યા સિવાય શુદ્ધ માનવીય વ્યવહાર આચરી શકે છે તે તો આ યુદ્ધમાં ખૂબ સ્પષ્ટ થઈ ગયું છે.

ગોદુતાઈ, તુલસી અને કૉપર્નિકસ

તા. ૧૦-૪-૭૩. આ વર્ષનાં શ્રેષ્ઠ મરાઠી પુસ્તક માટે સાહિત્ય અકાદમીનો પુરસ્કાર શ્રીમતી ગોદાવરી પરૂળેકરના પુસ્તક 'જેવ્હાં માણુસ જાગા હોતો' (જ્યારે મનુષ્ય જાગ્રત થાય છે)ને મળ્યો તે સમાચાર વાંચ્યા ત્યારે ૧૯૪૩ થી ૧૯૪૭ના ગાળામાં અમે સૂરત હતા ત્યારનો એક પ્રસંગ યાદ આવ્યો. સૂરતથી મુંબઈ જવાની સરળ ગાડી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (તે જમાનામાં કાઠીઆવાડ એક્સપ્રેસ કહેવાતી કારણ કે કાઠીઆવાડનાં રજવાડાંઓ ભેગા કરી સૌરાષ્ટ્રનું એકમ ઘડવાનું કામ તો દશ વર્ષ પછી થયું !) એક વાર અમે મુંબઈ જતાં હતાં ત્યાં સંજાણ, ઉંબરગામ વગેરે સ્ટેશનોએ નીચે લંગોટી અને ઉપર અંડરવેર પહેરેલા આદિવાસીઓનાં ટોળેટોળાં સ્ટેશન ઉપર દેખાતાં હતાં. અમારી સાથે મુસાફરી કરતા એક પારસી સજ્જને કહ્યું કે 'આ ડુબલાઓમાં હવે લાલ ઝંડો આયો છે.' તે વખતે ગોદાવરી પરૂળેકર અને તેમના પતિ શામરાવ પરૂળેકરે થાણા જિલ્લાના વારલીઓ વચ્ચે કાર્ય આરંભ્યું હતું. જમીનદારોને ત્યાં જિન્દગીભર વેઠ અને ગુલામી કરતા આ વારલીઓમાં પરૂળેકર દંપતીએ સ્વમાનની ભાવના જાગ્રત કરી. જમીનદારો સામે કેટલીયે લડતો આપી અને આદિવાસીઓને તેમના મનુષ્ય તરીકેના હક્કો અપાવ્યા. ગોદાવરી પરૂળેકરને વારલીઓ પહેલાં તે ગોદુભાઈ કહેતા પણ પછી તો તે ગોદારાણી કહેવાવાં લાગ્યાં. આજે થાણા જિલ્લાનાં વારલીઓમાં તે વારલીઓનાં ગોદારાણી તરીકે ઓળખાય છે.

રાજકીય રીતે ગોદાવરી અને શામરાવ પરૂળેકર સામ્યવાદી પક્ષનાં સભ્યો છે, એટલે આઝાદી પછી તેમને વધારે વખત જેલમાં રહેવું પડ્યું હતું. ૧૯૪૭માં મુંબઈની કૉંગ્રેસ સરકારે પહેલું કામ તેમને થાણા જિલ્લામાંથી હદપાર કરવાનું કર્યું. પણ વારલીઓનાં હૃદયમાં જેનું સ્થાન હોય તેને સરકાર કેવી રીતે શોધી શકે? ૧૯૫૧ સુધી ગોદુતાઈ વારલીઓ વચ્ચે જ થાણા જિલ્લામાં રહ્યાં અને ત્યાં સુધી સરકાર તેમને પકડી જ ન શકી ! ૧૯૫૧માં તેમને જેલવાસ થયો. આ જેલવાસ દરમિયાન તેમણે 'જેવ્હાં માણુસ જાગા હો તો' લખ્યું. આ તેમનું પહેલું જ પુસ્તક. ધન્ધે સાહિત્યકાર નહીં પણ જાતઅનુભવમાંથી લખાયેલું એ પુસ્તક ઉત્તમ સાહિત્યકૃતિ ગણાયું છે. આજે તો હવે ગોદાવરી ૬૫ વર્ષનાં થયાં છે અને મહારાષ્ટ્રના દુષ્કાળરાહતના કાર્યમાં રત છે.

આ વર્ષે ભારતભરમાં તુલસીકૃત રામાયણ (રામચરિતમાનસ)ની ચોથી શતાબ્દી ઉજવાય છે. સંવત ૧૬૩૧ની રામનવમીને દિવસે તુલસીદાસે તુલસી-રામાયણ પૂરું કર્યું. આવતીકાલે સંવત ૨૦૩૧ની રામનવમી છે. ત્યારે આ પ્રસંગને ૪૦૦ વર્ષ પૂરાં થશે. રામાયણ તો વાલ્મીકિએ લખ્યું, તો પછી તુલસીદાસે તેમાં શું નવું કર્યું ? આનો જવાબ એ છે કે હું અને

તમે રામાયણ વિષે જે જાણીએ છીએ જે સાંભળીએ છીએ તે બધું જ તુલસીકૃતિને આભારી છે. વાલ્મીકિ રામાયણના મુખ્ય પ્રસંગો લઈને ઈતિહાસ તરીકે નહીં, પણ વિશિષ્ટ સાહિત્યકૃતિ તરીકે પોતાની કલ્પનાના સહારાથી રસમય સાહિત્યકૃતિ તરીકે તુલસીદાસે રામચરિતમાનસની રચના કરી છે, અને આટલા મોટા માનવસમુદાય સુધી પહોંચી જાય તેવી શક્તિ ધરાવતી તુલસી-રામાયણ જેવી સાહિત્યકૃતિ જગતસાહિત્યમાં ગણીગાંઠી જ છે. આજે ભારતનાં બાળકોને ભારતીય સાહિત્યમાંથી ભાગવત, મહાભારતની કથાઓ એટલી બધી જાણીતી નથી જેટલી રામાયણની કથા છે, અને તેનું મુખ્ય કારણ તુલસી-રામાયણ છે.

આજથી ૪૦૦ વર્ષ પૂર્વે ભારતની પરંપરામાં તુલસીદાસ રામાયણનું સર્જન કરી રહ્યા હતા ત્યારે યુરોપમાં કોપર્નિક્સનો જન્મ થયો હતો. અને દુનિયા આ વર્ષે કૉપર્નિક્સની ચોથી જન્મશતાબ્દી ઊજવે છે. કૉપર્નિક્સે જૂની ટૉલેમિની ખગોળવ્યવસ્થામાં પાયાનો ફેરફાર સૂચવ્યો, અને સૂર્ય તારા ગ્રહો વગેરે પૃથ્વીની આસપાસ ફરે છે એવો ટૉલેમિનો જે સિદ્ધાંત હતો તે બદલીને તેણે સૂચવ્યું કે વિશ્વના કેન્દ્રમાં પૃથ્વી નહીં પણ સૂર્ય છે અને ગ્રહો જેમ સૂર્ય આસપાસ ફરે છે તેમ પૃથ્વી પણ સૂર્ય આસપાસ ફરે છે. એટલે કૉપર્નિક્સે પૃથ્વીને પણ ગ્રહ તરીકે જોઈ. આજે આ બધું આપણને કેટલું બધું સાદું અને તરત સમજાય તેવું લાગે છે ! પણ તે જમાનામાં તો કૉપર્નિક્સના આ સિદ્ધાંતો તેના પુસ્તકમાં છપાયા તો ખરા, પણ પુસ્તક પ્રસિદ્ધ તો તેના મૃત્યુ પછી જ થયું.

માનવીના જીવનનાં બે અગત્યનાં પાસાં બુદ્ધિ અને મન છે. અને તે પાસાં મારફતે વિકાસ સાધવાના વિશિષ્ટ વૈજ્ઞાનિક અને સંસ્કારજન્ય આધ્યાત્મિક એ બે રસ્તા છે. આ બંને ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાનને આ વર્ષે ૪૦૦ વર્ષ પૂરાં થાય છે !

અછતમાંથી હાસ્ય

તા. ૨૬-૮-૭૩. જીવનજરૂરી ચીજવસ્તુઓની અછત અત્યારે આખા દેશમાં એટલી બધી ઊભી થઈ છે કે કવિઓને અને કટાક્ષકારોને તેમાંથી પણ હાસ્ય ઉત્પન્ન કરવાનું સૂઝે છે. હા, આ ચોમાસામાં વરસાદ સારો થયો છે એટલે જ તો અછતના દુઃખ ઉપર જરી વાર હસી લેવાનું લોકોને મન થાય છે.

ઘાસચારાની તંગીને લીધે દૂધ ઘણું મોંઘું થયું છે અને મોટાં શહેરોમાં તો દૂધનું રેશનિંગ થયું છે. એટલે એક વ્યંગકારે હિન્દીમાં લખ્યું છે કે ભારત સરકારના વિજ્ઞાનીઓએ સંશોધનથી સાબિત કર્યું છે કે દૂધ પીવા કરતાં રોજ રાત્રે સૂતી વખતે ટીપા દૂધનું આંખમાં અંજન કરવાથી શરીરને વધુ ફાયદો થાય છે ! માટે જ તો અત્યારે શહેરોમાં આંખમાં આંજવા જેટલું જ દૂધ અપાય છે !!

કોયલાની તંગીના અનુસંધાનમાં એક કોયલાને નીચે પ્રમાણે બોલતો કવિ સાંભળે છે : આ તમારા ઉજ્જ્વળ રામરાજ્યમાં હું મારું કાળું મુખ લઈને શી રીતે આવું ? હું આવું તો તમારા રામરાજ્યની ઉજ્જ્વળતામાં કાળો ડાઘ પડે !

ગયે વરસે તેલીબિયાંનો પાક ઘણો ઓછો ઊતર્યો તેથી આ વર્ષે તેલ ઘણું મોંઘું થયું. વચ્ચે તો એક કિલોના સાડા નવ રૂપિયા ભાવ થયો હતો. વળી, દૂધની તંગીને કારણે ઘી મળતું ઓછું થઈ ગયું છે. આ બધાંની અસર વનસ્પતિ ઘી ઉપર પણ થઈ છે, અને ખુલ્લા બજારમાંથી વનસ્પતિ ઘી પણ અદૃશ્ય થઈ ગયું ! તેના અનુસંધાનમાં કલ્પના કરી છે કે -

આહા, આ ટોળું શું ભેગું થયું છે ? બધાં આકાશ તરફ શું જોઈ રહ્યાં છે ? ઓ... હો... આ તો આકાશમાંથી એક ડાલ્ડા વનસ્પતિનો ડબ્બો ઊતરી રહ્યો છે અને બધાં એ જોયાં કરે છે કે કયા ભાગ્યશાળીને ઘેર આ ડબ્બાનું અવતરણ થશે !

એટલું કહેવું જોઈએ કે આ કટાક્ષોમાં જે પરિસ્થિતિ વર્ણવી છે તે દિલ્હી, મુંબઈ જેવાં મોટાં શહેરોને બરાબર લાગુ પડે છે. ઉત્તર પ્રદેશ, બિહાર જેવાં રાજ્યોના અન્ય વિસ્તારોને પણ લાગુ પડે છે. સારે નસીબે ગુજરાતમાં એવી પરિસ્થિતિ નથી. ફક્ત દૂધપાક કે આઈસ્ક્રીમ કરવા માટે રોજિંદા વપરાશ કરતાં વધુ દૂધ મળતું નથી. રાજ્યભરમાં સરકારી દુકાને નિયમિત ડાલ્ડા કે વનસ્પતિ ઘી મળ્યા કરે છે. આકાશમાંથી ડાલ્ડાના ડબ્બાના અવતરણની રાહ જોવી પડતી નથી ! ☐

અનુસંધાન] અંતરિક્ષ અનુસંધાન [પૃ. ૧૦ પરથી

સ્થાપના કરવામાં આવી. આ કેન્દ્રનું કાર્ય સંશોધન અને વિકાસ પ્રયોગશાળા તૈયાર કરીને અવકાશ-ટૅકનોલૉજિના ક્ષેત્રે આત્મનિર્ભર બનવાનું રહ્યું છે.

૧૯૬૭માં અમદાવાદ ખાતે ઉપગ્રહ દૂરસંદેશાવ્યવહાર માટે ભૂમથકની સ્થાપના થઈ. તેનો હેતુ આ ટેકનોલૉજિના ક્ષેત્રે સંશોધન અને પ્રશિક્ષણ સુવિધાઓ આપવાનો રહ્યો છે. અહીં પ્રશિક્ષણ પામેલા ઇજનેરોએ પૂણે નજીક અર્વી ખાતે પ્રથમ વ્યાપારી ઉપગ્રહ દૂરસંદેશાવ્યવહાર ભૂમથક તૈયાર કર્યું.

૧૯૭૨-૭૬ના ગાળા દરમ્યાન પૃથ્વીનાં સંસાધનોનો સુદૂર સંવેદી પદ્ધતિથી સર્વેક્ષણ કરવામાં આવ્યો.

૧૯૭૫માં પ્રથમ ભારતીય ઉપગ્રહ આર્ય ભટ્ટ ૧૯૭૬માં ઉપગ્રહ સૂચનાત્મક દૂરદર્શન પ્રયોગ (SITE), ૧૯૭૭માં ઉપગ્રહ દૂરસંદેશાવ્યવહાર પ્રયોગ-યોજના (STEP), ૧૯૭૯માં બીજો ભારતીય ઉપગ્રહ ભાસ્કર-૧ના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.

૧૯૮૦માં પ્રથમ ભારતીય ઉપગ્રહ પ્રમોચન વાહન 'રોહિણી'એ દીર્ઘવૃત્તીય કક્ષામાં ઉપગ્રહને તરતો કર્યો. ત્યારબાદ સ્રોસ, આઈએર એસ અને ઇન્સેટ ઉપગ્રહોના કાર્યક્રમો કરવામાં આવ્યા. આ ઉપગ્રહમાળાને હવે ક્રમશઃ જોઈશું. ☐

ઈતિહાસધારા

— અશોક હર્ષ —

હૂમાયૂંના અવસાન બાદ અકબર ઈ. ૧૫૫૬માં તેના ઉત્તરાધિકારી તરીકે ગાદીએ બેઠો, અને છિન્નભિન્ન એવા રાજ્યને બહેરામખાંની સહાયે ૩૫ વરસની ઉંમર પસાર કરતાં સુધીમાં તો તેણે સ્થાયી અને સુરક્ષિત બનાવી દીધું. પરંતુ પૂરા વૈભવ વચ્ચે જીવવા છતાં કોણ જાણે કેમ તે આંતરિક શાંતિના અભાવે સદાયે ક્ષુબ્ધ રહેવા માંડેલો અને આ આંતરિક અશાંતિએ છેવટે તેનું મન ધર્મ અને ફિલસૂફી તરફ વાળ્યું.

અકબરના કાને આગરાના જૈનો દ્વારા ગુજરાતના જૈન મુનિ હીરવિજયની અનેક વાતો કાને આવતા તેણે જૈન આગેવાનો મારફત અને ગુજરાતના મુગલ સૂબેદાર શાહબુદ્દીન અહમદખાં મારફત ઈ. ૧૫૮૨માં મુનિ હીરવિજયજીને શાહી તેડું મોકલ્યું. ઈ. ૧૫૨૬માં પાલણપુર મુકામે જન્મેલા અને ઈ. ૧૫૫૪માં આચાર્ય વિજયધનસૂરિજી પાસેથી સિરોહી મુકામે દીક્ષા પામેલા હીરવિજયજી ઈ. ૧૫૬૬માં વિજયધનસુરિજીના અવસાન બાદ એમના સ્થાને આચાર્યપદે આવેલા. સૂબાએ તેમને શાહી નિમંત્રણથી વાકેફ કરીને ફતેહપુર- સીકરી સુધીની તેમની પદયાત્રાનો તમામ પ્રબંધ કરી આપ્યો.

મુનિજી રસ્તે આવતાં ગામોમાં સત્ય-અહિંસા-અપરિગ્રહનો ઉપદેશ આપતા ઈ. ૧૫૮૩ના જૂનની ૭મીએ પોતાની સાથે લીધેલા કેટલાક જૈન સાધુઓ સાથે ફતેહપુર-સીકરી પહોંચ્યા. તેમના આગમનની જાણ થતાં જ અકબરે પોતાના અનન્ય મિત્ર અબુલફઝલને તેમના સ્વાગત માટે મોકલી આપ્યા. બંને વચ્ચેના વાર્તાલાપ અને વિચારવિનિમય પરથી અબુલ ફઝલને લાગ્યું કે જીવનની મૂળ સમસ્યા પ્રત્યેના સૂફી દૃષ્ટિકોણ અને જૈન દૃષ્ટિકોણ વચ્ચે આશ્ચર્યજનક સામ્ય રહેલું હતું.

અબુલફજલની આ મુલાકાત બાદ હીરવિજયજીને અકબરે પોતાના દરબારમાં બોલાવી તેમનું અભિવાદન કર્યું, અને ત્યારથી સતત બે વર્ષ સુધી તે હીરવિજયજીનો ઉપદેશ નિરંતર શ્રવણ કરતો રહ્યો. તેમની જ્ઞાનસાધનાથી પ્રભાવિત થઈ સમ્રાટ અકબરે તેમને 'જગદ્‌ગુરુ'ની ઉપાધિ આપેલી. એમના પ્રભાવે ધીમેધીમે તે માંસાહારથી વિમુખ થતો ગયો અને એવું શાહી ફરમાન પણ બહાર પાડ્યું કે જૈનોના પર્વના દિવસે કોઈ પશુનો વધ ન કરવો કે માંસાહાર ન કરવો.

હીરવિજયસૂરિજીએ અકબરનો અન્ય જૈન આચાર્યો સાથે પણ પરિચય કરાવી આપેલો, જેમાંના મુનિ ભાનુચન્દ્રને તે ઈ. ૧૫૮૯માં લાહોર પોતાની સાથે લઈ ગયેલો. ભાનુચન્દ્ર પાસેથી ઉપદેશ મેળવવા ઉપરાંત અનેક અનુષ્ઠાનોની પણ જાણકારી તેમણે મેળવી અને જૈન ધર્મના પ્રભાવ નીચે છેલ્લે તો તેણે વરસમાં છ મહિના પશુવધ અને માંસાહાર પર પ્રતિબંધ મૂકી દીધો.

ઈ. ૧૫૯૫માં હીરવિજયજીના અવસાનના સમાચાર સાંભળી અકબરના શોકનો પાર ન રહ્યો. શંત્રુજયના આદીશ્વર મંદિર માટે તેણે જમીન અને નાણાંની સારા પ્રમાણમાં સહાય કરી. મંદિરની દીવાલો પર ઉત્કીર્ણ લેખોમાંના એક સંસ્કૃત લેખમાં હીરવિજયજીની જ્ઞાનસાધના અને અકબરની ઉદારતાની પ્રશંસા કોરાયેલી છે.

મુગલ સમ્રાટ અકબરના શાસનકાળમાં કાજીપદે રહેલા શેખ મુબારકનું તેમની ઉદાર ધાર્મિક વિચારણાને કારણે ભારે માન હતું. અકબરની ઉદાર ધાર્મિક નીતિ આ શેખ મુબારક તથા તેમના બીજા પુત્ર અબુલફઝલને આભારી હતી. અબુલફઝલ વિદ્વાન, ઈમાનદાર અને સેવાભાવી હોઈને અકબરનો અત્યંત વિશ્વાસપાત્ર બની ગયેલો અને તેને ચારહજારી સરદાર બનાવી દઈ અકબર હરકોઈ મહત્ત્વની બાબતમાં તેની જ સલાહ લેતો. અબુલફઝલે પણ 'અકબરનામા' તથા 'આઈને અકબરી' લખીને પોતાની સ્વામીભક્તિનું ઉમદા દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

અકબરને પોતાના પુત્ર સલીમ પ્રત્યે ભારે લાગણી હતી, કેમ કે પહેલા બે પુત્રો જન્મથી જ મરી જતાં આ ત્રીજા પુત્ર માટે તે શેખ સલીમ ચિશ્તીની દૂઆ માગવા ગયો હતો. સલીમ (પાછળથી જહાંગીર) સિકંદરની જેમ પોતાના પિતાના લાંબા રાજ્યકાળથી અધીરો બની ઊઠ્યો હતો. વળી, રાજા માનસિંહના ખુસરો પ્રત્યેના પક્ષપાતે પણ તેમની પરેશાની વધારી દીધી હતી. આથી ઈ. ૧૬૦૧માં અલ્લાહાબાદ પહોંચીને અકબર સામે વિદ્રોહ કરી પોતાને શહેનશાહ જાહેર કરી દીધો, અને પોતાના નામના સિક્કા પડાવી કેટલાક ખુદ અકબર પર મોકલી આપ્યા.

અકબરે આ વિદ્રોહનું વિવરણ અબુલફઝલ પર લખી તેને સલાહ માટે બોલાવ્યો. સલીમને આની જાણ થતાં તેણે પોતાના દોસ્ત ઓચ્છાનરેશ વીરસિંહ બુંદેલાની સહાય માગી અને અબુલફઝલ આગરા પહોંચવા ઓચ્છા પાસે થઈને જાય તેવી જ તેમની કત્લ કરી નાખવા જણાવ્યું. એ મજુબ વીરસિંહ બુંદેલાએ અબુલફઝલ ત્યાં થઈને નીકળતાં જ તેની કત્લ કરાવી નાખી તેનું માથું સલીમને મોકલી આપ્યું. પાછળથી ગાદીએ આવતાં સલીમે તેને ત્રણહજારી મનસબદાર બનાવેલો.

અકબરને અબુલફઝલની હત્યાના સમાચાર મળતાં તેણે પોતાના પરમ વિશ્વાસુ મિત્રની કતલ બદલ ત્રણ દિવસનો શોક મનાવ્યો. દુઃખાર્ત્ત બની તેણે કહેલું, 'સલીમને અગર બાદશાહ બનવાની ઈચ્છા હતી તો બહેતર તો એ હતું કે તે મારી હત્યા કરાવી નાખે.' અકબરે જેની સાથે વિવાહ કરી લીધેલા એ બહેરામખાંની વિધવા સલીમાએ પાછળથી બાપદીકરા વચ્ચે સુલેહ કરાવી આપી. વૃદ્ધાવસ્થાએ પહોંચેલો અકબર પણ પોતાના પ્રિય પુત્ર સાથેનો સંબંધ વધુ બગાડવા માગતો નહોતો.

(અનુસંધાન પાન ૧૫ ઉપર)

આડશ

ગોરધન ભેસાણિયા

કરશનભાઈની અનુભવી નજર જુએ છે કે તેનો સાથી કંઈક મૂંઝાય છે. તેના મોં ઉપર નૂર નથી. ઘડીક વિચાર કરીને આખરે કરશનભાઈ પૂછે છે : "કેમ... ભગા ! આમ સાવ સૂનમૂન કેમ રે'છો ? કાંઈ ઉપાધિમાં છો... કે પછી મારી ભેગું ફાવતું નથી ?"

'કાંઈ છે નહીં ! ઈ.. તો તમને એવું લાગે. બાકી તમારી ભેગું કોને નો ફાવે ? તમે ક્યાં કોઈ દિ' મને પરાયો માન્યો છે ?' ભગાએ મોં મલકાવ્યું, પણ એ હાસ્યની પાછળ છુપાયેલી વેદના કરશનભાઈથી અછતી ન રહી. માણસનો ચહેરો જોઈને કળી જનારા કરશનભાઈએ આજ તો તાગ લેવાનો જાણે પાકો મનસૂબો કર્યો હતો : 'તું ભલે કે'છો કે કાંઈ વાંધો નથી. પણ હું જોઉં છું કે તું કાંક સોખમણમાં તો છો.. જ ! તારે કાંઈ વાતે મૂંઝાવું નહીં. જે હોય ઈ બેધડક બોલી નાખવું. મારો સાથી મારી ભેગું કામ કરતો હોય ત્યાં સુધી ઈ મારો દીકરો જ છે એમ હું માનું છું. છતાં ઘરમાંથી કોઈ કાંઈ કે'તું હોય તો ય વાત કર્ય. તારે એમ નો માનવું કે મેં તને રૂપિયા દીધા છે એટલે દબાણમાં રે'વું... ! મારો માણસ આમ મૂંઝાઈને રહે ઇ મને જરાય નો ગમે.'

માણસ પાસેથી કેમ કામ લેવું તે કરશનભાઈ જાણતા'તા. ને એટલે જ બીજા ખેડૂતો પડછાયાની જેમ સાથી પાછળ રહે તો ય કરશનભાઈ જેટલું કામ ન કરાવી શકતા. ને આમ પણ કરશનભાઈ માણસને માણસની રીતે રાખવામાં માનતા; ગુલામની રીતે નહીં.

કરશનભાઈની આવી હૈયાધારણ અને જો બોલીશ નહીં તો વળી તેને એમ લાગશે કે ભગાને ફાવતું નથી. આમ, ભગો બોલલ્યો : 'આ બે-ત્રણ વરહની સાથીપા જ કરું છું. તમારી જેવો ઘરધણી મળવો દોયલો છે...! નકર સાથીને તો માણાહ કામ કરાવવા જ રાખે; લાડ લડાવવા નહીં. પણ આંય તો તમે લાડ લડાવતા હો એવું જ લાગે છે.'

'તો પછી.. આમ સાવ સોગિયો થઈને શું ફર્ય છો...?' કરશનભાઈએ જાણે અંત લીધો. ને કંઈક ગાંઠ છોડવાની જાણે ભગાએ તૈયારી કરી : 'આમાં તમને શું કેવું કરશનભાઈ... ! ફૂલાના ડામ કોને દેખાડવા ? તમે તો વડીલ છો.. સમજી જાવને એટલામાં...!' ભગાની આંખો તબકવા માંડી.

'ભલા માણાહ, કાંક ચોખ્ખી વાત કર્ય તો ખબર પડે. મારાથી થાય એવું હશે તો હું તારું દુઃખ હળવું કરે. નકર કાંઈ નંઈ તો ય તારું હૈયું તો હળવું થાહે... ને...?'

કરશનભાઈના આત્મીયતાભર્યાં વેણે રસ્તો શોધતાં પાણીને જાણે મારગ મળ્યો. થોડીવારે હૈયું હળવું થતાં ભગો બોલ્યો : 'શું કહું કરશનભાઈ !' આ મારા નાનાભાઈ રાઘવને ભણાવ્યો. તાણીતૂંસીને ઘર હાંક્યું. પેટે પાટા ને લૂગડે થીંગડાં દઈને અમે ચલાવ્યું. ભણી રહ્યો એટલે થયું કે ઇંડરિયો ગઢ જીત્યા. હવે ક્યાંક નોકરીએ લાગી જાહે એટલે ઘરમાં ટેકો દેહે. પણ નોકરી ક્યાં એમ રેઢી પડી'તી ? બે વરહ લગણ ધોડાં કર્યાં. પૈસા વિના ક્યાંય મેળ પડે એમ નો'તો. બધેય મોં ફાડીને જ બેઠા છે. જાણે.. માણાહુંના વેહે જીવતી ભૂતાવળ. અંતે એનાં મોં ભરીનેય રાઘવને નોકરીએ વળગાડ્યો. મનમાં હતું કે ઇ એક સુધરશે તો વાંહે બેય ભાઈની પ્રજાને ય સુધારશે. આવી આશાએ તો ઘરની જમીન, રળી ખાવા હતી તેય, ગીરો મૂકી. પરિણામ તો એવું હતું કે હું ... બે-ત્રણ વરહ સાથી રહીશ. ને કાંક રાઘવ ટેકો દેશે તો જમીન છૂટી જશે. પણ નથી કે'તાં કે ઘરનાં જ જ્યાં ઘાતકી થાય ત્યાં વાંક કોનો કાઢવો ?'

'હવે... ઈ શું કહે છે ?'

'હવે કહે છે... કે તમારી પાહે ફર્ય હોય તો છોડાવો. મારી પાહે કાંઈ વધતું નથી. ઘણું સમજાવ્યો કે અહીંથી નોકરીએ જાવાનું રાખ્ય. એક ચૂલો હશે તો ખર્ચોય ઓછો લાગશે. પણ નો માન્યો. જુદો શે'રમાં જઈને રહ્યો. ભણવા જાતો તંઈ હાલીને વયો જાતો પણ અટાણે વાહનમાંય નથી પૂગાતું. સ્કૂટર લીધું છે... એમ હાંભળ્યું છે મેં તો. આંય રહીને સ્કૂટર લઈને જાય તો મનેય આધાર મળી રે'..ય. પણ ભાઈ, આ દુનિયામાં કોઈ કોઈનું નથી.' ભગાને દુનિયા આખી સ્વાર્થી લાગવા માંડી'તી.

કરશનભાઈ વિચારમાં પડી ગયા : 'વાત તો તારી સાચી હોં. કોઈ કોઈનું નથી... પણ લાગે છે કે ઈ બાઈમાણાહની વાતમાં આવી ગયો હશે ? આડશ વિના આવું નો થાય... ભગા.'

'બાઈ માણાહનો શો દોહ...? માજણ્યો ભાઈ જ જ્યાં પરાયો થઈ ગયો...!' ભગાના અવાજમાં ઘડીક રોષ તો ઘડીક વેદના ટપકતી'તી. 'મારે સાથી રે'વું પડે છે એનું મને દઃખ નથી લાગતું, કરશનભાઈ... પણ... મારાં છોકરાંવનાં મોંએથી જિંદગીભરનો રોટલોય ખોવાશે. ને મજૂરનાં છોકરાંને નસીબે તો મજૂરી જ રે'ને !'

'હવે કેટલી મુદત રહી છે, વેચાણ કરવા આડે...?'

'બસ, આ વરહ પૂરું થાય ત્યાં સુધીમાં છૂટ્યું તો છૂટ્યું, નકર વેચાણ કરી દેવું પડશે.'

'તું... મૂંઝા મા હું કાંક રસ્તો કાઢે.' કરશનભાઈએ હૈયાધારણ દીધી.

બીજે દિવસે જ શહેરમાં હટાણું કરવા ગયેલા કરશનભાઈ રાઘવને ઘેર ગયા. ગામનો આ માનવંતો માણસ પોતાને ઘેર આવ્યો એનો પોરસ રાઘવને હૈયે છલકાયો. આગના-સ્વાગનામાં રાઘવે ઊણપ ન રાખી. ઘડીક આડીઅવળી નજર ફેરવીને કરશનભાઈને પૂછ્યું ; 'સ્કૂટર લીધું લાગે છે ?'

'હા... લઈ લીધું હમણાં...! ઑફિસ બહુ દૂર છે. રોજ રિક્ષા બાંધવી પડતી.' રાઘવે પોરસાઈને કહ્યું.

'સારું... સારું...! આ મકાન ઘરનું કે ?'

'હા...છે.. તો ઘરનું જ, પણ હવે કાઢવું પડશે, થોડુંક નાનું પડે છે' રાઘવને ખબર ન હતી કે તેનો ભાઈ, કરશનભાઈ ભેગો સાથી છે.

'સારો વેંત કરી લીધો લાગે છે - ને શું...?' કરશનભાઈ સૂચક રીતે હસ્યા.

'વેંત તો ઠીક છે, આપણું ચાલ્યા કરે.' રાઘવ મોઘમમાં બોલ્યો.

'ખોટું નો લગાડ્ય તો એક વાત કહું...!' કરશનભાઈએ લવાદની કુશળતા દાખવવા માંડી.

'કહોને... એમાં શું...! મને વિશ્વાસ છે કે તમે ખોટું નહીં કહો...!'

'ને સત્ય કડવું હોય છે. પણ હવે ધાર્યું છે તો કહી જ દઉં ! આ મોભો, આ નોકરી, આ બધુંય કોને પ્રતાપે ?' કરશનભાઈએ સીધું જ પૂછ્યું.

'ઈ...તો બધી ઈશ્વરી મે'રબાની ને કાંક નસીબ, બીજું શું...!' રાઘવ કરશનભાઈના સવાલથી ઓળપાયો એટલે ઉતાવળે જવાબ દઈ દીધો.

'ઈશ્વરની મે'રબાની તો સાડી સત્તરવાર,, એ મે'રબાનીને લીધે તો તને ભગવાન જેવો ભાઈ મળ્યો. નકર નસીબમાં તો ભગાને બદલે તું સાથીપા કરતો હોત, એવું હું ભાળું છું...!' કરશનભાઈએ જોયું કે પોતાની વાતનો રાઘવ ઉપર શું પ્રભાવ પડે છે. અને એ પ્રભાવ નીચે રાઘવ જાણે દબાઈ ગયો. ઊંચું જ ન જોઈ શક્યો. ને... તાતા લોઢાને ટીપી લેવામાં પાવરધા કરશનભાઈએ જાણે ઘણ ઉપાડ્યો : 'તારો ભાઈ મલકમાં સાથીપા કરે, જેનાંતેનાં ઘરની કઢિયું ચાટે ને તને આ મોભો ને આ સાહેબી શોભા આપે છે ? જેણે તને ભણાવવા પેટે પાટા બાંધ્યા, નોકરી મળતી નો'તી તંઈ જમીન મંડાણમાં મૂકીનેય નોકરી અપાવી. આજ હવે ઈ જમીન જાવાનું ટાણું આવ્યું તો ય તને વિચાર કેમ નથી થાતો કે, તારા બચરવાળ ભાઈનાં છોકરાંવની શું દશા થાહે ? એને અટાણે સાથી રે'વું પડે છે એનું કારણ શું...? મનમાં આવો વિચાર કર્યો છે કોઈ દિ' ? કે... પછી સાવ પંડ્ય પૂરતી જ સગાઈ...!'

ઘડીક શાંતિ છવાઈ ગઈ. કરશનભાઈએ જોયું કે રાઘવનાં મોંમાથે પસ્તાવાની ભોંઠપ ફરી વળી છે. રોષથી બોલતા'તા તેને બદલે સમજાવટથી બોલ્યા : 'અટાણ સુધી જે થયું તે. હજી મોકો છે. ભગા જેવા ભાઈનો બદલો તો શું ચૂકવાય ? પણ કમસે કમ હજીય બગડતું સુધારી શકાય.'

કરશનભાઈ ગયા પછી પણ રાઘવ બેઠો'તો ત્યાંથી ઊભો ન થઈ શક્યો. તેની હામ પડી ભાંગી'તી. એકલો પડ્યો કે ખાળી રાખેલાં આંસુ પૂરની જેમ ઊમટ્યાં. આજુબાજુ જાણે કે સૂનકાર છવાઈ ગયો. તેની પત્ની સામે આવીને ઊભી રહી તે પણ તેને ખબર ન પડી. 'હવે એવા વાછટિયા તો વાતું કરી જાય. એમાં આમ મરદ જેવા મરદ થઈને મોં શું વાળવા બેઠા...?' તેની પત્નીએ હિંમત બંધાવવા કહ્યું પણ અત્યાર સુધી દુઃખ અને પશ્ચાત્તાપના ભારે નમેલો ચહેરો રોષ સાથે ઊંચો થયો. રાઘવની આંખોમાં રહેલો આતશ જાણે હમણાં આ બધું ભડ ભડ સળગાવી મૂકશે તેમ તેની પત્નીને લાગ્યું. ને તે ચૂપચાપ ત્યાંથી ખસી ગઈ; હતાશ થઈને ! આજ દિ' સુધી બાંધેલી આડશ, આમ, એકાએક ધરાશાયી થઈ જશે તેવું તેણે સ્વપ્ને પણ ધાર્યું નહોતું. □

અનુસંધાન] ઈતિહાસધારા [પૃ. ૧૩ પરથી

દિલ્હીના સુલતાન જલાલુદ્દીન ખિલજીને પોતાના ભત્રીજા અલાઉદ્દીન ખિલજી પ્રત્યે પુત્રવત્ સ્નેહ હોઈને તેને પોતાની પુત્રી સાથે પરણાવી દીધેલો, પરંતુ પુત્રી અને મા બંનેને અલાઉદ્દીન પ્રત્યે ભારે નફરત હતી. પોતાની પત્નીના પોતાના પ્રત્યેના દુર્વ્યવહારથી મુક્તિ મેળવવાનો એક જ માર્ગ દેખાતો હતો, અને તે એ કે તે પોતે દિલ્હીનો સુલતાન બને. ક્યારે એનો મોકો મળે તેની એ રાહ જ જોતો રહેલો. પોતાના નાના ભાઈ ઈલિયાસબેગ ઉર્ફે ઉલુગખાં સાથે મળી તેણે એ માટેની પોતાની યોજના પણ તૈયાર રાખેલી.

અને એ મોકો તેને મળી ગયો જ્યારે જલાલુદ્દીન પોતે કડાના સૂબેદાર બનાવેલા અલાઉદ્દીનને એક વાર મળવા આવી પહંચ્યો ત્યારે. કડા નજીક ગંગાકિનારે એણે પોતાનો પડાવ રાખ્યો. અલાઉદ્દીન બીજે દિવસે તેને મળવા આવી ગયો. વળતા દિવસે જલાલુદ્દીને તેને મળવા નક્કી કર્યું, અને જેવો તે અલાઉદ્દીનના તંબૂમાં પેઠો કે એ નગુણા ભત્રીજાએ પોતાના વત્સલ કાકાનું શિર તલવારના ઝાટકે ઉડાવી દીધું.

જલાલુદ્દીનને ખત્મ કરી તે તરત જ સસૈન્ય દિલ્હી ઊપડી ગયો અને પોતાને દિલ્હીનો સુલતાન જાહેર કરી દીધો. લોકો વિરોધ ન કરે એટલે એમને ભયભીત બનાવી દેવા જલાલુદ્દીનનું મસ્તક ભાલામાં પરોવી આખા દિલ્હીમાં ફેરવ્યું અને જલાલુદ્દીનના પક્ષના મનાતા અનેક સંબંધીઓ અને સરદારોનાં માથાં ઉડાવી દઈને કે આંખો ફોડાવી દઈને ન અટકતાં તેમની પત્નીઓને હાથીઓના પગમાં બાંધીને ઢસડાવી.

પોતાની સૈન્યશક્તિનો વિસ્તાર કરીને તેણે ઉલુગખાં તથા નુસરતખાંની આગેવાની નીચે મોટું સૈન્ય ગુજરાત પર આક્રમણ માટે મોકલી આપ્યું, જેણે સોમનાથ સહિત અનેક મંદિરો તોડી, લૂંટી, લૂંટનો અસબાબ દિલ્હી મોકલી આપ્યો. ત્યારબાદ રણથંભોર પર ચડાઈ મોકલી, પણ ત્યાંના હમીરદેવ સામે વર્ષો સુધીના શક્તિપ્રદર્શન છતાં ન ફાવતાં તે પોતે રણથંભોર આવી પહોંચ્યો. હમીરદેવના મંત્રી રણમલને સૂબેદારીની લાલચ આપી તેણે ફોડ્યો અને રણમલે અજેય દુર્ગ રણથંભોરનો મુખ્ય દરવાજો ખોલી આપ્યો. હમીરદેવ લડતાં લડતાં વીરગતિ પામ્યો અને રણવાસમાંની એની રાણીઓ અને દાસીઓ અગ્નિપ્રવેશ કરી સળગી મરી.

આ હમીરદેવની સેનામાં મીરમુહમ્મદશાહ નામનો એક સરદાર હતો, જે કેટલાક સમય પહેલાં અલાઉદ્દીનની સેનામાં સરદાર હતો. યુદ્ધમાં ઘાયલ થયેલા મીર મુહમ્મદને અલાઉદ્દીન સમક્ષ લાવવામાં આવતાં તેણે પૂછ્યું, 'જો તારી સેવાચાકરી ને શુશ્રૂષા કરાવી હું તારી જિંદગી બચાવી લઉં તો મારા પ્રત્યે તું કેવી રીતે વર્તે ?'

'જો હું સાજો થઈ જાઉં તો તમને કત્લ કરી નાખીને હમીરદેવના પુત્રને રણથંભોરની ગાદીએ બેસાડું.' મીરમુહમ્મદે જવાબ આપ્યો.

અલાઉદ્દીન પગથી માથા સુધી સળગી ઊઠ્યો અને એ જ વખતે મીરમુહમ્મદને હાથીના પગ નીચે કચડાવી નાખવાનો હુકમ આપ્યો. □

અમે પુસ્તક છપાવ્યું

મોહનલાલ પટેલ

અમે ઘણા નિબંધો લખી ચૂક્યા હતા. હવે એ નિબંધો પુસ્તકરૂપે પ્રકટ થાય એવી અમારી ઇચ્છા દિવસે દિવસે પ્રબળ બનતી જતી હતી, પણ કોઈ પ્રકાશકનો મેળ ખાતો નહતો.

પણ કહે છે ને કે નસીબ આડે પાંદડું હોય છે. એ પાંદડું ક્યારે ખસી જાય એ કોઈ જાણતું નથી. એ ખસી જાય ત્યારે ઘણીવાર આપણને એક ચમત્કાર થયાનો અહેસાસ થાય છે.

અમારા પુસ્તક-પ્રકાશન બાબતમાં એક દિવસ પેલું પાંદડું એકાએક ખસ્યું અને ચમત્કાર સર્જાયો. અમે એક ઉનાળાના પ્રખર તાપમાં બસની રાહ જોતા ઊભા હતા. માથા ઉપર શેડ નહોતું અને શરીર પર પરસેવાના રેલા વહી રહ્યા હતા. અમારી બાજુમાં ઊભેલા એક સદ્‌ગૃહસ્થ પણ અધીરાઈમાં ઊંચાનીચા થઈ રહ્યા હતા. દૈવયોગે અમારાં બંનેનાં મુખમાંથી એક જ ક્ષણે એકસાથે એકસરખી ગાળ તંત્રવાહકો માટે નીકળી ગઈ, નાટકમાં ઘણીવાર બે પાત્રોને એકસાથે એક જ વાક્યનો ઉદ્‌ગાર કરવાનું આવે છે એમ !

ગાળના ઉચ્ચારણમાં અમારો સહપુરુષાર્થ થયો એટલે અમે એકબીજા સામે જોયું અને એક સાથે મલકાઈ પડ્યા.

બસ, આટલો ચમત્કાર. અને અમારા એકબીજાની નિકટ આવવા માટેની ભૂમિકા સર્જાઈ. અમારી વચ્ચે વાર્તાલાપ શરૂ થયો. વાતવાતમાં અમને સમજાયું કે અમારા બંનેની ખોજ એકસરખી હતી. અમે પ્રકાશક શોધી રહ્યા હતા, અને એ લેખક !

એમણે કહ્યું : 'હું ચોપડીઓ તો છાપું છું, પણ હવે મારે સાહિત્યકારોની ચોપડીઓ છાપવી છે.'

'અત્યાર સુધી શું છાપતા હતા ?'

'સત્સંગીઓના અનુભાવો, એમના ગુરુઓનાં જીવનચરિત્રો.'

'એ તો ઘણું ઊંચું સાહિત્ય કહેવાય.'

'ઊંચાનું તો ઠીક હવે, લખનારા ચાર ચોપડી ભણેલા; અને વાંચનારા બે ચોપડી ભણેલા...'

વિનોદ કરવાની અમારી દાનત ઊછળી આવી. અમારાથી હસતાં હસતાં પુછાઈ ગયું : 'અને છાપનારા ?'

જવાબ આપવાને બદલે પેલા સદ્‌ગૃહસ્થ મોટેથી હસી પડ્યા.

અમારી પ્રશ્નાર્થભરી આંખ જોઈને એ બોલ્યા : 'નૉનમેટ્રિક.'

'નૉનમેટ્રિક ?'

'હા, હા, નૉનમેટ્રિક.'

'એ શું ? આવું તો કોઈ ધોરણ નથી.'

'ન સમજ્યા? બેત્રણ વખત એસ.એસ.સી.ની પરીક્ષા આપેલી, પણ ફેઈલ ગયેલા. અમારી વખત ચોરીની સગવડ ન હતી કે માર્ક મુકાવી આપનાર એજન્ટોની પદ્ધતિ પણ શરૂ થઈ નહતી.'

બહુ થોડું ભણેલા પ્રકાશક મળવાનો જોગ ઊભો થયો તેથી અમને થોડી નિરાશા તો થઈ, પણ પછી એ વાતે આશ્વાસન લીધું કે, એક વખત પુસ્તકોની દુનિયામાં પેસી તો જઈએ, પછી બધું થઈ રહેશે.

અમારા ભાગ્યોદયની ક્ષણ પછી અમારા થનારા પ્રકાશક સાથેનો અમારો પરિચય વધ્યો. અમે એમની દુકાને પણ જતા-આવતા થયા.

એક જાહેર રસ્તાની ગલીમાં એક સ્ટવ રિપેર કરનાર પાસેથી નજીવી પાઘડીથી એમને એક સાંકડી દુકાન મળી ગયેલી. એ જાતે દુકાન ઉઘાડે, અંદર સ્વાશ્રયથી વાસીદું વાળવાનો શ્રમ કરે, પાણીની માટલી પોતે જ ભરી લાવે, છાપવા માટેનું મૅટર લઈને સ્વયં પ્રેસ ઉપર જાય, જાતે પ્રૂફ સુધારે, છાપેલા ફરમા સાઈકલ ઉપર ચઢાવીને થોડાથોડા જથ્થામાં બાઈન્ડરને ત્યાં આપી આવે, એમના ભત્રીજા પાસે ટાઈટલ તૈયાર કરાવે, (ભત્રીજાએ ઇન્ટરમિડિયેટ ડ્રૉઈંગ ગ્રેડની પરીક્ષા પાસ કરેલી) અને પુસ્તક તૈયાર થયા પછી સત્સંગમંડળોની બેઠક વખતે રૂબરૂ જઈને ભક્તોને વળગાડે...

મોટી આશાએ અમે અમારા પ્રથમ પુસ્તક 'અંતરદર્શન'ની હસ્તપ્રત એમને આપી. અમે બંને સરખા ઉત્સાહમાં હતા. અમારું પહેલું પુસ્તક છપાતું હતું, અને એમનું પહેલું સાહિત્યિક પ્રકાશન થતું હતું ! એટલે અમે વારંવાર મળતા. પુસ્તક નમૂનેદાર બને એ હેતુથી વિવિધ યોજનાઓ ઘડતા. પુસ્તકોમાં રહી જતી વિવિધ પ્રકારની ખામીઓ વિષે અમે એમને જાણકારી આપતા. અને અમારા પુસ્તકમાં એવી ખામીઓ રહી ન જાય એટલા માટે અમે એમને સાવધ કરતા. પ્રૂફ રીડિંગની ખામી કે બેદરકારીને લીધે પુસ્તકમાં રહી જતા મુદ્રણદોષ એમના ધ્યાનમાં બરાબર બેસી જાય એ માટે અમે ઉદાહરણ આપીને એમને સમજાવતા અને ક્યારેક કોઈ ખામીવાળું પુસ્તક લાવીને એમની આગળ રજૂ કરતા. મુદ્રણદોષની ખામીથી ક્યારેક કેવી આફત ઊતરી આવે છે એની વાત કરતાં અમે અમારા જ ઘરસંસારનો કિસ્સો એમને કહી સંભળાવ્યો. કિસ્સાની વિગત કંઈક આવી હતી : એક વખત અમારા મિત્રના દીકરાનાં લગ્ન નિમિત્તે ગોઠવાયેલા સત્કાર સમારંભમાં અમારે જવાનું હતું. મિત્ર આમંત્રણ કાર્ડ રૂબરૂ આપવા આવ્યો હતો અને સમારંભમાં હાજરી આપવા માટે અમને ઘણો આગ્રહ કર્યો હતો. પણ કાર્ડ ઉપર 'નિમંત્રણ'ને બદલે મુદ્રણદોષથી 'નિયંત્રણ' છપાયું હતું. એટલે પત્નીએ સમારંભમાં જવા માટે સાવ નન્નો ભણ્યો. ઘણું સમજાવી. કહ્યું, આમાં મિત્રનો દોષ નથી, પ્રેસનો દોષ છે. પણ પત્નીએ તો એક જ વાત પકડી રાખી : આપણે કંઈ કેશુભાઈના ગુલામ કે તાબેદાર નથી તે એમના નિયંત્રણવશ કઠપૂતળીની જેમ વર્તીએ...!

અમે મૂળ તો મુદ્રણદોષની વાત કરી રહ્યા હતા. પણ અમારા પ્રકાશકને તો અમે જાણે વાર્તા માંડીને બેઠા હોઈએ એવો રસ પડ્યો હતો. એટલે એમણે તો 'આપણે એવી ભૂલો નહીં રહેવા દઈએ' એમ કહેવાને બદલે પૂછી નાખ્યું : 'છેવટે શું થયું ?'

પ્રકાશકના આ પ્રશ્નથી અમે પણ મૂળ મુદ્દાથી બહાર જઈને વાર્તાના પ્રવાહમાં આવીને જવાબ આપ્યો : 'ક્યાંથી જઈએ? પત્નીની દલીલ હતી - સામાજિક પ્રસંગોમાં કોઈ ભૂલને માફ કરવામાં આવતી નથી. અહીં ભૂલ ભલે પ્રેસવાળાની હોય કે પ્રૂફ તપાસનારની, સરવાળે તો ભૂલ

અવસર આદરનારની જ ગણાય. અને બાપુ, અમે સમારંભમાં ન ગયાં અને લાખ રૂપિયાનો મિત્ર ખોયો !

એકાએક આ કથન અને શ્રવણની પ્રવૃત્તિમાંથી અળગા થઈ જઈને મૂળ દોર પકડી લઈને પ્રકાશકને પૂછ્યું : 'તમે પ્રૂફનું કામ કોને સોંપવાના છો?'

પ્રકાશક મહાનુભાવે જવાબ આપ્યો : 'અત્યાર સુધી તો હું જ પ્રૂફ સુધારતો આવ્યો છું. જેવું જોયું એવું ચાલ્યું. પણ આ તો સાહિત્યનું પુસ્તક છે એટલે એ બીજા કોઈને સોંપીશ. મારી ધ્યાનમાં એવો એક માણસ છે. વખતે સરતચૂકથી તમારી પણ ક્યાંક ભૂલ રહી ગઈ હશે તો એ પણ જોઈ લેશે. તમે કશી ફિકર ન કરતા.'

અમને સંતોષ થઈ ગયો. ખરું પૂછો તો અમે એવા ઉત્સાહમાં આવી ગયા હતા કે એ કામ જેને સોંપવાનું હતું એનું નામ પૂછ્યું નહીં. પ્રકાશક ભારે વિશ્વાસથી બોલતા હતા, એ પણ ન પૂછવાનું કારણ હોય.

પુસ્તક છપાવા માંડ્યું.

આ દિવસોમાં સંજોગોવશાત્ એકાદ મહિના માટે અમારે મુંબઈ જવાનું થયું.

એક દિવસ પ્રકાશક મહાશયનો કાગળ આવ્યો : 'તમારા પુસ્તકમાં આ લાલદાસ નામ બરાબર નથી. બહુ કઢંગું લાગે છે. લખાણમાં જ્યાં જ્યાં લાલદાસ છે ત્યાં ત્યાં કાળિદાસ કરતો જાઉં છું.'

અમારું પુસ્તક હળવા નિબંધોનું હતું અને એ બધા નિબંધોમાં 'લાલદાસ' નામનું પાત્ર સળંગ હતું. પ્રકાશકના કાગળથી અમને એક આંચકો લાગ્યો. ધરતીકંપથી કોઈ મહાલય જમીનદોસ્ત થઈ જતો હોય એવી લાગણી અમે અનુભવી. અમે પ્રકાશકને તરત વળતો જવાબ લખ્યો : 'ઘણા વિચારપૂર્વક પાત્રનું નામ લાલદાસ રાખ્યું છે. અને ઘણી જગ્યાએ એ નામમાં વ્યંજના રહેલી છે. નામ બદલવાથી એનો મર્મ માર્યો જશે, અને આખું પુસ્તક નકામું થઈ જશે.'

પ્રકાશકનો પ્રત્યુત્તર આવ્યો : 'પુસ્તક અર્ધું છપાઈ ગયું છે. હવે તો નામપલટો નિભાવી લીધે જ છૂટકો છે.'

અમે સમસમી રહ્યા.

પુસ્તક તૈયાર થઈ ગયું. એનાં કાગળ, ટાઈટલ, છપાઈ, બંધાઈ વિશે અમારે કશું કહેવું નથી. કહેવા જેવું પણ નથી. કહેવા જેવી વાત તો બીજી જ છે. એમણે 'લાલદાસ'ની જગ્યાએ 'કાળિદાસ' તો કર્યું. પણ હસ્તપ્રતમાં લગભગ બે-ત્રણ પાને એકાદ સ્થળે નામ બદલવાનું રહી ગયું હતું. પ્રકટ થયા પછી કોઈએ એ પુસ્તક વાંચવા માટે કેડ બાંધી હશે તો પણ એ નામના છબરડાથી વાચક ગુસ્સે થવાને બદલે લાલકાળા, કાળાલાલ થતા પાત્રની વર્ણશબલતા જોઈ પાનેપાને ખડખડાટ હસ્યો હશે ! પુસ્તક હાસ્યરસ માટે હતું ખરું, પણ ઉપહાસ માટેના હાસ્ય માટે નહીં.

અને વળી પુસ્તકમાં પ્રૂફ રીડરને અમારા લખાણમાં ભૂલો દેખાઈ હશે એટલે અમારા ઉપર દયા લાવીને એણે એની અક્કલ-હોંશિયારીનો ઉપયોગ કરીને ઠેરઠેર આપમેળે સુધારા કરી લીધા હતા. એક સ્થળે અમે સુએજ (Suwage) શબ્દ લખ્યો હતો. પ્રૂફ તપાસનાર ભાઈએ અમને 'લેડીઝ'ને બદલે 'લેડીજ' અને 'પ્લીઝ' ને બદલે 'પ્લીજ' બોલાવા-

૫

લખવાવાળા સમજીને 'સુએજ'ને સુધારીને 'સુએઝ' કરી દીધું હતું! એવી જ રીતે 'આહત' ને સ્થાને 'આઘાત', 'સંતમ' ને બદલે 'સંતૃપ્ત', 'ઝંઝાપાત'ને બદલે 'ઝંઝાવાત', 'શબલતા' ને બદલે 'સબલતા', 'સ્ટફ (stuff)' ને બદલે 'સ્ટાફ' (staff)... આવા આવા પાર વગરના સુધારા એણે અમારા અજ્ઞાન પર તરસ ખાઈને કર્યા હતા.

અમને લાગ્યું કે, અમારું આ પુસ્તક સુજ્ઞજનોમાં વંચાશે ત્યારે એ સૌ અમને જરૂર ગમાર અને અજ્ઞાની માની લેશે. એટલે એ પુસ્તક ન વંચાય એ માટે રોજરોજ અમે પરમેશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા. અને છતાંય મનમાં એક છાનો ભય તો રહ્યા જ કરતો હતો કે, વાચકોના તીખી ટીકાભર્યા પત્રોનો અમારા ઉપર મારો શરૂ થશે. એટલે પોસ્ટમૅન અમારા ઘર તરફ આવતો જણાય ત્યારે અમારો જીવ ઊંચો થઈ જતો.

પણ આજ સુધી અમને કોઈ વાચકનો પત્ર મળ્યો નથી એ એક મોટી રાહત છે. અને વળી એક આશ્વાસન પણ ખરું કે હજુ સુધી કોઈએ એ પુસ્તક વાંચ્યું નથી ! કદાચ પરમેશ્વરને અમે કરેલી પેલી પ્રાર્થના ફળી હશે.

એક દિવસ અમે પુસ્તકના નક્કી કરેલા ઉચ્ચક પુરસ્કારની રકમ લેવા અમારા પ્રકાશકની દુકાને ગયા. ચા-પાણી કરી રહ્યા પછી શાંતિથી ધીરેધીરે પુરસ્કારની વાત ઉખેળીશું એવો અમારો ખ્યાલ હતો. અમે ચાની રાહ જોઈને બેઠા હતા, ત્યાં એક સત્સંગમંડળના બે પ્રતિનિધિઓએ આવીને સૂતળીથી બાંધેલાં પુસ્તકોના ચાર થપ્પા અમારા પ્રકાશક આગળ મૂકતા કહ્યું : 'ભાઈ, તમે અમને શું બઝાડી ગયા છો ?' આ અંતરદર્શન કહેવાય? આ ચોપડીમાં તો સંસારનો નર્યો કાદવ ભર્યો છે, કાદવ ! વખતે ઘરનાં માણસોમાંથી કોઈ વાંચી બેસે એ બીકથી સભ્યો પાસેથી અમે બધાં પુસ્તકો પાછાં ઉઘરાવી લીધાં છે. આ પુસ્તકો તમે રાખો. તમે ભૂતકાળમાં અમને ઘણાં સારાં પુસ્તકો આપ્યાં છે એટલે તમારી સાથેના અગાઉના મીઠા સંબંધોના આધારે આ પુસ્તકોના પૈસા પાછા ન લેવાનો અમે ઠરાવ કર્યો છે. પુસ્તકો તમે લઈ લો. તમારે એ બીજા કોઈને આપવા ચાલશે...'

આવું કહી કશા વળતા જવાબની રાહ જોયા વગર જ સત્સંગમંડળના પેલા બે સભ્યો દુકાનનાં પગથિયાં ઊતરી ગયા.

અમારા પ્રકાશકનું મોઢું જરા ઊતરી તો ગયું, પણ એમણે ખોટું સ્મિત ધારણ કરી રાખ્યું. અને ખૂણામાં પડેલા બીજાં બે પાર્સલ તરફ આંગળી કરીને કહ્યું : 'આ બે પાર્સલ પણ આવી રીતે જ પાછાં આવ્યાં છે. સત્સંગીઓ પાછાં આપી ગયા.'

પ્રકાશક કરતાંય અમે વધારે નિરાશ થયા હતા. પણ પ્રકાશકની જેમ અમે મોઢું હસતું રાખી શક્યા નહીં અને હવે ત્યાંથી ઊઠીને વહેલી તકે ઘેર પહોંચી જવાનું અમને ઠીક લાગ્યું. એટલે અમે અમારા આગમનનો હેતુ જાહેર કર્યા વગર જ જવા માટે ઊભા થયા. પ્રકાશક 'બેસોને, ચા આવે છે' કહેતા રહ્યા અને અમે તો પગથિયાં ઊતરી ગયા.

એ પછી અમારા પુસ્તકને લીધે તારાજ થઈ ગયેલા અમારા પ્રકાશકની દુકાન તરફ ફરકવાની અમારી હિંમત ચાલી નથી. □

સિંધુ-ખીણની સંસ્કૃતિનું સ્થાપત્ય : એક વિરલ ઘટના

હેમંત વાળા

ભારત ઉપખંડની ભૂમિ હિમાલયથી શરૂ થઈને કન્યાકુમારી સુધી અને કંદહારથી બ્રહ્મદેશ સુધી વિસ્તરેલી છે. ઉત્તર-દક્ષિણ ૮°.૪' અને ૩૭°.૬' ઉત્તર અક્ષાંસો અને પૂર્વ-પશ્ચિમ ૬૮°.૭' અને ૯૭°.૨૫' પૂર્વ રેખાંશ વચ્ચે ૩૪ હજાર ચોરસ કિલોમીટર જેટલા આ વિશાળ ભૂમિખંડના રાજકીય ધોરણે હાલમાં ભલે અનેક વિભાગો ગણાતા હોય, પણ મૂળભૂત રીતે આ સમગ્ર વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ એકસરખી નથી. ભારતમાં વરસો સુધી વરસાદ ના પડ્યો હોય તેવા રણ પણ છે અને જ્યાં વિશ્વમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હોય તેવાં ચેરાપુંજી જેવાં સ્થાનો પણ છે. અહીં નદીના વિશાળ ખુલ્લા વસવાટ તથા ખેતી કરવાલાયક પટ પણ છે, અને જ્યાં એક વૃક્ષ ઉગાડવા માટે પણ તનતોડ મહેનત કરવી પડે તેવા ખડકાળ પ્રદેશો પણ છે. ત્રણ બાજુ દરિયાથી ઘેરાયેલા આ દેશની આબોહવા પણ વૈવિધ્યપૂર્ણ છે.


સામાન્ય રીતે મોસમી પ્રદેશ ગણાતા આ વિસ્તારમાં દરિયા કિનારે સૂકી ભેજવાળી આબોહવા જોવા મળે છે, જ્યારે હિમાલયના ક્ષેત્રમાં શીત-આબોહવા હોય છે. દેશના અંદરના ભાગમાં અન્ય આબોહવા અનુભવાય છે, જ્યારે દેશના અન્ય વિસ્તારો ગરમ-સૂકી આબોહવાવાળા છે. આબોહવામાં રહેલી વિવિધતાને કારણે અહીં વિવિધ પ્રદેશોમાં ભિન્ન-ભિન્ન જીવનશૈલી વિકસી છે. દરિયાકિનારે રહેતાં ભારતવાસીઓની જીવનશૈલી ગરમ-સૂકી આબોહવામાં રહેતાં લોકો કરતાં ભિન્ન હોય તે સ્વાભાવિક છે. તેવી જ રીતે ઉત્તરનાં હિમાલયની છાયાવાળા પ્રદેશમાં રહેનારાઓની દૈનિક ગતિવિધિ રણપ્રદેશમાં રહેનારાંઓની દૈનિક ગતિવિધિ કરતાં જુદી હોય છે.

સ્થાનિક આબોહવા જેમ લોકોની જીવનશૈલી પર અસર કરે છે તેમ ભૌગોલિક પરિસ્થિતિ બાંધકામની વિવિધ સામગ્રીની પ્રાપ્યતા પર અસર કરે છે. જે પ્રદેશમાં સારી માટી મળતી હોય ત્યાં સામાન્ય રીતે બાંધકામમાં ઈંટોનું ચણતર મહત્ત્વનું બની રહે છે. ખડકાળ પ્રદેશમાં આવું ચણતર પથ્થરમાંથી થતું હોય છે. જ્યાં ઈમારતી લાકડું પ્રાપ્ય હોય ત્યાં મકાનના માળ તથા છતની રચનામાં લાકડાનું બનાવેલું માળખું મહત્તમ પ્રયોજાય છે, જ્યારે જ્યાં મોટા માપના પથ્થર મળવા શક્ય હોય તેવા પ્રદેશમાં મકાનના આવરણ માટે પથ્થરના સ્લેબનો ઉપયોગ થતો જોવા મળે છે.


ભારત એ આબોહવા તથા ભૌગોલિક પરિસ્થિતિની દૃષ્ટિએ વિવિધતાવાળો પ્રદેશ હોવાથી અહીંના ઐતિહાસિક તથા પરંપરાગત સ્થાપત્યમાં સારી એવી વિવિધતા જોવા મળે છે. ભારતમાં જુદાજુદા સમયે જુદાંજુદાં સ્થળે વિકસેલી જુદાંજુદાં પ્રકારની સ્થાપત્યશૈલી જે તે સંસ્કૃતિ તથા સમાજની ઉન્નતિને પ્રતિબિંબિત કરતી રહી છે. પાંચ હજાર વર્ષથી વધુ પ્રાચીન ભારતીય સ્થાપત્ય-યાત્રા મુખ્યત્વે સ્થાનિક પરિસ્થિતિને સાંદર્ભિક રીતે પ્રતિભાવ આપતું પરિણામ છે, જેમાં ઉત્તરોત્તર તબક્કાવાર વિવિધ પરિમાણો ઉમેરાતાં ગયાં છે.


સ્થાપત્યની વ્યાખ્યા નક્કી કરવા ઘણાં પ્રયત્નો થયા છે. સ્થાપત્યને એક વિશાળ અર્થમાં સંસ્કૃતિની પારાશીશી ગણાવાયું છે, એ ઘણે અંશે સાચું છે. ઐતિહાસિક સ્થાપત્ય પ્રાચીન સંસ્કૃતિની મૂલવણી માટેનું એક મહત્ત્વનું માધ્યમ બની રહે છે. તે સમયના માનવીની કલાત્મક અભિરુચિ, તેનું તકનિકી જ્ઞાન, તત્કાલીન સમાજ-વ્યવસ્થા તથા જીવનનાં વિવિધ પાસાંને સમાજે આપેલો અગ્રતાક્રમ - એ બધું સ્થાપત્યના પ્રાચીન નમૂનાઓ પરથી અનુમાની શકાય છે. પ્રત્યેક મહાન સંસ્કૃતિએ સ્થાપત્યની આગવી શૈલી વિકસાવી છે, જે ભવિષ્યની પેઢી માટે ઘણીવાર પ્રેરણા-સ્રોત બની રહે છે.

પ્રાચીન સ્થાપત્યના પ્રાપ્ત અવશેષો પરથી એમ કહેવાય કે, ભારતમાં સ્થાપત્યનો ઈતિહાસ ૫૦૦૦ વર્ષથી પણ વધુ જૂનો છે. સિંધુ તથા તેની



લોથલના દરબાર ગઢમાં ભૂગર્ભ મોરીના અવશેષો





ડાબી બાજુ : મોંહે જો દડોની નગરરચના અને મથાળે એ નક્શામાંનો વિસ્તૃત કરી બતાવેલો વિભાગ, જેમાં ત્યાંના રસ્તાઓનું આયોજન દર્શાવ્યું છે. નીચે : મોંહે જો દડોના સાર્વજનિક સ્નાનાગારનો તળનક્શો.


ઉપનદીના પટમાં વિકસેલી સિંધુ-ખીણની સંસ્કૃતિમાં રચાયેલા સ્થાપત્યના મળી આવેલા અવશેષો ભારતમાં સૌથી પ્રાચીન છે. જો કે, ભારતના પૌરાણિક સાહિત્યમાં તેનાથી પણ પ્રાચીન નગરો તથા મકાનોના ઉલ્લેખ છે. જેમ કે ભારતમાં ઇતિહાસ લખવાના સંભવત: સૌથી પ્રાચીન પ્રયત્નના પરિણામે લખાયેલા મહાભારતમાં પણ તત્કાલીન નગર-આયોજન અને મકાનોના ઉલ્લેખ છે. દંતકથા જેવા ગણાતા આ પ્રાચીન સાહિત્યમાં જણાવેલી બાબતો વિશે કોઈ આધારભૂત પુરાવા મળતા ન હોવાથી આજનો બૌધિક વર્ગ ભૂતકાળમાં તેના હોવાપણા વિશે પણ સંકાશીલ છે.

આથી કાંસ્ય-યુગની ગણાતી સિંધુ-ખીણની સંસ્કૃતિના મોહેંજો દડો તથા હડપ્પા જેવાં નગરોથી શરૂ થતી ભારતની સ્થાપત્ય-યાત્રાનું અવલોકન એક રસપ્રદ બાબત બની રહે. આ યાત્રામાં ઘણા મુકામો તથા વળાંકો આવ્યા. ઘણીવાર યાત્રાનો માર્ગ ગોળ ફરીને પાછો મૂળ સ્થિતિમાં આવી અન્ય દિશામાં ફંટાયો છે. આ યાત્રામાં કેટલીકવાર અનિચ્છનીય શિથિલતા પણ આવી છે, જ્યારે ક્યારેક તેમાં ન કલ્પી શકાય તેવો વેગ પણ જણાયો છે. આ યાત્રા પરદેશી આક્રમણોથી થંભી પણ ગઈ અને પછી તે જ પરદેશી સંસ્કૃતિ તથા સ્થાપત્ય-શૈલી અપનાવીને એ વધુ સમૃદ્ધ બનતી રહી છે.

સિંધુખીણની સંસ્કૃતિમાં વિકસેલી સ્થાપત્યશૈલીથી શરૂ થયેલી ભારતીય સ્થાપત્યયાત્રાની શરૂઆત જ ભવ્ય છે. કળાત્મકતા, ઇજનેરી અભિગમ તથા લોકોની જીવનશૈલીને પ્રતિબિંબિત કરવાની બાબતે આ સ્થાપત્ય સમૃદ્ધ હતું. જે તે સંદર્ભમાં વિકસેલી સ્થાપત્યશૈલીને નિર્ધારિત કરવામાં બાંધકામની સામગ્રી નિર્ણાયક બનતી હોવાથી સિંધુ-ખીણની સંસ્કૃતિના સ્થાપત્યને નિર્ધારિત કરવામાં ત્યાં વપરાયેલી કાચી તથા ભઠ્ઠીમાં પકાવેલી ઈંટો મહત્ત્વની બની રહી છે. જે સમયે વિશ્વની અન્ય સંસ્કૃતિઓ પાકી ઈંટો બનાવવાની શક્યતાથી પણ અજાણ હતી અને મકાનના બાંધકામની દીવાલો મોટા ભાગે માટી, કાચી ઈંટો કે પથ્થરની બનાવાતી ત્યારે મોહેંજો-દડો તથા હડપ્પા જેવાં નગરોમાં ઉપયોગમાં લેવાયેલી પાકી ઈંટો તત્કાલીન સમાજે સ્થાપત્ય તથા ઇજનેરી ક્ષેત્રે કરેલી પ્રગતિ દર્શાવે છે.

ઈંટોના મૂળભૂત આકાર તથા તેના ઉપયોગમાં રહેલી મર્યાદિત વિવિધતાએ આ સંસ્કૃતિના નગરઆયોજન તથા સ્થાપત્યને અસર કરી છે. ઈંટોના ઉપયોગથી થતાં ચણતરમાં ચોરસ-લંબચોરસ જેવા ભૌમિતિક આકારો સહજપણે આવતા હોવાથી સિંધુખીણની સંસ્કૃતિનાં મકાનોના ઓરડા ચોરસ કે લંબચોરસ રહેતા. આવા ઓરડાની ગોઠવણી પણ સમાંતર કે એકબીજાને કાટખૂણે રહેતી. પરિણામે સમગ્ર મકાન કાટખૂણા ધરાવતી પરિમિતિથી નિર્ધારિત થતું. આવાં મકાનો પણ સ્વાભાવિક રીતે એકબીજાં સાથે આવી જ ભૌમિતિક ગોઠવણમાં ગોઠવાતાં હોવાથી સમગ્ર નગરનું આયોજન આવા પરસ્પરને કાટખૂણે બનતા રસ્તાઓને આધારિત થતું.

પરસ્પર કાટખૂણે તથા સમાંતર આવેલી દીવાલોથી રચાયેલા ચોરસ કે લંબચોરસ ખંડ ઉપર માળ કે છતની રચના માટે લાકડાના મોભવાળું



માળખું પ્રયોજાતું. વારંવાર આવતાં પૂરથી બચવા આ મકાનો ઊંચા ઓટલા પર બનાવાતાં. મોહેંજો-દડો તથા હડપ્પાના આવાસોમાં ઘરની અંદરનો ચોક સ્થાનિક આબોહવા પ્રત્યેનો પ્રતિભાવ હતો. વળી, આ ચોક સંભવતઃ તત્કાલીન સમાજના મૂળભૂત અંગની-કુટુંબની આંતર્ભિમુખતા પણ વ્યક્ત કરે છે. એવું અનુમાન કરી શકાય કે તે સમયે સમાજ-વ્યવસ્થા વધુ ઔપચારિક હશે, જેથી કુટુંબનાં સભ્યો વચ્ચેના અનૌપચારિક સંબંધની જાળવણી માટે આ ચૉક મહત્ત્વનો બની રહેતો હશે. આ ઘરો સામાન્ય રીતે ત્રણ-ચાર ઓરડાવાળાં હતાં. તે ઉપરાંત તેમાં રસ્તા પર પડતું સ્નાનાગાર તથા રસોડું રહેતું. કેટલાંક વિશાળ ઘરોમાં ઓરડાઓની સંખ્યા ૩૦ સુધીની રહેતી, અને મળી આવતા નિસરણીના અવશેષો વડે એમ પણ અનુમાન કરી શકાય કે કેટલાય આવાસો બે માળના પણ હશે. આ આવાસોમાં સ્નાનાગાર પણ મળતાં હોવાથી પાણીના પુરવઠા તથા તેના નિકાલની વ્યવસ્થાયે જરૂરી બનતી. આ માટે ઘણાં ઘરોમાં છ થી સાત ફુટ વ્યાસના કૂવાની જોગવાઈ હતી અને મોટા ભાગના આવાસોમાં ભૂગર્ભ મોરીની ઉત્તમ વ્યવસ્થા પણ; જે કદાચ તત્કાલીન વિશ્વમાં વિરલ ઘટના ગણાય. આજના સમયે પણ જ્યારે ભારતનાં ઘણાં નગરોમાં ભૂગર્ભ ગટર-યોજના અસ્તિત્વમાં નથી ત્યારે આજથી ૫૦૦૦ વર્ષ પહેલાંની સિંધુ ખીણની સંસ્કૃતિમાં જોવા મળતી ગંદાં પાણીના નિકાલની ભૂગર્ભ વ્યવસ્થા તત્કાલીન સમાજમાં અનુશાસનનું પ્રશંસનીય સ્તર દર્શાવે છે.

મોહેંજો-દડો, હડપ્પા, ચાન્દુ-દડો, લોથલ તથા સિંધુ ખીણની સંસ્કૃતિનાં અન્ય નગરોમાં બનાવાયેલાં મકાનોનાં બાંધકામમાં વપરાયેલી બાંધકામની સામગ્રીની ગુણવત્તા, તેના વપરાશમાં રહેલો ઇજનેરી અભિગમ અને કળાત્મક રીતે તેમાં પ્રયોજાયેલી વિવિધતાને પરિણામે મૂર્તિમંત થતું બાંધકામ ખરેખર અદ્ભુત છે. આ મકાનો ઈંટોનાં ઈંગ્લિશ બૉન્ડમાં - જેમાં ઈંટોના એક સમગ્ર થરમાં સાંકડી બાજુ બહારની બાજુ દેખાય અને તેના પછીના ઉપરના થરમાં બધી ઈંટોની પહોળી બાજુ દેખાય - સાંધાનું સાતત્ય તોડીને બનાવાયાં છે. બે માળવાળાં મકાનોમાં ઉપરના માળ મહદ્ અંશે લાકડાના માળખાવાળા બનતા હોવાની સંભાવના છે. આ મકાનોનાં બારી-બારણાંઓનાં ચોકઠાં પર લાકડાના મોભ મુકાતા, પરંતુ કેટલેક સ્થાને ઈંટોનું કોર્બલિંગ (વજનદાર વસ્તુને ટેકો આપવા માટે દીવાલમાં બેસાડેલી પથ્થર અથવા લાકડાની આગળ પડતી ઘોડી) પણ જોવા મળે છે. સિંધુ-ખીણની સંસ્કૃતિમાં મકાનની રચનામાં નગર-આયોજકોએ નક્કી કરેલા નિયમોનું ચુસ્તપણે પાલન થતું અને કોઈપણ વ્યક્તિ સાર્વજનિક જગ્યાનું દબાણ કરવા સ્વતંત્ર નહોતી. વળી, નગર-આયોજનમાં સ્વચ્છતા તથા આરોગ્યપ્રદ વાતાવરણનું મહત્ત્વ રહેતું.

સિંધુ-ખીણની સંસ્કૃતિના નગર-આયોજનમાં રહેલી સ્પષ્ટતા એક વિરલ ઘટના છે. લંબચોરસ તથા ચોરસ ગ્રીડ (લોખંડતારનું જાળું) પર રચાયેલા આ નગરોમાં રસ્તાની પહોળાઈ જરૂરિયાત પ્રમાણે નિર્ધારિત થતી. આશરે ૩૦ થી ૩૫ ફુટ પહોળા મુખ્ય રસ્તા ઉત્ત-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ જતા અને નગરનાં મહત્ત્વનાં મકાનોનું આયોજન આવા મુખ્ય માર્ગના સંદર્ભમાં થતું. પ્રત્યેક મકાન નગરના મુખ્ય કેન્દ્રો સાથે સંકળાયેલું રહેતું. રક્ષણાત્મક દીવાલો વડે સુરક્ષાયેલાં આ નગરોનાં મુખ્ય મકાનો ઊંચા ઓટલા પર બનતાં અને દરબારગઢ વ્યૂહાત્મક સ્થાને આયોજાતો. કાટખૂણે છેદાતા નગરના મુખ્ય માર્ગ વડે નગર વિવિધ વિભાગોમાં વિભાજિત થતું અને આ પ્રત્યેક વિભાગમાં ૯ થી ૧૨ ફુટ પહોળા રસ્તાઓ વડે આવાસ કે આવાસસંકુલની હદ નિર્ધારિત થતી. આ નગરોની પદ્ધતિસરની રચના જોઈને એમ કહી શકાય કે આ સમાજ પાસે ભૂતકાળનો નગર-આયોજનનો વિશાળ અનુભવ હોવો જોઈએ.

આ સંસ્કૃતિનાં નગરોમાં આવાસ સિવાયના અન્ય મકાનોમાં બજાર-કક્ષ, કોઠાર, દરબારગઢ, દફતરો, સ્નાનાગાર, મહાવિદ્યાલય, સભાગૃહ તથા નાનાં નાનાં ઔદ્યોગિક એકમો મુખ્ય છે. હડપ્પાના અવશેષોમાં એકબીજાને સમાંતર આવેલી બાર દીવાલો સંભવતઃ વિશાળ કોઠારનો ખ્યાલ આપે છે. તેના કરતાં પણ મહત્ત્વનું મકાન મોંહેજો દડોનું સંપૂર્ણ રીતે પાકી ઈંટોમાંથી બનાવેલું સ્નાનાગાર તથા લોથલમાં વહાણને લાંગરવા બનાવાયેલી ગોદી છે. મોંહેજો-દડોમાં ૩૯ ફુટ લાંબા અને ૨૩ ફુટ પહોળા સ્નાનકુંડને સમાવતું સ્નાનાગાર મહત્ત્વનું સાર્વજનિક સ્થાન હતું. આ સ્નાનકુંડમાં પ્રવેશવા ઉત્તર તથા દક્ષિણ દિશામાં વિશાળ પગથિયાં હતાં. સ્નાનકુંડની ચારેબાજુ આવેલી પરસાળ ઉપરાંત આઠ સ્નાન-કક્ષ પણહતા. વળી, આ સ્નાનકુંડમાંથી ગંદાં પાણીના નિકાલની સુઆયોજિત વ્યવસ્થાનાં ચિહ્નો પણ જોવા મળે છે. સંભવતઃ આ સ્નાનાગારની ઉપર એક મજલો હતો, જેમાં કદાચ આરામ કરવા માટેના ઓરડા હશે. મોંહેજો દડોમાં આવેલા આ વિશાળ તથા અન્ય નાનાં સ્નાનાગારો પરથી એમ અનુમાન કરી શકાય કે આ સંસ્કૃતિમાં 'સ્નાન' એ માત્ર શરીરની સ્વચ્છતા માટે જરૂરી ક્રિયા જ નહીં હોય, પરંતુ એક સામાજિક કે ધાર્મિક ક્રિયા પણ હશે.

લોથલમાં મળેલા અવશેષો પરથી અનુમાનિત કરાયેલી ગોદી તત્કાલીન સમાજે ઇજનેરી ક્ષેત્રમાં કરેલી પ્રગતિ દર્શાવે છે. તે સમયે નજીકમાંથી વહેતી સાબરમતી નદીના કોઈ એક નાળામાંથી નહેર ખોદી આ પૂર્વ-પશ્ચિમ ૭૧૦ ફુટ લાંબી તથા ઉત્તર-દક્ષિણ ૧૨૦ ફુટ પહોળી ગોદી બનાવાઈ હતી. આ ગોદી પરથી તત્કાલીન સમાજ દરિયાઈ માર્ગનો ઉપયોગ માલ-સામગ્રીના વિનિમય માટે કરતો હશે તેવો અણસાર મળે છે. નદીના વહેણને નિયંત્રિત કરતી આ ગોદીમાં ઉત્તર દિશાની દીવાલના બાંકામાંથી વહાણ દાખલ થઈ શકે તેવી વ્યવસ્થા છે, જ્યારે દક્ષિણ બાજુની દીવાલના ખાંચા સાથે જોડાયેલી નહેરનો ઉપયોગ પાણીની સપાટીને નિયંત્રિત કરવા થતો હશે. સંપૂર્ણપણે પાકી ઈંટોમાંથી બનાવાયેલી આ ગોદીમાં એક સાથે ૩૦ વહાણો ઊભાં રહી શકતાં હશે. વળી, ગોદીમાં ચઢતાં કે ઊતરતાં સામાન પર નિરીક્ષણ રાખવા નજીકમાં ઊંચા ઓટલા પર દરબારગઢની રચના કરાઈ હતી.

ભારતમાં આજ સુધી હડપ્પા સંસ્કૃતિના અવશેષો દર્શાવતા ૧૦૦થી વધુ ટીંબા નોંધાયા છે,જેમાંથી ૩ થી ૪ મોટા ટીંબાનું પુરાતત્ત્વીય ખોદકામ થયેલું છે. આ અંગે થયેલાં સંશોધનોમાં ગુજરાતમાંનાં અગત્યનાં સ્થાનોમાં અમદાવાદ જિલ્લાનું લોથલ તથા સૌરાષ્ટ્રમાં ગોંડલ પાસે આવેલું રોજડી પ્રસિદ્ધ છે. ભારતની સ્થાપત્યયાત્રાના પ્રથમ મુકામના તે સાક્ષી છે. □

પોતાના 'મૂળ'ને શોધવા માટે ઉત્કટ તપશ્ચર્યાભર્યો પરિશ્રમ કરતાં કરતાં છેક આફ્રિકા પહોંચી જનાર અને ત્યાર પછી એના પરિપાક સ્વરૂપે 'ROOTS' જેવું ઉત્તમોત્તમ પુસ્તક પ્રસિધ્ધ કરીને અમેરિકન સાહિત્યજગતમાં અજબ પ્રકારની હલચલ મચાવી દેનાર અદ્ભુત શબ્દ-શિલ્પી એલેક્સ હેઈલીએ પોતાના પિતાને અર્પેલ હૃદયપુષ્પાંજલિનો આ ભાવાનુવાદ છે. પ્રસ્તુત કૃતિમાં એમણે એમના પિતાના જીવનની એક અવિસ્મરણીય ઘટના વર્ણવી છે, જે એમના પોતાના જ શબ્દોમાં રજૂ કરી છે.

કૃપાદૃષ્ટિ

ડૉ. પીયૂષ પંડ્યા

આમારા પિતાજીનો અમારા પર એટલો જબ્બર પ્રભાવ છે કે આજે પણ જ્યારે અમે ભાઈ-બહેનો ભેગાં મળીએ છીએ ત્યારે અમારી વાતોનું કેન્દ્ર-બિન્દુ એ જ હોય છે. કારણ કે અમે આજે જે કાંઈ છીએ, જે કાંઈ પામ્યાં છીએ તે એમના પ્રખર પુરુષાર્થને કારણે જ. એમણે જે કાંઈ સહ્યું, જે યાતનાઓમાંથી, જે અગ્નિપરીક્ષાઓમાંથી એમને પસાર થવું પડ્યું તે બધાંમાંથી સુવર્ણની માફક તપીને એમનું 'હીર' બહાર આવ્યું.

અમારા ઉછેર પાછળ આ હીરનો કેટલો વિરાટ હિસ્સો !

આજથી બરોબર સો વર્ષ પહેલાં એમનો જન્મ થયેલો. નામ એમનું સીમોન એલેક્ઝાન્ડર હેઈલી. સાવાનાહના એક નાનકડા ગામમાં એમનું બાળપણ વીતેલું. દાદાનું નામ એલેક હેઈલી. સખત પરિશ્રમી. પ્રારંભમાં તો વેઠીઆ તરીકે આવેલા, પણ ધીરેધીરે ભાગીઆ તરીકે ખેતી કરવાની તક મળેલી.

અમારાં દાદીમાનું નામ કવીન (!). આમ તો સ્વભાવનાં એ ભારે લાગણીશીલ પણ વખત આવે કઠોર-કડક પણ બની શકતાં - એમાંય જ્યારે અમારી બાળકોની વાત હોય ત્યારે તો ખાસ. એમના અંતરમાં હમેશાં ઈચ્છાનો એક અખંડ દીપ ઝળહળ્યા કરે કે મારા બાપુ ભણે. એ જમાનો તો કેવો ! કાળો છોકરો ખેત-મજૂરી કરી શકે એવડો થાય ને છતાંય જો એ સ્કૂલમાં જતો હોય તો એ છોકરો નકામો-નમાલો-નાલાયક-માં લેખાય. લોકો બોલે કે આવડો મોટો ઢગો થયો તો ય 'ભણે છે', કામે નથી જતો !

આથી જ, મારા પિતા જ્યારે છઠ્ઠા ધોરણમાં આવ્યા ત્યારથી દાદીએ દાદાજીને ચાનક ચઢાવવા માંડેલી.

'કહું છું, આઠ આઠ (સંતાનો) તો છે, તો એમાંથી એકાદને ભણાવીએ તો શું લૂંટાઈ જવાનું છે ! છોને લોકો નાલાયક કહે, પ્રયત્ન કરવામાં શું જાય છે ? મગજ નહીં ચાલે તો પછી મજૂરી તો માથે પડેલી છે જ ને !' છેવટે દાદીની રોજરોજની ટકટકારીથી કંટાળીને દાદા પીગળ્યા. એમણે બાપુને આઠ ધોરણ પૂરાં કરવા દીધા. જો કે ખેતરમાં મજૂરી તો ચાલુ જ હોં ! નિશાળેથી છૂટી સીધ્ધા ખેતરે...! પણ આઠ ધોરણથી ધરવ થાય તો દાદી શેનાં ? એમણે તો ફરી દાદાને પાણી ચઢાવવા માંડ્યું... કેવો છોરો આઠ ધોરણ સંડેડાટ તરી ગયો ! હવે હાઈ સ્કૂલ પૂરી કરી નાખે તો તમારો કેટલો વટ થઈ જાય ગામમાં !' ને દાદીનો પાસો અહીં પણ પોબાર પડ્યો... એમના કહેવામાં એવો તો શો જાદૂ હશે કે આવા 'સ્થિતપ્રજ્ઞ' જેવા દાદા પણ માની ગયા... !

બોલાવ્યા બાપુને પાસે, કહે 'દીકરા, પરસેવાને ટીપેટીપે ધોયેલા આ પચાસ ડોલર છે તે તને આપી દઉં છું. વધારે નથી. માટે હવે કદી માગતો નહીં !'

આ હાઈ સ્કૂલ પણ એમ કાંઈ પાસે થોડી હતી? ઘણે દૂર જવું પડે તેમ હતું. જિંદગીમાં રેલવે ટ્રેઈન કેવી હોય તે જોયેલી નહીં, અરે સ્ટેશને પહોંચવા માટે જ પહેલાં ખચ્ચર પર, પછી ગાડીમાં બેસીને કમરતોડ મુસાફરી કરવી પડી - પછી પહોંચ્યા 'જેકસન' નામના શહેરમાં. ને ત્યાંના 'અશ્વેતો' માટેના એક વિદ્યાલયમાં એમણે પ્રવેશ લીધો. આ સંસ્થામાં જુનિયર કોલેજ સુધીના શિક્ષણની વ્યવસ્થા.

એમની પાસે સુદામાનાં તાંદૂલની માફક ફક્ત પચાસ જ ડોલર ! એ તો કેટલા ચાલે? ઘડીના છઠ્ઠા ભાગમાં એ તો ચટણી થઈ ગયા !

પણ મહેનતકશ ખેડૂતનો દીકરો, હિંમત હારવાનો તો કોઈ પ્રશ્ન જ નહોતોને ! નાનાંમોટાં કામ શરૂ કર્યાં ભણતે ભણતે... વેઈટરનું કામ કરે, નાનીમોટી મજૂરી કરે... ને બાળગુનેગારોની એક સંસ્થામાં મદદનીશનું કામ પણ કરે. અરે શિયાળાની હાડકાંને ઠારી દે તેવી ભયાનક ઠંડીમાં સવારે ૪ વાગે ઊઠીને ગોરા ધનિક કુટુંબોને ઘેર જઈ એમના room heaterની ભઠ્ઠીઓ સળગાવી આવે...!

પોતાની પાસે તો એક જ જોડ કપડાં અને બૂટની એક જોડી. આંખો હમેશાં ઘેરાયેલી ઘેરાયેલી હોય. એવું તો કેટલીયવાર બનતું કે એમના ખોળામાં પુસ્તક પડેલું હોય ને એ ઊંઘી ગયા હોય !

અભ્યાસની ફી અને રોટલાના બટકા માટે બાપુને જે ત્રાસદાયક પરિશ્રમ કરવો પડતો તેને લીધે એમના અભ્યાસનું ધોરણ કથળવા માંડ્યું... છતાં હિંમત હાર્યા વગર એમણે એ પરિશ્રમ ચાલુ જ રાખ્યો અને છેવટે ટેક્નિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

આમ ને આમ, બીજું વર્ષ એના અંતિમ તબક્કામાં હતું ને એક દિવસ એમના પ્રાધ્યાપકે બોલાવીને કહ્યું, 'સીમોન, એક કોર્સમાં તને નાપાસ કરવામાં આવે છે. કારણ કે, તેં એને માટેનું પાઠ્યપુસ્તક બરોબર

વાંચ્યું નથી...' 'હવે શું કરવું ?' એ પુસ્તક એટલું મોંઘું દાટ હતું કે એમને માટે એ ખરીદવું કલ્પનાની પણ બહાર હતું !

હતાશાના એક પ્રચંડ પ્રહારે જાણે એમને દિગ્મૂઢ કરી દીધા ! કઈ યાતના એમણે નો'તી વેઠી ભણવા માટે ! ભૂખ-તરસને તો જાણે નેવે જ મૂકી દીધેલી. અરે વર્ષોનાં વર્ષોથી નિરાં...તની હૂંફાળી નીંદર પણ ક્યાં લીધી હતી? એ બધુંય ખલ્લાસ? મીંડિયું વળી ગયું આ બધાય પુરુષાર્થનું?! જતો રહું પાછો ઘેર. ને બની જાઉં વેઠીઓ ફરી એકવાર?

થોડાક દિવસ માટે તો એ શૂન્યમનસ્ક બની ગયા... તેવામાં અચાનક એક દિવસ એમને એક પત્ર મળ્યો, 'પુલમાન કંપની' નામની એક રેલવે સંસ્થા તરફથી -

'ભાઈશ્રી,

સેંકડો અરજીઓમાંથી અમે જે ૨૪ અશ્વેત કોલેજછાત્રો પસંદ કર્યા છે તેમાંના તમે એક છો. તમને અમે, ઉનાળુ ટ્રેઈનના શયનયાનના એટેન્ડન્ટ તરીકે લીધા છે. તરત મળી જશો.'

બાપુ તો આ માની જ ન શક્યા ! આંખો તો એમની ગંગા-જમના બની ગઈ ! અત્યાર સુધી દબાવી રાખેલી ગૂંગળામણને જાણે માર્ગ મળી ગયો વહેવાનો...!

ઝટપટ પહોંચી ગયા એ સંસ્થામાં. એમને બફેલોથી પીટ્સબર્ગની ટ્રેઈનમાં 'નાઈટ એટેન્ડન્ટ'નું કામ સોંપવામાં આવ્યું. પછી તો રાતોની રાતો ટ્રેઈનના ડબ્બામાં ધસમસતી રહી. પણ પેલી ભણવાની એવી તો જબ્બર અગન પ્રજળેલી હૈયામાં કે આટલી કાળી મજૂરી પણ હળવી લાગવા માંડેલી...

...આવી જ એક રાત્રે, લગભગ બે વાગ્યાનો સુમાર હશે ને એટેન્ડન્ટ માટેની ઘંટડી રણકી ઊઠી. વીજળીવેગે બાપુ બેઠા થઈ ગયા અને પહોંચી ગયા અંદરના ભાગમાં.

જોયું તો એક પ્રભાવશાળી વડીલ પોતાની સીટ પર બેઠેલા હતા. એમણે કહ્યું, 'ભાઈ ! મને અને મારી પત્નીને ઊંઘવાની તકલીફ છે, તું એકએક પ્યાલો ગરમ દૂધની વ્યવસ્થા કરી શકીશ ?'

ને બાપુ તો થોડીક જ વારમાં ગરમ ગરમ દૂધના બે ગ્લાસ ચાંદીની ટ્રેમાં લઈને હાજર થઈ ગયા, સાથે બે ચોખ્ખા નેપ્કિન પણ ...!

પેલા વડીલે એક ગ્લાસ નીચેની બર્થમાં પર્દાની પાછળ બેઠેલાં એમનાં પત્નીને આપ્યો અને બીજા ગ્લાસમાંથી દૂધ પીતાંપીતાં બાપુ સાથે વાતે વળગ્યા...

હવે, આ પુલમાન કંપનીનો તો એક અત્યંત કડક નિયમ કે પ્રવાસીઓ સાથે એટેન્ડન્ટે ફક્ત હાજી-નાજી સિવાય કશી જ વધારે વાતચીત નહીં કરવાની, જ્યારે આ 'મોટા' તો પ્રશ્ન પર પ્રશ્ન પૂછ્યે જ જતા હતા. અરે, વાત કરતા કરતા એ તો બાપુની પાછળ પાછળ એટેન્ડન્ટની ખોલીમાં પણ પહોંચી ગયા !

'ક્યાંનો છે ભાઈ તું ?'

'સવાનાહ, ટેનેસીનો, સાહેબ.'

'ક્યારથી આ કામ કરે છે ?'

'હમણાં થોડાક જ સમયથી, સાહેબ'

'આ પહેલાં શું કામ કરતો હતો ?'

'સાહેબ, હું ગ્રીન્સબરોની કોલેજનો વિદ્યાર્થી છું. આ નોકરીથી થોડો ટેકો રહે છે...!'

'તું વાતચીત સરસ કરી શકે છે, ઉચ્ચાર સરસ છે તારા...'

'આભાર સાહેબ.' પછી મૌન ! બાપુ અદબ વાળીને ઊભા રહ્યા ! એમણે પ્રેમાળ નજરે બાપુની સામે જોઈ કહ્યું, આભાર દોસ્ત...!

બીજે દિવસે સવારે ટ્રેઈન પીટ્સબર્ગ પહોંચી. એ દિવસોમાં તો જ્યારે ૫૦ સેન્ટની ટીપ અધધધ ગણાય ત્યારે પેલા સજ્જને બાપુને વિદાય વેળાએ પાંચ ડોલરની નોટ આપી દીધી !!

એ આખાય ઉનાળા દરમ્યાન પોતે જે કાંઈ કમાયા એ બધા જ પૈસા એમણે ભેગા કર્યે રાખ્યા. નોકરીને અંતે ગણતરી કરતાં જણાયું કે, એટલા પૈસામાંથી પોતાની માલિકીનું હળ અને ખચ્ચર ખરીદી શકાય. પછી વિચાર્યું કે, અરે, આટલા પૈસામાંથી તો એક આખાય સત્રની ફી અને રહેવા-ખાવાનો ખર્ચ પણ નિરાંતે નીકળી જાય. કોઈ નાનીમોટી નોકરી કરવાની પણ જરૂર ન પડે ને આરામથી ભણી શકાય !

ને સંતોષની એક લહેરખી એમનના હૃદય પર છાઈ ગઈ !

ઉનાળાની રજાઓ પૂરી થઈ અને ફરી બાપુ કોલેજ પહોંચી ગયા. હજી તો કોલેજ કેમ્પસમાં પહોંચ્યા હશે ત્યાં એમને માટે કોલેજના પ્રેસિડેન્ટનો સંદેશો રાહ જોતો હતો. 'તરત આવીને મળો' - ફરી પાછું શું હશે ? બાપુનું હૃદય તો ધડધડધડધડ...!

સાહેબની કેબિન સુધી પહોંચતાં તો નવ નેજાં થઈ ગયાં...

'તારું નામ સીમોન છે ? તારે માટે એક પત્ર છે.'

'હાજી...'

આ ઉનાળાની રજાઓમાં તું 'પુલમાન' માટે એટેન્ડન્ટનું કામ કરતો હતો ?'

'જી...'

'ત્યાં કોઈ સજ્જનને એક રાત્રે તેં ગરમ દૂધ લાવી આપેલું ?'
'હાજી...?!'

'ઠી...ક, તો જો સીમોન, એ સજ્જનનું નામ છે શ્રી આર. બોયસ અને તેઓ કર્ટીસ પબ્લિશિંગ કંપનીના નિવૃત્ત વડા છે... તને ખબર છે 'સેટર્ડે ઇવનિંગ પોસ્ટ' ત્યાંથી પ્રકાશિત થાય છે ?'

'જી...'

હવે સાંભળ, એ દિવસના તારા વર્તનથી શ્રી બૉયસ તારી ઉપર બહુ પ્રસન્ન થયા છે અને એમણે તારે માટે ૫૦૦ ડૉલર મોકલ્યા છે, જેમાંથી આ પૂરા શૈક્ષણિક વર્ષ માટેની ફી, પુસ્તકો અને રહેવા-જમવાની બધી જ વ્યવસ્થા થઈ શકે, ને તારે નાનીમોટી નોકરી માટે અથડાવું ન પડે.

બાપુ તો અવાક્ !

પ્રેસિડેન્ટ ઊભા થયા અને લાગણીથી ધ્રૂજતા બાપુની પીઠ પર હૂંફાળો હાથ ફેરવતાં બોલ્યા, 'બેટા, નિષ્ઠા ફળ આપે જ. આ તકનો બરોબર ઉપયોગ કરી લેજે.'

આ આકસ્મિક ભેટ બાપુ માટે તો અ-મૂલ્ય જ થઈ પડી. પૈસા મેળવવા માટે બીજું કાંઈ જ કરવાનું ન રહેતાં એમણે અભ્યાસમાં એટલી લગનથી મન પરોવ્યું કે એ એમના વર્ગમાં સૌથી પહેલા સ્નાતક થઈ ગયા એટલું જ નહીં, આ સિદ્ધિએ એમને કોર્નેલ યુનિવર્સિટી ઇથાકામાં પૂર્ણ શિષ્યવૃત્તિ પણ અપાવી !

એ વર્ષ ૧૯૨૦નું. પિતાજીનાં તાજાં લગ્ન થયેલાં. નવવધૂ (બર્થા)ને લઈને એ ઇથાકા આવ્યા અને કોર્નેલ યુનિવર્સિટીમાં અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કર્યો. જ્યારે મારી માતાએ 'ઇથાકા કન્ઝર્વેટરી ઑફ મ્યૂઝિક'માં પીંઆનો શીખવાનું શરૂ કર્યું.

- બીજે વર્ષે મારો જન્મ થયો. ત્યારપછી તો વર્ષોનાં વર્ષો વીતી ગયાં. મેં પણ જીવનની ઘણીબધી તડકીછાંયડીઓ જોઈ... ઘડાતો રહ્યો... લખતો રહ્યો.

તેવામાં એક દિવસ 'સૅટર્ડે ઇવનિંગ પોસ્ટ'ના તંત્રીવિભાગ તરફથી, એમની ન્યૂ યૉર્કની ઑફિસે આવવાનું નિમંત્રણ મળ્યું. એમને મારા પ્રથમ પુસ્તક 'The Autobiography of Malcolmx'ની સંક્ષિપ્ત આવૃત્તિ બાબતે ચર્ચા કરવી હતી.

માનશો? એક અધીરા માણસની માફક મેં એ નિમંત્રણ સ્વીકારી લીધું! કારણ કે આ એ જ 'સૅટર્ડે ઇવનિંગ પોસ્ટ' કે જેનો પરોક્ષ રીતે અમારા સમગ્ર કુટુંબ પર જબરો ઉપકાર હતો. હું ગયો ! તરત જ મને એ સંસ્થાના અગ્રણી પેલા શ્રી બૉયસનું, એમના ઉદાર-ભલા પ્રેમાળ ચહેરાનું સ્મરણ થઈ આવ્યું. પેલો રેલવે કંપાર્ટમેન્ટવાળો પ્રસંગ નજર સમક્ષ તરવરી રહ્યો !

એમના એક હમદર્દીભર્યા નાનકડા શુભ કાર્યે કેટલી બધી વ્યક્તિઓના હૃદયમાં ઉજાસ ભરી દીધો હતો !

એ પ્રસંગ ન બન્યો હોત તો આજ હું આવી માતબર સંસ્થાના તંત્રીઓ વચ્ચે એક લેખકની હેસિયતથી બેસી શક્યો હોત ખરો?

ને કોણ જાણે કેમ મારું હૃદય ભરાઈ આવ્યું અને મારાં ધ્રૂસકાં હું કાબૂમાં ન રાખી શક્યો - જાણે કે એ મારા હાથની વાત જ નહોતી રહી! આવડો મોટો, પીઢ થઈ ચૂકેલો હું... છતાં પણ પેલી પુણ્યગંગોત્રીનું સ્મરણ થઈ આવતાં અહોભાવના જબ્બર વહેણમાં જાણે તણાઈ ગયો...!

એક નાનકડી અનુકંપાએ જે વલયો જન્માવ્યાં તેમણે વિસ્તરતાં વિસ્તરતાં ફક્ત બાપુને જ નહીં, એમના પછીની પેઢીઓને પણ કેટલું બધું 'સુખ' બક્ષ્યું !

એ ઘટના ન ઘટી હોત તો ? - તો આજે પણ અમે બધાં જ અભણ, લાચાર, ગરીબીમાં સબડતાં વેઠિયાં જ હોત ને ...!

ઈશ્વરની અસીમ કૃપાદૃષ્ટિ કે એ ઘટના ઘટી, જેને પરિણામે અમારો ઉછેર થયો. ભણેલાં, વિદ્યાવ્યાસંગી મા-બાપની છાયામાં. કબાટોનાં કબાટો ભરેલાં ઉત્કૃષ્ટ પ્રકારનાં પુસ્તકોની વચમાં અને ખાસ તો ગર્વીલા હૃદય સાથે...!

આજે તો, મારો ભાઈ જ્યોર્જ યુ.એસ. પોસ્ટલ રેઈટ્સ કમિશનનો ચેરમૅન છે. જુલીઅસ મૂર્ધન્ય સ્થપતિ છે. લૂઈ સંગીતનો આરાધક બન્યો છે અને હું લેખક...!!!

શ્રી બૉયસ મારા બાપુના જીવનમાં આશીર્વાદ સ્વરૂપે આવ્યા એ ઘટનાને કદાચ કોઈ કેવળ આકસ્મિક ઘટના તરીકે લેખે. પણ ના, હું એને એ રીતે નથી જોઈ શકતો. મને એમાં પરમતત્ત્વનો કૃપાપ્રસાદ જ દેખાય છે... કોં ઈશ્વરી સંકેત !!

અને આથી જ હું હમેશાં એક વાત દૃઢપણે માનતો થયો છું કે, આપણે જે પણ કાંઈ પામીએ, પ્રાપ્ત કરીએ. તેનો યત્કિંચિત ભાગ - થોડો પણ એને પાછો આપવાની આપણી નૈતિક ફરજ છે. તે ભાન કદી ન વીસરવું.

કોને ખબર, આપણને નાનકડું લાગતું એ કાર્ય કાંઈ કેટલાંય કુટુંબોને તેજોમય બનાવી શકે છે, શ્રી બૉયસની માફક !! □

ખજૂર-ખારેક

આજે તો ખજૂર પણ સસ્તો નથી, પણ શ્રમજીવીઓ માટે ખજૂર ઈશ્વરદત્ત અને અન્ય કેટલાક મેવાની સરખામણીમાં કંઈક સસ્તો અને ખૂબ સુંદર ગુણકારી મેવો છે. આપણે ત્યાં મળતો ખજૂર મોટેભાગે આરબ દેશોમાંથી આવે છે. આપણા દેશમાં ખજૂરીનાં જે ઝાડ થાય છે તેના ત્રણ પ્રકાર છે : પહેલા પ્રકારની ખજૂરીમાં ફળો નથી થતાં પણ તેના થડમાંથી માત્ર રસ ઝરે છે જે વાસી થતાં 'તાડી' તરીકે વેચાય છે, અને તે એક કેફી પેય છે. આવો તાજો રસ 'નીરો' કહેવાય છે અને તે શક્તિ આપનું એક ઉત્તમ ગુણકારી પેય છે. ખજૂરીના થડમાં કાપા કરી આ રસ કઢાય છે અને બહુધા તે એકાંતરે વર્ષે લેવાય છે - એટલે કે એક વર્ષ રસ લીધા પછી એક વર્ષ ઝાડને આરામ આપવામાં આવે છે. -

બીજો પ્રકાર તે લીલી ખારેક કે ખલેલાં તરીકે જેનાં ફળ બજારમાં મળે છે તે. એમાં પીળી અને રાતી એ બે જાતો છે. પીળી કરતાં રાતી ખારેક વધુ સ્વાદિષ્ટ અને વધુ ગુણકારી છે. આ લીલી ખારેકની સુકવણી તે ખારેક. શુભ પ્રસંગોમાં આપણે ત્યાં તેનું આગવું માહાત્મ્ય રહ્યું છે.

આપણે ત્યાં સાગરકાંઠાના પ્રદેશોમાં તેનું ઠીકઠીક વાવેતર થાય છે. આપણી તરફની આ ખજૂરી 'ભોંયખજૂરી' નામે ઓળખાય છે. કદાચ તેનાં ઝાડ નીચાં હોય છે તે પરથી તેને 'ભોંયખજૂર' કહેતા હશે. આ ખજૂરી ઉપર થતાં ફળ ખલેલાં કે લીલી ખારેક કહેવાય છે. પાકીને ખજૂર બનવા સુધીના તબક્કે તે પહોંચી શક્તા નથી. એટલે પાકાં ખજૂરની આપણે આરબ દેશોમાંથી આયાત કરવી પડે છે. અરબસ્તાનમાં મદીનાની દક્ષિણે તથા યુફ્રેટિસ અને તાઈગ્રિસ નદીના પ્રદેશમાં તેનું ખૂબ વાવેતર થાય છે. એક આરબ મત છે કે ખજૂરીના ઉપરના ભાગને તાપની અને તેનાં મૂળને પાણીની જરૂર પડે છે. ટૂંકમાં, ઉનાળામાં તે ગરમ અને સૂકી હવાની તેને જરૂર પડે છે, અને શિયાળામાં વરસાદ (પાણી) અને ઠંડીની. એની ઘણી જાત થાય છે. ભારતમાં એની ઘણી જાત ઊગે છે, પણ તેનાં ફળનો ખજૂર બનતો નથી. પંજાબમાં ગરમ અને રેતાળ પ્રદેશમાં, સિંધ અને સિંધુ નદીના પ્રદેશમાં તેનું વાવેતર થાય છે. ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્રનો સાગરકાંઠો, બિલિમોરા, નવસારી, વલસાડ, દમણ, અને મુંબઈ નજીક તેનું વાવેતર થાય છે. તેનાં પાંદડાંની છડ બે-ત્રણ હાથ લાંબી હોય છે. તેનાં પાનમાંથી સાદડી, પંખા, ટોપલા, રસી-દોરડાં વગેરે બને છે. એનો પાલો ઢોરને પણ ખવરાવાય છે.

પીળાશ પડતી 'સિહાની', રાતી અને રસદાર 'બિની', બહુધા વિદેશોમાં જતી 'જાબેલી', મોટાં લાંબાં ફળવાળી સૌથી ઉત્તમ 'નીડ', પીળાશ પડતી સ્વાદિષ્ટ 'ખોલાસ' વગેરે એની વિવિધ જાતો છે. કચ્છમાં સાડાઉ નામના ગામમાં એક ખેડૂતની વાડીમાં એક ખજૂરી છે, જેની ખારેકને કૃષિ નિષ્ણાતો દુનિયાભરની શ્રેષ્ઠ ખારેક ગણાવે છે. એનો અત્યંત સ્વાદિષ્ટ ગર મોંમાં મૂક્તાં જ ઓગળી જાય તેવો પોચો થાય છે અને વરસાદમાં પણ એ



શ્રેષ્ઠ ખજૂરનું કચ્છમાંનું એકમાત્ર વૃક્ષ

ટકી રહે છે. એની આકર્ષક લાલ ખારેક અત્યંત મોંઘા ભાવે વેચાય છે. આવું શ્રેષ્ઠ ખારેકનું દુનિયાભરમાં આ એક જ વૃક્ષ હોઈ કૃષિ નિષ્ણાતો તેમાંથી બીજું વૃક્ષ ઉગાડવા માટે પ્રયોગો કરી રહ્યા છે, પણ હજી તેમાં સફળતા મળી નથી; અને એનો માલિક પણ પ્રયોગાર્થે તેનાં 'પીલાં' વેચવા તૈયાર નથી. પીલા એ ખજૂરીની વંશવૃદ્ધિ માટે મૂળ ઝાડમાંથી નીકળતી ફૂટને કહે છે. હવામાનને કારણે આપણા દેશમાં થતી લીલી ખારેક 'ખલાલ' અવસ્થા સુધી પાકયા બાદ 'ખજૂર' બનવા સુધી પાકીને પહોંચી શક્તી નથી. આવી લીલી ખારેક તે ખલેલાં અને તેને સૂકવતાં ખારેક બને છે. ખલેલાં આથી યે વધુ પાક્યા પછી તેમાંથી ખજૂર બને છે. લીલી ખારેકમાં સાકરિયા, બસરાઈ, મેનાવી, જરખ, હલાવી, ચૂપચાપ, ઉમાણી, સરકી અને સોરી વગેરે વિવિધ જાતો જાણીતી છે.

આમ તો, આ લીલી ખારેક અને ખજૂરના ગુણ સરખા છે, ખલેલાં (પાકેલી લીલી ખારેક) સ્વાદે મધુર, સહેજ તૂરી, ગુણમાં સ્નિગ્ધ, રુચિકર, ઉત્તેજક, શક્તિવર્ધક અને થોડા પ્રમાણમાં કબજિયાતકારક હોય છે. હૃદયરોગ, ઉદરરોગ, તાવ, તરસ, ઊલટી અને મૂર્ચ્છામાં એ લાભકારી હોવા સાથે કામોદ્દીપક હોય છે. પીળાં કરતાં લાલ ખલેલાં વધુ ગુણકારી ગણાય છે, પણ વધુ પડતા ખલેલાં ખાવાથી ડચૂરો વળે છે.

ખારેક કરતાં ખજૂર વિશેષ ગુણકારી છે, પણ ખજૂરની અવેજીમાં ખારેક વાપરી શકાયછે. વીસ વર્ષની વયે પહોંચ્યા પૂર્વે ખારેક અને ગોળનું સેવન કરાવવાથી છોકરાની ઊંચાઈ વધવા સાથે શરીર પુષ્ટ થાય છે. સૂકા મેવા તરીકે પણ ખારેક ઉત્તમ છે.

ખારેકના ઠળિયાની ધુમાડી આપવાથી હરસની પીડા શમે છે. આ ઠળિયાને પાણીમાં વાટીને ચોપડવાથી મસ્તકની પીડા શાંત થાય છે. સૂકી ખારેકના ગરનો ભૂકો, સૂંઠ, લીલી દ્રાક્ષ, સાકર અને ઘી નાખીને કઢેલું દૂધ પીતા રહેવાથી જીર્ણ જ્વર મટે છે. માખણ ચોપડીને બેત્રણ કલાક રાખ્યા પછી ખૂબ ચાવીને ખારેક ખાવાથી શરીરનો થાક, સ્ફૂર્તિનો અભાવ અને આળસ દૂર થાય છે. (અનુસંધાન પાન ૨૬ ઉપર)

રંગભૂમિની ભાષા-૫ : વાક્

હસમુખ બારાડી

પ્રોફેસર બનેવી અને બહેન ફરી એક વખત ભાઈ વાન્યા અને ભાણી સોન્યાના શોષણની યોજના બનાવીને જાય છે ત્યારે, 'અંકલ વાન્યા' નાટકના અંતે, ચાર પાત્રો એમને વળાવીને પાછાં ફરે ત્યારે, 'પાયેખલિ' (એટલે કે 'તેઓ ગયાં') શબ્દ જ ઉચ્ચારે છે; દરેકનો સંબંધ/સંદર્ભ/મિજાજ જુદો છે. એની જ નાટ્યાત્મકતા ઉપરાંત, આ એક જ 'કવિતાઈ' શબ્દની ઝંકૃતિ/ઉચ્ચારણ નવું સંગીત સર્જે છે; નટ-દિગ્દર્શકને સર્જનાત્મક મોકળાશ આપે છે; શબ્દની શક્તિ સૂચવે છે... કારણ કે એ **નાટ્યકારનો શબ્દ** છે. ('વાન્યામામા' - અન્તોન ચેહફ, ભાષાંતર નિધિ, ૧૯૮૩.)

આપણી 'વાક્'ની વિભાવનામાં 'ચત્વારિ પદાનિ વાક્' એટલે એના ચાર પ્રકાર ગણાવાયા છે : **પરા** એટલે મૂલાધારમાં સ્થિત; **પશ્યંતી** તે હૃદયમાં (પશ્યંતી હૃદયગા), **મધ્યમા** એ બુદ્ધિસંલગ્ન (બુદ્ધિયુન્મધ્યમા યાતા) અને **વૈખરી.** (વક્ત્રે તુ વૈખરી) એટલે માનવીના મુખમાંથી નીકળે તે.

'રામચરિત્માનસ' મુજબ, પરા તે રસ, પશ્યંતી તે અર્થ, મધ્યમા તે છંદ અને વૈખરી તે શબ્દ ! માત્ર શબ્દે અટકી જનારા, સંવાદે નાટક બન્યું માનનારા, શબ્દ પણ પૂરો ન ઉચ્ચારી જાણનારા કે ફટાકડાની જેમ શબ્દનાં તડતડિયાં ન બોલતાં હોય તો 'નાટકમાં મજા ન પડી' માનનારાઓ માટે એટલું કહેવું બસ છે કે સિદ્ધ તો પરાવાક્ કરવાની હોય નાટકમાં, કારણ કે **કાવ્યેષુ નાટકં રમ્યમ્ !**

નાટકનું 'ધ્વનિવિશ્વ' એટલે કે **સાઉન્ડ ટ્રેક** ચાર અંગો ધરાવે છે : માનવવાણી-ઉચ્ચારણ, સંગીત, પ્રાકૃતિક કે કૃત્રિમ ધ્વનિઓ અને નીરવતા. આ ધ્વનિવિશ્વ ખુદ એક ઘટના છે; એ ક્રિયા સાથે કે ક્રિયા વિના પણ હોય; ક્રિયાને એ નવું પરિમાણ આપે, ક્રિયાની મર્યાદા વળોટી આપે વગેરે. આપણે આ જરા વિગતે જોઈએ :

શબ્દનો ઉચ્ચાર નાટકના સંવાદનું એક ઘટક છે; ઉચ્ચારણ પાત્ર કરે છે. એટલે પ્રેક્ષકોને એ માનવીય લાગે છે; એ સામાજિક અભિવ્યક્તિ કલાત્મક અભિવ્યક્તિ બનવાની ક્ષમતા ધરાવે છે; શબ્દ અમૂર્ત તત્ત્વો અને સર્વકાલીન લાગણીઓનો સહજ વાહક છે; એનું સંગીત છે; એ ક્રિયાની સહોપસ્થિતિમાં સુસંગત અને/અથવા વિરોધાભાસી અર્થ પ્રકટ કરી શકે છે.

નાટકમાં ભાષા સામાન્ય જીવનની બોલચાલની હોય તો પણ એ વ્યાકરણની શિસ્ત પાળે છે, એથી ક્રિયા (અને એની પાછળના વિચાર)ને પણ ભાષાની શિસ્ત સાથે સુસંગત રહેવું પડે છે. વળી, આ શિસ્તની યોજનાપૂર્વકની અવગણના પણ અર્થવાહી બની શકે છે.

આ ભાષાનો ઉદ્દેશ **તત્ક્ષણ-તત્સ્થળ-પ્રત્યાયનનો** છે; પાત્ર, સંદર્ભ, ભૂમિકા અને મિજાજ નિઃશંકપણે સમજાવવાનો છે. સામાન્ય બોલચાલનો એ શબ્દ અનેક અર્થો સૂચિત કરી શકે; 'ઉચ્ચારણ'ની શિસ્ત આ શબ્દને વધુ જીવંત અને પ્રત્યાયનશીલ બનાવી દે; જેમ અન્તોન ચેહફે 'પાયેખલિ' પ્રયોજ્યો છે.

નાટકમાં ક્રિયાની જેમ 'વાક્' પણ **વર્તમાનકાલીન** છે, પ્રેક્ષકો જુએ છે ત્યારે જ એ સાંભળે છે - પાત્રોનો એ વર્તમાન છે; એ જ રીતે એ જ સ્થળનું એ વાક્ છે ! ચંદ્રવદન મહેતા કહે છે તે, **'ક્રિયાપદોની કલા'** નાટકમાં જટિલતા-ક્લિષ્ટતાને સ્થાન ન હોય; સંવાદ ન સમજાય તો રિવાઈન્ડ કરી ફરી સાંભળી ન શકાય (મુદ્રણના માધ્યમની જેમ); એટલે એ સરળ અને સહજ હોય; કદાચ એમાં કૃદંતો, ક્રિયાવિશેષણો કે વિશેષણો ઓછાં હોય; ક્રિયાત્મક, ક્રિયાસૂચક ક્રિયાપદો અને કર્તાકર્મ જ વધુ હોય; જેમાં સરળ-સમય-સંદર્ભ સીધાં જ ઝિલાતાં હોય ! **એક વાક્યમાં એક જ વિચાર કે લાગણી હોય,** ગતિ હોય, ક્રિયા જન્મે એવી શક્યતા હોય. 'ટુ બી ઑર નોટ ટુ બી' (શેક્સ્પીઅર - 'હૅમ્લેટ') એનું તરત યાદ આવતું ઉદાહરણ છે. બીજું ઉદાહરણ તે 'એ જ રૂપ, એ જ રંગ, એ જ હલક...' ('ધરાગુર્જરી', ચંદ્રવદન મહેતા). **ચિત્ર, લાગણી, ક્રિયા, વિચાર, સ્થળ, કાળ વગેરે સર્જી શકે તે નાટ્યકરનો શબ્દ !** એટલે કે પેલી **સરળતા અને સાહજિકતાની** સાથોસાથ આ સૂચકતા રંગભૂમિની ભાષાની શક્તિ અને શક્યતા હોય ! લાઘવ એની ત્રેવડ હોય.

ઇટાલિયન નાટ્યકાર લુઈજી પિરાન્દેલો એને **ઉચ્ચરિત ક્રિયા** (સ્પોકન એક્શન) એટલે તો કહે છે; ઉચ્ચારણ માત્ર ક્રિયા જ સૂચવે નહીં, ખુદ 'ક્રિયા' એટલે કે નાટક બને; આટલી સમૃદ્ધ 'વાક્-પ્રણાલિ' ધરાવતી આપણી સંસ્કૃતિમાં તો એટલે જ વાક્નું આટલું મહત્ત્વ છે.

કેટલાકનો એવો મત છે કે નટની આંગિક ક્રિયાઓ 'સ્થળ' સર્જે છે, એમાં વાણી (એટલે કે ઉચ્ચરિત શબ્દ) ભળે એટલે એને 'સમય' મળે છે; એ જ રીતે વેશભૂષા, સન્નિવેશ અને અન્ય સામગ્રી (દા. ત. ખુરશી)વગેરે સ્થળ સર્જે અને સંગીત, ધ્વનિઓ અને નીરવતાનો સાઉન્ડ ટ્રેક એને 'સમય' આપે. નાટ્યઘટના વર્તમાનકાલીન હોવાથી આ 'કાલસર્જન' નાટકના વાક્નું મહત્ત્વનું કાર્ય છે, જવાબદારી છે.

કેર ઈલામે એના પુસ્તક 'સિમિઓટિક્સ્ ઑફ થીએટર એન્ડ ડ્રામા' (પૃષ્ઠ ૧૬૮)માં કહ્યું છે કે કૉમેડિમાં ઉચ્ચારણના પુનરાવર્તન અને યાંત્રિકતાની શક્યતા સર્જાય એવી ભાષા પ્રયોજાતી હોય છે; જ્યારે ટ્રૅજેડિમાં ઉચ્ચારણના ઘોષ, લય, આરોહઅવરોહ વગેરેની શક્યતાઓ ઊભી થાય, માનવલાગણી અને ક્રિયાનું સૂચક વૈવિધ્ય ચીંધે એવી ભાષા પ્રયોજાય છે. તેમણે 'હૅમ્લેટ'ના પ્રથમ દૃશ્યનું પૃથક્કરણ આ દૃષ્ટિએ આમ આપ્યું છે : પ્રારંભે પ્રશ્ન છે, પછી ઈન્કાર, બે આદેશો, એક પ્રતિજ્ઞા, ફરી પ્રશ્ન, એક વિધાન, એક આદેશ, એક ફરિયાદ વગેરે બે ચોકિયાતો વચ્ચે પાંચેક મિનિટના દૃશ્યમાં આવે છે !

એ બધી ક્રિયાઓ શબ્દસૂચક છે, અથવા શબ્દ-ક્રિયાઓ છે. આ જ નાટકની વિગતે વાત ફેરવર્ણનની કલા ' તરીકે આ જ સ્થળે અગાઉ કરી છે. ('કુમાર' ઑક્ટો.'૯૨).

વળી, કોઈ પણ કલાપ્રક્રિયા એટલે પસંદગી અને ગોઠવણી. કોઈના જીવનના પચાસ પ્રસંગોમાંથી પાંચ પ્રસંગો પસંદ કરી, એને અમુક ક્રમમાં ગોઠવી વાર્તા લખાય; આટલા બધા ધ્વનિઓ અને વાદ્યોમાંથી અમુકને પસંદ કરી, એને ગોઠવી સંગીતરચના થાય; અનેક પાત્રોની કંજૂસાઈના પ્રકારો નિહાળી એને ગોઠવીને નટ કંજૂસનું પાત્ર સર્જે વગેરે... શબ્દની પસંદગી અને ગોઠવણી પણ નાટ્યક્રિયામાં એ જ કલાપ્રક્રિયામાંથી પસાર થાય. બોલચાલની કે પાત્રોચિત ભાષા અનેક સ્તરે નિરર્થક, પ્રલંબ, અસંગત લાગે, પણ એણે તખ્તે અવતરવા તો શિલ્પીને ટાંકણે અને સોનીની હથોડીએ ઘડાવું જ પડે, એટલે કે નાટ્યકાર કરતાં નટને મોંએ ઉચ્ચારાવું પડે - એ મંચના દરેક કલાકાર (દિગ્દર્શક, નટ, ડિઝાઈનર, સંગીતકાર વગેરે)ની પસંદગી/ગોઠવણીની પ્રક્રિયામાંથી પસાર થવું પડે.

શરીર તો અજાણપણેય ક્રિયાઓ કરે, પણ વાણી તો સાયાસ જ ઉચ્ચારાય એવું પણ કેટલાક માને છે. વિચારાય એટલું બોલાતું નથી; પરંતુ બોલાય તે તરત જ ધ્યાનાકર્ષક બને છે. એવું પણ કહેવાય છે કે, પાણીમાં તરતી પેલી હિમશિલાની જેમ ટોચ દેખાય (એટલે બોલાય) તે તો દસમો ભાગ છે; બાકીના નવ ભાગ તો પાણીમાં (એટલે કે મનના વિચારોમાં) 'નિહિત' હોય છે. એને સબ-ટેક્સ્ટ કહે છે; જે સમજ્યાથી માત્ર સમજાય. એટલે કે ઉચ્ચરિત શબ્દ દસ ગણો અર્થવાહી હોય છે; અને તેથી 'પાત્ર ઉચ્ચારે' એ સ્થિતિએ, નવગણી તીવ્રતા પાત્રે મનમાં અનુભવી હોય છે, એટલે કે ઉચ્ચરી પડાયું હોય એ સ્થિતિએ ભાષાનું નક્શીકામ થયું હોવું જોઈએ. ટૂંકમાં એ ગદ્યલેખન નથી; અભિવ્યક્તિ છે; વદ્ ક્રિયાનો વાદ છે. - સમ્, પ્રતિ, વિ એટલે કે સંવાદ, પ્રતિવાદ વિવાદ બધું જ - બે પાત્રો વચ્ચેનો, આંતરપ્રક્રિયા તરીકે થયેલો, લાગણીની ઉત્કટતા વ્યક્ત કરતો, સંદર્ભો સૂચવતો, પણ સાથોસાથ કર્ણપ્રિય સંગીત બની રહેતો 'સંવાદ' છે ! આ પ્રક્રિયા અને એને થતી ઉચ્ચારણ-ક્રિયા શબ્દના શાબ્દિક અર્થને વધુ સૂચવવાની શક્યતા બક્ષે છે ! કારણ કે ભાષાના વ્યાકરણ કરતાં ઉચ્ચારણનું વ્યાકરણ પણ જુદું છે. વિસામોનું જ ઉદાહરણ લઈએ તો, અલ્પ, અર્ધ, પૂર્ણ વગેરે **સામયિક વિરામો** છે; પણ ઉચ્ચારણ દરમ્યાન શ્વાસઉચ્છ્વાસ માટેનો વિરામ, અર્થ સ્પષ્ટ કરવા કે ભાર મૂકવા માટેના વિરામો અને ખટકા, ક્રિયા સાથેના સંયોજન માટેનો લય, સહેતુક લયપરિવર્તન અને મૌન; ઉચ્ચારણની વિવિધ રીતોમાં પળોટાતો શબ્દ અને એની સંક્રમણતા (ટ્રાન્ઝીશન્સ) વગેરે પણ નાટ્યકાર પાસે વિશિષ્ટ ભાષાની અપેક્ષા રાખે છે; (એટલે તો આપણે વાક્છટા કે ભાષાછટાની વાત નથી કરતા) 'નાદ' બની શકે એવા માનવધ્વનિની વાત કરીએ છીએ.

શબ્દની મંચનીયતાનું આપણે ત્યાંનું સૌથી નોંધપાત્ર ઉદાહરણ તે વેદની ઋચાઓનું પઠન, યાજ્ઞિકોનું શ્લોકપઠન, ક્રિયાકાણ્ડો દરમ્યાન ઘોષ-પ્રતિઘોષો; એ શબ્દો મુખોપમુખ ઉચ્ચારણ માટે અને એ જ રીતે પેઢી દરપેઢી સ્મૃતિસંગ્રહ માટે સર્જાયા હતા. લેખન અને મુદ્રણના માધ્યમે એને 'વાચ્ય' બનાવી દીધો; એ નાટ્યકારનો શબ્દ નહોતો એટલે નટે એને ત્યાં જ રહેવા દીધો.

આ **સહસ્ર-અક્ષરા વાક્** એટલે કે 'સાઉન્ડ ટ્રેક'ના બાકીનાં ત્રણ અંગોમાં, શબ્દની જેમ જ **સંગીત પણ સમય** જ છે; જે ઉચ્ચરિત શબ્દને સંમાર્જે, સુશોભાવે, અર્થ દે, ઉત્કટ કરે, સહ્ય પણ બનાવે.

ઘંટારવ, વાતાવરણના **ધ્વનિઓ**, પંખીઓનો કલરવ, ઝરણું કે બારણું ખૂલે, ફોન રણકે, પિસ્તોલ ફૂટે વગેરે ધ્વનિઓ ક્રિયાને સુસંગત તો હોય જ, અનિવાર્ય પણ ખરા; પરંતુ મુખ્યત્વે એનું કાર્ય તો વાસ્તવિકતા સર્જવાનું, 'સમય'ને 'સ્થળ' આપવાનું. સ્થળને જીવંત બનાવવાનું છે. ક્યારેક વિશિષ્ટ ધ્વનિઓથી અર્થભર સહોપસ્થિતિ સર્જી શકાતી હોય છે; સ્થળ-સમયનું સંક્રમણ કરાતું હોય છે; ધ્વનિઓનું જ સંગીત સર્જાતું હોય છે.

નીરવતા એમાં સૌથી ઊંચે શિખરે બિરાજે. નીરવતામાંથી વાક્ જન્મે અને એમાં જ એ વિરમે; એ તો બધાં જાણે છે. પરંતુ બાકીનાં ત્રણેય અંગો (વાણી, સંગીત, ધ્વનિ) સુપેરે પ્રયોજ્યા પછીની નીરવતા વધુ અર્થભર બનતી હોય છે. વાક્ના ઑર્કેસ્ટ્રેશનમાં નીરવતાનું આયોજન કુશળ નાટ્યકાર કરે, એટલે કે શબ્દનું આયોજન એના મંચનની એ શક્યતાને પણ હમેશાં ધ્યાનમાં રાખે.

ટૂંકમાં, નાટ્ય એટલે જેમ **શબ્દલેખન** કે શબ્દઉચ્ચારણ માત્ર નહીં, તેમ જ નાટ્યભાષાની આવી વિશિષ્ટ મુદ્રા તે નાટ્યકાર અને રંગમંડળીની તાકાત છે. જેમ તેઓ માત્ર સંવાદો જ નથી સર્જતા, તેમ સંવાદોથી પણ 'કાવ્યનું રમ્ય નાટક' સર્જે છે. □

અનુસંધાન] ખજૂર-ખારેક [પૃ. ૨૪ પરથી

ખારેક કે ખજૂરના ઠળિયાને બાળીને તેની રાખ કરી તેમાં કપૂર તથા લીંબોળી કે કણજીનું તેલ મેળવીને નિયમિત ચોપડવાથી ખરજવામાં લાભ થાય છે.

ખારેકના ચૂર્ણને ચારપાંચ કલાક પાણીમાં પલાળી રાખ્યા પછી તેને ચોળી લઈને તે પાણીને ગાળી તેમાં એક ચમચી ગુલાબજળ ઉમેરીને પીવાથી દેહમાં થતી દાહ-બળતરા શાંત થાય છે. અલબત્ત, આ પ્રયોગ દરમિયાન ગરમ તાસીરવાળા પદાર્થો ખાવા ત્યાજ્ય છે.

આ જ રીતે બે ચમચી ખારેકનું ચૂર્ણ બસો ગ્રામ દૂધમાં ઉકાળી તેમાં એક ચમચી શુદ્ધ ઘી નાખીને ગરમગરમ પીવાથી શરીરની નબળાઈ કે વાયુને કારણે થતી અંગપીડા દૂર થઈ શક્તિ, કાંતિ અને સુંદરતા વધે છે.

શિયાળામાં ખજૂર પલાળીને દૂધ સાથે ખાવાથી સારો પૌષ્ટિક લાભ મળે છે. ખજૂરનો પાક પણ બનાવાય છે. ખજૂરમાંથી ખર્જૂરાસવ નામે આયુર્વેદિક આસવ બને છે તે સંગ્રહણીમાં, ખાંસીમાં ગુણ કરેછે. આ આસવ દારૂની લત છોડાવવામાં પણ ઉપયોગી છે અને બીજી બાજુ ખજૂરમાંથી આલ્કોહોલ પણ બનાવાય છે. નાનાં બાળકોને વધુ પડતી ખવરાવવાથી તેમના પેટમાં કૃમિ થાય છે. ખારેક અને ખજૂર શિયાળામાં એક ઉત્તમ ગુણકારી પૌષ્ટિક ખાદ્ય છે. □

કથાસરિત્સાગર

(લંબક ૩ : લાવાણક[1] : તરંગ ૧)

વત્સરાજકથા (ચાલુ)

કનુભાઈ જાની

વિશ્વ સર્જાય નિર્વિઘ્ને માટે બ્રહ્માય યાચતા,[2]
માનું છું કે,[2] કૃપા જેની એ વિઘ્નહરને નમઃ
આલિંગતી પ્રિયા ત્યારે શિવેયે જેની ધાકથી
થથરે, જગજેતા તે, જય હો[3] પંચસાયક.[4]

એમ વાસવદત્તા મળી એટલે વત્સરાજ ધીમે ધીમે એના જ સંગમાં રચ્યાપચ્યા રહેતા મનવાળો થઈ ગયો. રાજ્યભાર તો રાતદિવસ સંભાળતા હતા મહામંત્રી યૌગન્ધરાયણ અને સેનાપતિ રુમણ્વાનને પોતાને ઘેર બોલાવ્યો. કહે, 'આ વત્સેશ ! પાંડવવંશમાં જન્મેલો ! વંશાનુવંશે આ આખી ધરણી એની જ છે - આ હાથીના નામે નામવાળું હસ્તિનાપુર સમેત (બધુંય). પણ (હવે) કશુંયે જીતવાની ઇચ્છા જ ન મળે ! એટલે (બધુંયે) ખોઈ બેઠા. હવે હાથમાં આટલું-અમથું રહ્યું છે વત્સમંડલ ! મહિલા-મદિરા-મૃગયા એ ત્રણેયમાં આસક્ત રહેતો રાજા નિશ્ચિત થઈ બેઠો છે ![5] ચિન્તા બધી જ રાજ્યભારની આપણને જ સોંપી બેઠો છે ! ત્યારે હવે આપણને પણ આપણી બુદ્ધિશક્તિથી એવું કરવું જોઈએ જેથી એને વંશપરંપરાથી મળેલું સમગ્ર પૃથ્વીનું રાજ્ય પાછું પ્રાપ્ત થાય. એવું કરવામાં જ આપણી સાચી (રાજ-)ભક્તિ છે ને એમાં જ આપણું સાચું મંત્રીત્વ ગણાય. બુદ્ધિથી બધુંયે સાધી શકાય છે. એ વિષે એક કથા કહું. સાંભળ :'

ચતુર વૈદ્યની કથા

પહેલાના કાળમાં મહાસેન નામે એક રાજા હતો. એને કોઈ બળવાન રાજાએ ઘેરી લીધો.[6] ત્યારે પોતાનું હિત ન જોખમાય એ જ જોનારા મંત્રીઓએ મળીને રાજા પાસેથી પેલા દુશ્મનને દંડ અપાવડાવ્યો. દંડ દીધા પછી તો એ સ્વમાની રાજાની વેદનાનો પાર ન રહ્યો. 'અરે ! હું ઊઠીને શત્રુ આગળ ઝૂકી પડ્યો !' એ જ વળી વળીને વિચાર ઊઠે. આ શોકમાં ને શોકમાં રાજાને શરીરે એક ગૂમડું[7] થયું. એની પીડામાં ને પીડામાં રાજા તો મરણતોલ થઈ ગયો. દવાથી એ ફૂટે એમ નથી, એમ માનીને એક વૈદ્યરાજ રાજા આગળ જૂઠું-જૂઠું બોલ્યો : દેવ, આપનાં દેવી તો અવસાન પામ્યાં !' સાંભળતાં જ, એ શોકના આવેગથી એ રાજા જોરથી ભૂમિ પર પછડાયો ને પેલું ગૂમડું આપોઆપ ફૂટ્યું. રોગ ગયા પછી ધીરે ધીરે રાજાએ દેવીનો સહવાસ પણ માણ્યો અને શત્રુને પણ જીત્યો.

એ વૈદ્યે પોતાની બુદ્ધિથી જેમ રાજહિત સાધ્યું એમ આપણે પણ રાજાનું હિત સાધીએ અને ઐની ભૂમિ એને પાછી અપાવીએ. એમાં બાધક છે એક પ્રદ્યોત, મગધનો[8] રાજા. એ આપણી પાછળ રહેલો છે ને કાયમ પાછળથી જ ઘા કરે છે. એટલે એનું જે કન્યારત્ન છે પદ્માવતી નામે (પુત્રી) એનું માગું વત્સરાજ માટે આપણે નાંખીએ. યુક્તિથી આપણે વાસવદત્તાને (ક્યાંક) છુપાવીને, પછી રણવાસને આગ ચાંપીને, 'દેવી બળી ગઈ'ની વાત બધે ફેલાવીએ. કાંકે એ વિના તો મગધાધિપ (વાસવદત્તાની હયાતીમાં પોતાની કન્યા ના જ આપે. પહેલાં મેં એક વાર એને માટે વાત મૂકેલી ત્યારે 'હું કાંઈ પ્રાણથીયે અધિક વ્હાલી મારી પુત્રીને એ વત્સેશ્વરને ન જ આપું; વાસવદત્તા પ્રત્યેનો એનો સ્નેહ બહુ પ્રગાઢ છે.' વળી એ દેવી હોય ત્યાં સુધી વત્સરાજ પણ બીજી કોઈને પરણે જ નહીં. (પણ) દેવી બળી ચૂકી છે એમ જાહેર થાય, પછી બધું થઈ શકે. એક વાર પદ્માવતી મળે પછી સંબંધી બનેલ મગધાધિપ પાછળથી હુમલો તો ન જ કરે, ઊલટો સહાયમાં આવે. પછી આપણે પહેલાં પૂર્વનાં રાજ્યો જીતવા માંડીશું,[9] પછી ક્રમેક્રમે બીજાં (લેતાં લેતાં), વત્સેશ્વરને એમ એની આખી ધરતી (પાછી) અપાવીશું. આપણે જો આટલો ઉદ્યોગ કરીએ તો, પેલી દિવ્ય વાણી પ્રમાણે, આ આખી પૃથ્વી આ રાજાને પાછી પ્રાપ્ત થઈ જાય."

આ મંત્રીશ્રેષ્ઠ યૌગન્ધરાયણને સાંભળીને, એમાં એક સાહસની શંકા લાવતાં, રુમણ્વાને ઉત્તર આપ્યો : 'પદ્માવતી મેળવવાને કારણે આપણે કરેલું છળ ક્યારેક આપણને બંનેને જ દોષી ઠરાવી દે (એમ પણ બને). એની એક વાત કરું. સાંભળો :'

ધૂર્ત સાધુની કથા

ગંગાને તટે માકન્દિકા નામે એક નગરી હતી. એમાં, જૂના કાળમાં એક મૌન વ્રતધારી સાધુ રહે. ભટકીભટકી ભોજન મેળવતો એ સાધુ એના અનેક શિષ્યો સાથે એક મંદિરમાંના એક મઠમાં પડ્યો રહેતો. એ એક વાર ભીક્ષાર્થે એક વણિકના ઘરમાં પ્રવેશ્યો. ત્યાં ભીક્ષા લઈને (આપવા) આવતી એક સુંદર કન્યા એણે જોઈ. એનું અદ્‌ભુત રૂપ જોઈને જ કામવશ એ શઠના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા : 'અરે ! મરી ગયા !' એ ઉદ્‌ગાર પેલા વણિકે - કન્યાના પિતાએ સાંભળ્યા. સાધુ તો ભીક્ષા લેતોકને પોતાને સ્થાને ગયો. ત્યારે ત્યાં પહોંચી જઈને ઉત્સુકતાથી પેલા વણિકે એકાંતમાં પૂછ્યું, 'આજે જ કેમ અકસ્માત્ આપ આપનું મૌન તોડીને બોલી ઊઠ્યા?' સાંભળીને પેલો સાધુ વણિકને કહે, 'તમારી' એ કન્યા દુર્લક્ષણોવાળી છે. એનું લગ્ન થતાં જ પુત્ર-પત્ની સહિત તમારું બધું જ નાશ પામશે એ નક્કી. એટલે એને જોતાં જ મને બહુ દુઃખ થયું. (ગમે તેમ તો ય) તમે મારા ભક્ત રહ્યા. એટલે મારાથી મૌન તોડીને પણ બોલાઈ જવાયું - તમારે ખાતર. એટલે, આ કન્યાને લાકડાની એક મંજૂષામાં પૂરી દઈ, ઉપર એક દીવો મૂકી ગંગામાં વહેતી મૂકો.' 'ભલે (બાપજી), એ પ્રમાણે કરીશ' કહીને, ભયના માર્યા, જઈને તરત રાત્રે જ એ પ્રમાણે બધું જ કરી નાંખ્યું. અવિચારી હોય ભીરુ જે ! (નિર્વિમર્શા હિ ભીરવઃ)

૧.

સાધુએ પણ તત્કાળ પોતાના અનુચરોને કહ્યું, 'ગંગાએ જાવ અને ત્યાં ગંગા પર તરતી, ઉપર દીવો મૂકેલો હોય એવી એક મંજૂષા તમે જુઓ કે એને ચૂપચાપ અહીં લઈ આવો. એને ખોલતા નહીં - મહીંથી અવાજ આવતો હોય તો પણ.' 'ભલે' કહીને એ તો ગયા. પણ એ લોકો ત્યાં પહોંચે તે પહેલાં, ત્યાં ગંગામાં કોઈ એક રાજકુંવર નહાવા પડેલો. એણે, પેલા વણિકે (નદીમાં) છોડી મૂકેલી પેલી પેટી દીવાને લીધે જોઈ, કે તરત નોકરો દ્વારા મગાવીને તરત ઉત્સુકતાપૂર્વક ઉઘાડી; તો, મહીં હૃદયને ઉન્મત્ત કરી મૂકે એવી કન્યા ! તત્ક્ષણ જ એણે તો એની સાથે ગાંધર્વવિધિથી લગ્ન કરી લીધાં. ને પેલી પેટીને, મહીં એક વિકરાળ વાંદરો પૂરીને, ઉપર એક જ દીવા સાથે ગંગામાં (પાછી) તરતી મૂકી દીધી.

પેલો રાજકુમાર એ કન્યારત્નને મેળવીને વિદાય થયો તે પછી પેલા સાધુએ મોકલેલા અનુચરો નદીએ પહોંચ્યા, ને જેવી પેટી જોઈ કે એ લઈને સાધુની પાસે પહોંચી ગયા. ત્યારે હરખાઈને એણે એમને કહ્યું, 'આને તો હું હમણાં જ ઉપર લઈ જઈને એકલો જ આની ઉપર મંત્રસાધના કરીશ. દરમ્યાન તમે બધા આજે રાતભર નીચે ચૂપચાપ સૂઈ રહો.' આમ કહીને પેલી પેટીને મઠની ઉપર ઉપાડી ગયો. ને પેલી વણિક-કન્યા જોવાની તાલાવેલીથી પેટી ખોલી,[૧૦] ત્યાં તો મહીંથી વિકરાળ વાંદરો ઊછળી પડ્યો એની ઉપર - જાણે એનાં જ મૂર્તિમંત દુષ્કૃત્યો એના પર ચડી આવ્યાં. ખીજમાં એના દાંતથી એ વાંદરે તરત એ પાપીનું નાક કરડી ખાધું ને સાથે જ નખોથી કાન ઊતરડી લીધા - જાણે કોઈ કાબેલ - છાકો પાડી દેનાર નિગ્રહજ્ઞ ![૧૧] એ સ્થિતિ થતાં જ એ સાધુડો તરત જ નીચે ઊતર્યો. એને એવી સ્થિતિમાં જોઈને અનુચરો હસવું માંડમાંડ ખાળી શક્યા. ને સવારે તો આખી વાત જાણીને સૌ લોકો હસવા લાગ્યાં; જ્યારે પેલા વણિકને આનંદઆનંદ હતો, કારણ કે એ કન્યાને સારો પતિ મળ્યો.

જેમ પેલો સાધુડો આખરે હાંસીપાત્ર થયો એમ આપણે પણ આપણા આ કારસામાં નિષ્ફળ જઈએ તો બનીએ ! વળી, રાજા માટે તો વાસવદત્તાનો વિરહ અનેક આપત્તિ નોંતરે એવો ગણાય.' એમ રુમણ્વંતે જ્યારે કહ્યું ત્યારે યૌગન્ધરાયણ કહે, 'કાંઈ કરીશું નહીં તો તો કંઈ થશે જ નહીં. કર્યા સિવાય છૂટકો નથી. આ વ્યસનનિમગ્ન (આસક્તિડૂબ્યા) રાજાને કારણે, તો આપણું જે કાંઈ છે તેય રફેદફે થઈ જશે. અને મંત્રી તરીકેની આપણને જે ખ્યાતિ મળી છે તેય હતી-ન હતી થઈ જશે. આપણે આજે સ્વામીને વફાદાર લેખાઈએ છીએ; પછી બેવફા લેખાશું. કામ પાર પાડવા માટે જાતે જ નિર્ણય લેનાર (સ્વાયત્તસિદ્ધિ) રાજા માટે એમના મંત્રીઓ તો, શું કરવું શું ન કરવું એ માટેની રાજાની સૂઝ-સમજના માત્ર વાહકો જ છે; જ્યારે કાર્યસિદ્ધિનિર્ણય સચિવો પર આધારિત હોય ત્યારે (સચિવસિદ્ધ રાજા હોય ત્યારે) સચિવોની સૂઝસમજ જ કાર્યસાધન ગણાય. સચિવ જ જો નિરુત્સાહી હોય (નિરુદ્યોગી હોય), તો પછી લક્ષ્મીને હાથ ધોવાના જ રહે. હવે, તમે જો મહારાણીના પિતા ચંડમહાસેન વિશે શંકા કરતા હો તો - એ રાજા, એમનો પુત્ર અને રાણી પોતે હું કહું એમ જ કરશે."

ધીરોમાં પણ જે મહાધીર ગણાય એવા યૌગન્ધરાયણની આવી વાણી સાંભળવા છતાં કંઈક અજુગતાની જેના મનમાં શંકા હતી એવા (પ્રમાદશંકી) રુમણ્વાને ફરીથી કહ્યું, 'અતિપ્રિય પત્નીના વિયોગે ડૂબેલા ભલાભલા વિવેક ગુમાવે છે. તો પછી વત્સરાજની તો વાત જ ક્યાં રહી ? એ બાબતમાં એક વાત કરું. સાંભળો.' (૬૨)

પાદટીપ

૧. (૧) પ્રત્યેક લંબકને આરંભે 'ઇદં ગુરુગિરીન્દ્રજા'વાળો શિવસ્તુતિનો શ્લોક છે. એ એક વાર અનુવાદાઈ ગયો છે. એટલે એની અહીં પુનરુક્તિ નથી કરી.

(૨) લાવાણક - આપ્ટે પ્રમાણે, મગધ પાસેના એક નાના પ્રદેશનું નામ. અહીં તો આખા ત્રીજા લંબકનું નામ.
ભાસે 'સ્વપ્નવાસવદત્તા'માં લાવાણકને વત્સ-જનપદમાં આવેલું એક ગામ બતાવ્યું છે. ઉત્તર પ્રદેશમાં 'લાવાયન' નામે એક ગામ છે. ગંગાને દક્ષિણ તટે, પ્રયાગથી માંડ વીસેક કિલોમીટરને અંતરે, એ એક પ્રાચીન ટીંબા પર વસ્યું છે. એ કદાચ મૂળ લાવાણક હશે એમ ('ક. સ. સા. તથા ભારતીય સંસ્કૃતિ' પૃ. ૧૭૭) ડૉ. પ્રસાદ માને છે. અહીં તો, કથાના અઢારે ખંડોને જે અલગઅલગ નામો અપાયાં છે એમાંનું, ત્રીજા લંબકને અપાયેલું નામ. અલબત્ત, વત્સરાજ ને વત્સપ્રદેશ એ કથાભૂમિ છે અહીં.

(૩) ક.સ.સા.માંનાં નગરનામો જોતાં કેટલાંક 'પુર', 'કૂટ', 'વતી', 'શ્રૃંગ', 'નગર' - અંતવાળા મળે છે. દા.ત. મુક્તાપુર, શૈલપુર; વજ્રકૂટ, ચિત્રકૂટ; ઇરાવતી, પુષ્કરાવતી; વૈદૂર્યશ્રૃંગ, કાંચનશ્રૃંગ; ચિરાયુનગર. આ કથા નગરો સાથે વધારે સંકળાયેલી છે. એટલે ગ્રામો અહીં ઓછાં આવે છે. આથી વસતીના પ્રમાણમાં ગ્રામનામો ત્યારે કેવાં હશે એનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. પણ 'ગ્રામ', 'પલ્લી', 'અગ્રહાર' - જેવા શબ્દો પણમળે છે. કેટલાંક ગામો નગરથી પણ વધુ પ્રસિદ્ધ હશે. દા.ત. અહીં ઉલ્લેખાયું છે તે આપણું 'લાવાણક'. વળી, 'ગ્રામ'-અન્તવાળાં નામ ક્યારેક નગરનાંયે હોય! દા.ત. વાહીકગ્રામ. પતંજલિએ જનસંખ્યાને આધારે ભેદ પાડ્યો છે : ગ્રામ, ઘોષ, નગર, સંવાહ. ક.સ.સા.માં એવી કોઈ ચોક્કસ ભેદરેખા મળતી નથી.

'ગ્રામ' માટે 'પલ્લી' શબ્દ અહીં વધુ પ્રયોજાએલો મળે છે. શબરો, કિરાતોના વસવાટો તે પલ્લી. તે 'સ્વલ્પગ્રામ'. પાણિનિ આવા નાનકડા, ખાસ કરીને ભરવાડોના વસવાટને 'ઘોષ' કહે છે; પણ ભીલ, શબર, કિરાતની વસતીવાળાને અહીં 'પલ્લી'-અંતવાળું નામ અપાયું છે. પછી તો ક્યારેક નગરનામને અંતે પણ 'પલ્લી' છે ! દા.ત. ત્રિચિનાપલ્લી. ક.સ.સા.માં તો મુખ્યત્વે ભીલોના વસવાટ માટે 'પલ્લી' શબ્દ વપરાયો છે.

રાજાઓ જે ભૂમિ બ્રાહ્મણોને દાનમાં દેતાં, તે બ્રાહ્મણવસવાટો પછી કહેવાતા 'અગ્રહાર'. 'અગ્રે અગ્રે વિપ્ર' કહેવતના મૂળમાં આ વસવાટ; પછી અર્થ ફરી ગયો!

૨. મૂળમાં છે 'મન્યે સ વવ્રે ધાતાપિ' બ્રહ્મા પણ જેને (નમવાનું) પસંદ કરે - એમ થાય. 'મન્યે' એટલે ઇચ્છે, સ્મરે એમ પણ થાય. હું ધારું છું, કહેવાય છે, લાગે છે એવા અર્થમાં પણ પ્રયોજાય. ઉમાશંકર યાદ આવે છે. 'ઉત્તરરામચરિત'ના પાંચમાં અંકમાં લવ, અશ્વમેધયજ્ઞ માટેના ઘોડાને બાંધીને રામસૈન્ય સાથેનું યુદ્ધ વહોરી લે છે. એ યુદ્ધ દરમ્યાન એ જૃમ્ભકાસ્ત્રનો પ્રયોગ કરે છે. સૈન્ય એકાએક જડવત્ નિશ્ચેતન થઈ જતાં સુમન્ત્ર ચન્દ્રકેતુને કહે છે. 'વત્સ, મને લાગે છે કે આ કુમારે જૃમ્ભકાસ્ત્ર આમંત્ર્યું છે.' મૂળમાં છે 'વત્સ, મન્યે કુમારકેણાનેન જાંભકાસ્ત્રમામન્ત્રિતામિતિ.' ('ઉ.રા.ચ.' અનુ. ઉ. જોશી; ૧૯૫૦; પૃ. ૨૨૦)

૩. મૂળમાં સાવ સાદુ ક્રિયાપદ છે 'જયતિ'. એમાં જગત જીતવાનો ભાવ નથી, 'જય હો'નો ભાવ છે. સંસ્કૃતિભેદે આવો ભાવછાયાભેદ પકડવો અન્ય સંસ્કૃતિવાળા વિદ્વાનને પણ મુશ્કેલ. ટૉની 'conquers' કરે છે તે શબ્દાર્થમાં સાચું છે, ભાવ ફરી જાય છે !

૪. મૂળમાં શબ્દ છે 'અસમસાયક' - 'અસમ' એટલે 'એકીસંખ્યાના', અને 'સાયક' એટલે તીરો. કામદેવ કહેવાય છે 'પંચશર', 'પંચેષુ:', 'પંચબાણ:', 'પંચસાયક:'. (એ જ રીતે શિવને એકીસંખ્યા - ત્રણ - નાં નેત્રો હોવાથી એ કહેવાય 'અસમનેત્ર', 'અસમનયન', 'અસમલોચન'.)

અરવિંદમશોકં ચ ચૂતં ચ નવમલ્લિકા,
નીલોત્પલં ચ પંચૈતે પંચબાણસ્ય સાયકા:.

(૧) અરવિંદ : સૂર્યકમળ, રક્તકમળ. 'કુમારસંભવ'માં (૧-૩૨) કહ્યું છે તેમ 'સૂર્યાંશુભિર્ભિન્નમિવારવિંદમ્'

(૨) અશોક: સુંદર રાતું ફૂલ. સંસ્કૃત સાહિત્યમાંનાં નારીપાત્રોનું માનીતું. સ્ત્રીનો વ્હાલ ઇચ્છતું. કવિકલ્પના છે કે સ્ત્રીની માફક વૃક્ષને પણ દોહદ હોય ! નારીસ્પર્શે ખીલે પ્રિયંગુ, મદ્યને કોગળે બકુલ, પગઠેસે અશોક, આલિંગને કુરબક - એમ. 'માલવિકાગ્નિમિત્ર'માં છે -

અકુસુમિતમશોકં દોહદાપેક્ષયા વા
પ્રણિહિતશિરસં વા કાન્તમાર્દ્રાપરાધમ્.

અશોક, આપણા કાલિદાસનું પણ એક પ્રિય વૃક્ષ. 'મેઘદૂત'માં પ્રસંગ મળતાં જ બકુલ-કુરબક-અશોકને યાદ કરી લે છે :

રક્તાશોકશ્ચલકિસલય: કેસરશ્ચાત્ર, કાન્ત,
પ્રત્યાસન્નૌ કુરવતવૃતેર્માધવીમંડપસ્ય;
એક: સખ્યાસ્તવ સહ મયા વામપાદાભિલાષી,
કાંક્ષત્યન્યો વદનમદિરાં દોહદચ્છદ્મનાસ્યા:. (- ૭૫)

આનો અનુવાદ કિલાભાઈનો

ઘેરેલા ત્યાં કુરબકવડે માધવી મંડપો છે,
પાસે રૂપો બકુલ, ઝુલતાં રક્તપાત્રો અશોકે;
ઇચ્છે પ્હેલો વદનમદિરા, દોહદો પૂરવાને,
બીજો ડાબો ચરણ સખીનો યાચતો, મા'રી પેઠે.

અનેક કવિઓમાં પ્રેમની વાતમાં વચ્ચે અશોક આવે જ છે - નામ જ છે અ-શોક, આનંદ.

(૩) ત્રીજું કામદેવનું શર 'ચૂત:', એટલે આંબાની મંજરી.

(૪) નવમલ્લિકા: જાસ્મિનની જાતનું સુગંધી - જૂઈ કે જાઈ-પુષ્પ

(૫) નીલોત્પલ: ભૂરા/આછા વાદળી પડતા કે આછા જાંબુડિયા રંગનું કમળ.

કામદેવના આ પાંચ બાણ. એનું ધનુષ શેરડીનું બનેલું અને પણછ ભમરાઓની બનેલી. ફૂલો પૂરબહારમાં હોય ત્યારે ભ્રમરો ત્યાં ગુંજારવ કરતા જ હોય. ફૂલ એ જ એનું આયુધ! એનાં પંચબાણ તરીકે આપણા 'પૌરાણિક કથાકોષ' (ડા.પી.દે.)માં આમ છે : 'આસોપાલવ, કમળ, સરસવનું ફૂલ, આંબાનો મૉર અને ભૂરું કમળ; એ પાંચ અગર બીજે મતે ચંપો, આંબાનો મોર, નાગકેસર, કેવડો અને બીલીનું ફૂલ'. આ નર્મકથાકોષમાંથી લીધેલું છે. વસન્ત એ કામનો મિત્ર છે; રતિ એની પત્ની.

કામદેવ વિશે અલગ સ્વતંત્ર નોંધ લેવા જેવી ખરી. શિવ-ઉમા-પ્રેમ, અર્ધનારીનટેશ્વરનું રૂપ લઈ, જગતઆખાને એક મહત્તમ આદર્શ પૂરો પાડવા સુધી પહોંચેલો પ્રણય, કામદહનથી આરંભયો હતો! 'ભસ્માવશેષં મદનં ચકાર.' ફ્રોઈડ કે આધુનિક માનસશાસ્ત્ર જ નહિ, આપણી આ પૌરાણિક કથા પણ એને ચેતનાના એક પ્રબળતમ આદિ-બળ તરીકે ઓળખાવે છે. સૃષ્ટિસર્જક બ્રહ્મામાં જેવું મનનું નિર્માણ થયું કે 'ઇચ્છા' થઈ! (સિસ્ટર નિવેદતા તો એની વાત લખતાં એને કહે છે જ મિસ્ટર ડિઝાયર! જુઓ નિવેદિતા અને આનંદકુમાર સ્વામી-લિખિત સુંદર પુસ્તક 'મિથ્સ ઑફ ધ હિન્દૂઝ એન્ડ બુદ્ધિસ્ટ્સ'માંનું 'શિવ'નામે પ્રકરણ છઠ્ઠું.) ઇચ્છાવિહોણું જીવન જ અસંભવિત! અથર્વવેદમાં કામનું સૂક્ત છે. કામદેવને શ્રેષ્ઠ દેવ કહ્યા છે. વળી, કામ એ જ અગ્નિ એમ કહેવાયું. એ જીવનપ્રેરક બળ છે. કામદેવનાં નામો યાદ કરો. એમાં કેટલાં બધાં મન સાથે સંકળાયેલા છે ! - મન્મથ, માર, સ્મર, મનસિજ, મનોજ; અન્ય વળી મદન, દર્પક, મકરધ્વજ, મીનકેતન, કન્દર્પ, સંબરારિ, પુષ્પધન્વા, રતિપતિ, કુસુમાયુધ, અનંગ વગેરે. જીવનના ચાર પુરુષાર્થોમાંનો પહેલો આ - 'કામ.' એની પ્રબળતા પિછાણીએ; આપણે કાંઈ કામપ્રશક્તિ લખવી નથી !

૫. ભારતમાં આવી કથાઓનો પાર નથી. રાજા સ્ત્રીઅનુરક્ત થઈને રાજકાજ બધું નેવે મૂકે; એ કાં ખુવાર થાય, કાં એવે ટાણે એને કોઈક વફાદાર મંત્રી, કોઈક ચારણ, કોઈક મિત્ર/સેવક ઢંઢોળે. બિહારીની 'સતસઈ'માંની વાત જાણીતી છે. પૃથ્વીરાજ-ચંદબરદાઈની

કથા કોણ નથી જાણતું ? આ વસ્તુ અનેક કથાઓનું છે છતાં એ માત્ર મોટિફ નથી, ઐતિહાસિક તથ્ય છે. કાન્તે ભલે કહ્યું 'પ્રણયની પણ તૃપ્તિ થતી નથી...' એ કામની યયાતિવૃત્તિને વધુ લાગુ પડે છે જે 'હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે'- અગ્નિમાં જેમ ઘી વધુ હોમાય ને એ જેમ વધુ ભભૂકે એમ વધે. યયાતિકથા અદ્દભુત છે એટલી જ ચેતાવક છે. અહીં સોમદેવ ત્રણચાર કથાઓ મૂકી દે છે!

૬. મૂળમાં તો છે કે એ રાજા પેલા બળવાન રાજાથી અભિયુક્ત થઈ ગયો - 'અભિયુક્તો અભૂત્' મહાત્ થયો, ઘેરાઈ ગયો, જિતાઈ ગયો, એવા અર્થો થાય.

૭. મૂળમાં શબ્દ છે 'ગુલ્મ'. 'માધવનિદાન' - અનુસાર એ છે એક ગ્રન્થિવિશેષ. શોકને કારણે થતું ગુલ્મ વાયુજન્ય હોય.

'રુક્ષાન્નપાનં વિષમાતિમાત્રં
વિચેષ્ટનં વેગવિનિગ્રહશ્ચ;
શોકાભિઘાતોઽતિ મલક્ષયશ્ચ
નિરન્નતા ચાનિલ-ગુલ્મહેતુ.'

આવી યુક્તિની વાતવાળું મોટિફ ઘણે મળે છે. વેબ્સ્ટરે 'ડચેસ ઑફ માલ્ફિ' (અંક ૪, દશ્ય ૨)માં આવી જ વાત રી છે :

'A great physician, when the Pope was sick
Of a deep melancholy, presented him
With several sorts of madmen, which wild object,
Being full of change and sport, freed him to laugh,
And so the imposthume broke.' (II-2)

યુરોપમાંની કેટલીક આવી કથાઓનાં સંદર્ભો ફ્રેઝરે (II-2 પાદટીપ) આપ્યા છે. મેરી ફ્રીઅરના પ્રસિદ્ધ પુસ્તક 'ઓલ્ડ ડેક્કન ડેયઝ'માં (પૃ. ૨૧૭) એ વાત છે : આંધળો ને બહેરો બાખડી પડે છે. આંધળો પેલા બહેરાને જોરથી એક ધબ્બો ફટકારે છે. એવા જ એના કાન ખૂલી જાય છે ! તો બહેરો એ જ વખતે એવો તમાચો ચમચમાવે છે કે પેલાની આંખ ઊઘડી જાય છે ! કહે છે કે વિશ્વયુદ્ધમાં આવું બનેલું. (II3)

૮. કાશીની પૂર્વમાં હતાં અંગ, બંગ, કલિંગ, કૌશલ, ઉત્કલ વગેરે દેશો; તેમાંનો એક મગધ. એનો દક્ષિણભાગ કહેવાતો 'કીટક', જેનો ઉલ્લેખ ઋગ્વેદમાં (iii - ૫૩-૧૪), અષ્ટાધ્યાયીમાં છે; મહાભારત, વાયુપુરાણ, દશકુમારચરિત, રઘુવંશ વગેરેમાં પણ મગધના ઉલ્લેખો છે. છઠ્ઠી સદી સુધી એની રાજધાની હતું ગિરિવ્રજ; પછી થયું રાજગૃહ. પૂર્વે અહીં દશરથનો સસરો, સુમિત્રાનો પિતા શૂરસેન રાજ્ય કરતો હતો. વળી, મગધ એટલે બુદ્ધ-મહાવીરનાં જન્મ ને વિહારની ભૂમિ. એની બીજી જાણીતી રાજધાની પાટલિપુત્ર - પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર રાજગૃહની જેમ જ.

અહીં પ્રદ્યોતને 'મગધેશ્વર' કહ્યો છે - 'પરિપન્થી ચ તત્રૈક: પ્રદ્યોતો મગધેશ્વર:' - એમાં કાંઈક ઐતિહાસિક દષ્ટિએ ગરબડ થઈ લાગે છે. સુપ્રસિદ્ધ પ્રદ્યોત તો અવન્તિનરેશ હતો અને એની રાજધાની ગણાય ઉજ્જયિની.

૯. પૂર્વ દિશા એ ઇન્દ્રની દિશા કહેવાય. એથી શુભ-મંગલ. વળી એ સૂર્યોદયની દિશા. યૌગન્ધરાયણ રાજાને પૂર્વદિશાથી યાત્રારંભ કરવા સલાહ આપે તે સ્વાભાવિક હતું. એમ જ મનાતું.
પ્રાચ્યામુદેતિ સૂર્યસ્તુ પ્રાચીમિન્દ્રોઽધિતિષ્ઠતિ,
જાહ્નવી યાતિ ચ પ્રાચીં તેન પ્રાચીં પ્રશસ્યતે.
પૂર્વમાં સૂર્ય ઊગે છે, પૂર્વ તે સ્થાન ઇન્દ્રનું,
પૂર્વમાં વહેતી ગંગા, પૂર્વ તેથી પ્રશસ્ય છે.

૧૦. પેટીમાં કન્યા મુકાય, કોઈકને એ મળે તે અન્યને હિંસ્ર પશુ - એવી કથાઓ પશ્ચિમમાં પણ છે. બેસિલના 'પેન્ટામેરોન'માંની એક કથામાં એક કુંવરીને પેટીમાં પૂરીને પેટી તરતી મુકાય છે ને રાજાને એ મળે છે એ વર છે.

૧૧. ટૉની 'સ્કિલફુલ એક્ઝિક્યૂશનર' એવું ભાષાન્ત કરે છે - કાબેલ જલ્લાદ. (ક્રમશઃ)

ચંદ્રવદન મહેતા ઍવૉર્ડ

ગુજરાત નાટ્યસંશોધન કેન્દ્ર અને શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ચંદ્રવદન મહેતાની પુણ્યતિથિએ ચંદ્રવદન મહેતા ઍવોર્ડ એનાયત કરવામાં આવશે. મૌલિક અને ફુલ લેન્થ (પ્રસિદ્ધ અથવા પ્રસ્તુત થયેલા) નાટકની પુસ્તકરૂપે કે હસ્તપ્રતરૂપે બે પ્રત રજૂ કરવાની રહેશે અને તેમાંથી શ્રેષ્ઠ કૃતિને રૂ. ૩૦૦૦/-નો ચંદ્રવદન મહેતા ઍવોર્ડ આપવામાં આવશે. આમાં મળેલી તમામ સ્ક્રીપ્ટ ગુજરાત નાટ્યસંશોધન કેન્દ્રની સ્ક્રીપ્ટ બૅન્કમાં રાખવામાં આવશે તેમજ અન્ય નાટ્ય-સંસ્થાઓને એ કૃતિઓ ઉપલબ્ધ કરવામાં આવશે. પુસ્તક કે હસ્તપ્રતરૂપે ૧૯૯૧ થી ૧૯૯૩ દરમિયાન પ્રકટ કે પ્રસ્તુત થયેલી નાટ્યકૃતિની બે પ્રત ૨૬મી ફેબ્રુઆરી અને શનિવાર સુધીમાં નીચેના કોઈપણ સરનામે મોકલવી :

(૧) ગુજરાત નાટ્યસંશોધન કેન્દ્ર, હસમુખ બારાડી, ૫/૫૦, નવનિર્માણનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩

(૨) કુમારપાળ દેસાઈ માનદ્મંત્રી, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

કાર્થાજ

પ્રીતિ સેનગુપ્તા


'ટૂર આફ્રિક'ને પૈસા આપી દીધેલા, અને આઠ દિવસની ટ્યુનિશિયાની સમૂહ-સફરમાં મારું સ્થાન નક્કી થઈ ગયું હતું. એની શરૂઆત હિલ્ટન હોટેલમાં રાતવાસાથી થઈ હતી. મારો રૂમ સરસ હતો. એના ઝરુખામાંથી, ઘર, રહેઠાણ, મકાનોનો મોટો, સફેદ પ્રસ્તાર દેખાતો હતો. ને કથ્થઈ પહાડોને પછી ભૂમધ્ય સમુદ્ર પણ. ટ્યુનિશિયાનાં અરબી શૈલીનાં ઘર જોઈને આપણે ત્યાંનાં ઘરો ને ચાલીઓ વગેરે યાદ આવ્યાં કરે. અમદાવાદ અને ગુજરાતમાં, એવા જ ઘાટઘૂટ જોવ મળે છે. કમાનો, ઝરુખા, કમાડ, લાકડાની બારીઓ, થાંભલા, ટાઈલ્સની ફર્શ વગેરે. શ્રીમંતોના આવાસો અરબી-ઇસ્લામી શૈલી પ્રમાણેના, અતિસુશોભિત હોય છે. એ બધામાં ટાઈલ-કામ, કોતરણી, કારીગીરી બધું જ ઘણું વધારે હોય છે, ને ખૂબ આકર્ષક લાગે છે.


હિલ્ટનના રૂમમાં સામાન મૂકી મેં એના ઉદ્યાનમાં ધીરે ધીરે ફર્યા કર્યું. કરેણનાં ફૂલ, ગાર્ડેનિયાનાં ફૂલ, અને વળી ઘણા થોરને પણ ફૂલ આવેલાં હતાં. લાલ ઈંટોનો બનાવેલો એક પથ બાગના ઢોળાવો પર, ફૂલ-પાનની વચ્ચે થઈને જતો હતો. ક્યાંકથી મોરના ટહુકવાનો અવાજ સંભળાતો હતો. સ્વચ્છ આકાશમાં સૂર્ય નિરંકુશ સ્વરૂપે પ્રકાશતો હતો. મોટા ગોળાકારે, તપ્ત લાલ કેસરી રંગે સાંધ્ય સમયે એ વિરાજ્યો હતો. મારે એ નિખારની સામે જોયા જ કરવું હતું. પણ દરેક સુંદર સૂર્યાસ્તને ક્યાં સુધી પકડી રખાય ?

રાતનું જમવાનું પણ હિલ્ટનમાં જ હતું. હું તો એકલી જ બેઠી હતી. આજુબાજુનાં ટેબલો પર બીજાં કેટલાંક જણ બેઠેલાં હતાં, મારા ગ્રુપમાં હશે એમાંનાં કોઈ ? મને પ્રશ્ન થયો હતો. પછી તો સવારે પણ અમે બધાં ત્યાં ચ્હા પીવા ગયાં હતાં, પણ કોઈ કોઈને જાણતું નહોતું.

મેં પાસપોર્ટ સાથે રાખ્યો નહોતો. યજમાનને ત્યાં જ મૂકી રાખેલો. એમણે ચિંતા કરાવેલી કે દેશમાં ફરતાં ક્યાંય પણ બતાવવો પડે. 'ટૂર-આફ્રિક'નો ગાઈડ હિલ્ટનમાં આવતાં મેં એને પાસપોર્ટ વિષે પૂછ્યું. એ કહે, નંબર યાદ હશે તો ચાલશે, નંબર તો કોઈ ખોટો પણ લખે, એમ મને થયું. રોજ રાતે હોટેલમાં પાસપોર્ટ, સરનામું વગેરેની વિગતો ફોર્મમાં ભરવી પડતી હતી ખરી, પણ એ ઔપચારિકતા જ હતી. સમૂહમાં ફરતી હતી એટલે ઘણી જાતની શાંતિ હતી. એકલી હોત તો દરેક હોટેલમાં રૂમ માગવા જતાં હેરાન થઈ હોત.

'ટૂર-આફ્રિક'ની એક બસ મેં હિલ્ટનની બહાર જતી જોઈ. થોડી વારે એક મિનિ-વાન આવી. અમારું ગ્રુપ નાનું હતું, તેથી નાની બસ ચાલે તેમ હતી.આ સફરની તપાસ કરવા ગઈ ત્યારે જ એજન્ટે મને કહેલું કે ગાઈડ અંગ્રેજી નહીં બોલે, કારણ કે આખું ગ્રુપ સ્પેનિશ લોકોનું હતું, ને ગાઈડ સ્પેનિશ અને ફ્રેન્ચ જ બોલી શકે તેમ હતો. એ બંને ભાષાઓથી હું થોડી ઘણી પરિચિત છું. બંને શીખેલી છું.તેથી મને વાંધો આવવાનો નહોતો. વળી, દેશને જોવો તો હતો જ, એટલે વાંધા કાઢવાનો પણ અર્થ નહોતો. બસ માટે બધાં ભેગાં થયાં ત્યારે જોયું તો જમવાના વિભાગમાં જોયાં હતાં તે જ બધાં હતાં. દસ જણ હતાં - બધાં સ્પેઈનનાં નાગરિક હતાં. સ્પેઈનથી તો ટ્યુનિશિયા ઘણું પાસે પડે. એ દસમાં ત્રણ યુગલ હતાં, ને ચાર અપરિણિત છોકરીઓ હતી. બધાં પોતપોતાના એક સાથી - પતિ, કે પત્ની; બહેનપણી કે બહેન- સાથે આવેલાં. હું અગિયારમી હતી. એકલી, ને કોઈ જુદા જ દેશની. ભારતની નાગરિક, અમેરિકામાં વસવાટ. ટ્યુનિશિયાની સફર, સ્પેનિશ લોકોનો સાથ ! કમાલનો સરવાળો થતો હતો ! અડધા કલાકની અંદર તો બેએક જણ મારે માટે જાણવા ઉત્સુક થઈ ગયાં હતાં. એક છોકરી થોડું અંગ્રેજી બોલતી હતી. એણે સાધારણ વાત કરવા માંડી. સ્પેનિશમાં અપાતી માહિતીમાં કશું ના સમજાય તો હું એને પૂછી લેતી. એનું નામ 'ક્રિસ' હતું. સાડત્રીસેક વર્ષે એ વિધવા થઈ હતી. એ તો જોકે પછી ખબર પડી. એ ને એની બહેન 'સુઝી' દર વર્ષે સાથે ક્યાંક ને ક્યાંક ફરવા નીકળી જતાં. સુઝી તો ૨૩-૨૪ વર્ષની જ હતી, તે પણ મેં પછી જાણ્યું. પણ ઘણી વધારે ઉંમરની લાગે. વળી, હતી પણ જરા જબરી. ક્રિસ શાંત અને સૌમ્ય હતી. સંપર્ક મારે એની સાથે





કાર્થાજને તારાજ કરવા માટે રોમન સૈન્યે ફેંકેલા પથ્થરના ગોળા તથા કાર્થાજમાં રોમન સમયના નાટ્યગૃહનાં ખંડેર




સિદિબૂ સઈદ ગામનો એક માર્ગ તથા કાર્થાજના રોમન કાળના ભગ્નાવશેષ

જ થયાં, કારણ કે સુઝી અંગ્રેજી બોલતી પણ નહોતી. ગ્રુપમાં લૂઈસ નામનો યુવક પણ અંગ્રેજી બોલતો હતો. એ એની યુવાન પત્ની સાથે ફરવા આવેલો. બાર્સેલોનામાં એની પુસ્તિકોની દુકાન હતી તે જાણીને મને આનંદ થયો હતો. એકાદ દિવસમાં તે બધાં હળી ગયેલાં. ત્રણે દંપતી તો બહુ જ સંસ્કારી અને મળતાવડાં હતાં. ચારે છોકરીઓ સાથે જ ફરવા માંડેલી. હું વારાફરતી કોઈની સાથે ફરતી–ક્યાંતો મારી મેળે, મારી રીતે.

હિલ્ટનથી સવારે સાડા આઠ વાગ્યે અમે નીકળી ગયાં. સૌથી પહેલાં કાર્થાજ જોવાનું હતું. એ તરફના રસ્તા મને પરિચિત થયેલાં હતાં. રોમન અર્ધગોળ નાટ્યગૃહ પાસે અમે ઊતર્યાં. એ ઐતિહાસિક ઉપસ્થિતિ હવે નામમાત્રની જ રહી છે. અર્ધગોળાકારનો થોડો ભાગ જ બચ્યો છે. એની આસપાસ નવી બેઠકો બાંધવામાં આવી છે. દર જુલાઈ–ઑગસ્ટમાં એ સ્થળે કાર્થાજનો બહુ મોટો સંગીત, નાટક, નૃત્યનો ઉત્સવ થાય છે. જુદા જુદા દેશો એમાં ભાગ લે છે. અમે ગયાં ત્યારે એની તૈયારીઓ થઈ રહી હતી. મંચ બંધાતો હતો. મોટાં સ્પીકર્સ ગોઠવાઈ રહ્યાં હતાં. પણ જૂના ભાગને જરાક અડકો ને પતરી છૂટી થઈ આવે. સ્પર્શ ને ઋતુના જુલમને ૨૮૦૦ વર્ષ સુધી પથ્થર કઈ રીતે સહી શકે ? ને જે અડકતાં જ ખરતું હોય તેને સચવાય પણ કઈ રીતે ?

થોડે દૂર પ્રખ્યાત રોમન સ્નાનાગારના અવશેષ છે – છેક દરિયા પાસે જ. એમની હાલત તો એટલી સુકોમળ થઈ ગઈ છે કે એમના સુધી જવાનો રસ્તો જ બંધ કરી દેવાયો છે. ઉપરની ભેખડ ઉપર ઊભાં રહીને જોઈ લેવાનું. ખૂબ મોટી જગ્યા છે. એમનાં પૂર્વ-આકાર ને સ્વરૂપની કલ્પના પણ કરી શકાતી નથી. આસપાસ અગણ્ય પથ્થરના ગોળ, ભારે દડા રખડતા પડ્યા હતા. કેટલાકને એકમેકની ઉપર મૂકીને ગોઠવેલા હતા. કેટલાકને તૂટેલા સ્તંભના ટુકડાઓ ઉપર એકએક કરીને ગોઠવી દેવાયેલા હતા. રોમનોએ દરિયા પરનાં વહાણમાંથી તોપ દ્વારા કે ગોફણ દ્વારા ફેંક્યા હતા એમને. બીજી સદીની આ વાત છે. કલ્પવી પણ મુશ્કેલ. મેં નાનો જોઈ એકાદ દડો ઉપાડ્યો. દસેક શેરનો હતો તો ઊંચકાયો. બીજા મોટા તો હલાવાતા પણ નહોતા.

જ્યાં હજારો વર્ષ પહેલાં એક હવેલી હતી ત્યાં કેવળ પ્રવેશગૃહની ફર્શ પરનું કપચી-ચિત્ર બચ્યું હતું. બીજે સ્થાને અગત્યનું એક મંદિર હતું – 'દામૂસ કારિતા' નામનું, પ્રેમ અને ઔદાર્યનું ગૃહ. ત્યાં કપચી-આકૃતિના છૂટાછવાયા અંશ રહ્યા હતા. જોવા આવનારાં હજારો વર્ષ પહેલાંના ધર્મગૃહના પૂજાસ્થાન પર ટહેલે છે. ઇતિહાસની જેમ ક્રૂરતા હોય છે તેમ એની કરુણતા પણ હોય છે. એ વાસ્તવિકતાનો સ્વીકાર કરી લેવાનો હોય છે.

આખો વિભાગ ૧૯૮૫માં 'રાષ્ટ્રિય સંરક્ષિત ઉત્ખનન સ્થાન' બનાવવામાં આવ્યો. ત્યાં હજી વધારે અવશેષો મેળવવાની આશા છે. સરુનાં ઝાડના એક ઝુંડ પાસે પથ્થરનાં નાનાં કફન હારબંધ મૂકેલાં હતાં. આદિજાતિ ફિનિશિયનનાં રિવાજ પ્રમાણે બાળકોનાં મૃતદેહોને બાળ્યા પછી એમની રાખ આવાં કફનમાં મૂકી રાખવામાં આવતી. આ બધાંની અડોઅડ ટ્યુનિશિયાના રાષ્ટ્રપતિનો પ્રાસાદ અને ઉદ્યાન-સંપત્તિ હતાં. વીજળીના તારની વાડ અને સૈનિકો પણ દૂરથી દેખાતા હતા. એ તરફના ફોટા લેવાની મનાઈ હતી. બધાંએ એકમેકના લેતાં હોય તેમ એ દિશાના પણ ફોટા લઈ લીધા ખરા.

સીદી બૂ સઈદ પર પહોંચ્યાં ત્યારે એ ચાર છોકરીઓ મારી સાથે થઈ, ને હું એમની ગાઈડ બની. ઊંચાં પગથિયાંવાળા કાફેમાં અમે ચ્હા પીવા બેઠાં. મારાથી તો કપ ઢોળાઈ પણ ગયો. 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવો અકસ્માત થયો. પછી હું એમને છેક છેડા પરની અગાશી સુધી લઈ ગઈ. ત્યાં બધું સફેદ ધોળેલું હતું. તે પછી ભૂરું આકાશ ને ભૂરો અર્ણવ. સંપૂર્ણ નિર્બંધતા. ચારે છોકરીઓ ફોટા પાડવા-પડાવવા ઉદ્યત થઈ ગઈ. મને એમાં બાલિશતા લાગતી હતી. એમને નવાઈ લાગતી હતી કે મારે ફોટા કેમ નથી પડાવવા.

એકાદ-બે ફોટા પડ્યા હોય તો ગમે ખરું, પણ મારા ફોટા સારા પડતા જ નથી. ફરવા નીકળું ત્યારે તો નહીં જ. ને સૂર્યના સ્નેહસ્પર્શથી ત્વચા અલ્પ સમયમાં જ શ્યામતર થઈ જતી હોય છે. □

કવિ કોલરિજ

મધુસૂદન પારેખ

ઈ.સ. ૧૭૯૭માં કોલરિજ અને વર્ડ્ઝવર્થ પરસ્પર નિકટના પરિચયમાં આવ્યા. એ અંગ્રેજી કવિતા માટે એક શુભ ઘટના હતી. કોલરિજ અગાઉ પણ વર્ડ્ઝવર્થને મળેલો. બંને કવિ હતા; લોકશાહીના, માનવહક્કના ઉપાસક હતા. તેમ છતાં જેમ જીવનના અનુભવની બાબતમાં તેમ પ્રકૃતિથી બંને વચ્ચે ઘણું અંતર હતું.

સેમ્યુઅલ ટેલર કોલરિજ (Samual Taylor Coleridge-1772-1834) ધર્મગુરુ-શિક્ષકનો પુત્ર હતો. ડેવનશાયરમાં તેનો જન્મ. બચપણથી જ વાચનનો તે ભારે રસિયો - પુસ્તકિયો કીડો હતો. છ વર્ષની ઉંમરે તો તેણે 'અરેબિયન નાઈટ્સ' વાંચી કાઢી હતી. એના પિતા તરફથી આ બાબતમાં તેને સારું પ્રોત્સાહન મળી રહેતું હતું. કોલરિજની આઠ વર્ષની વયે તેના પિતાના અવસાન પછી અભ્યાસ માટે તેને લંડનની સ્કૂલમાં મોકલવામાં આવ્યો. સત્તરેક વર્ષની વયે એ સખત શરદીનો શિકાર બન્યો અને તેમાંથી તેને અફીણનું વ્યસન વળગ્યું. એ અફીણની આદતે એને ક્યારેક યારી આપી. પણ છેવટે તો કવિકારકિર્દીની બરબાદી જ થઈ.

થોડાક સમય માટે એ કેમ્બ્રિજની કૉલેજમાં પણ ભણી આવ્યો. વળી પાછો લંડન ગયો, લશ્કરમાં જોડાયો. ઑક્સફર્ડમાં એને કવિ રૉબર્ટ સધે (Robert Southey)નો પરિચય થયો તે ખૂબ હૂંફાળો નીવડ્યો. એ પછી કવિ વર્ડ્ઝવર્થનો ગાઢ સંપર્ક તેને કવિકારકિર્દીના વિકાસમાં બહુ ઉપયોગી બન્યો. ખરું જોતાં બંને એકબીજાને ઉપકારક બની રહ્યા. વર્ડ્ઝવર્થ, એની બહેન દોરોથી (Dorothy) અને કોલરિજની દેહત્રિપુટીમાં એક જ આત્મા વસતો હતો. દોરોથી સાથેની મુલાકાતે કોલરિજની સર્જકતાને ધાર કાઢવામાં સારી એવી સહાય આપી. કોલરિજે વર્ડ્ઝવર્થની ચિત્તશક્તિને ચાલના આપી. વર્ડ્ઝવર્થે કોલરિજમાં ઇચ્છાશક્તિ રોપી. બંને કવિઓના સહયોગથી અંગ્રેજી કવિતાસાહિત્યને 'લિરિકલ બેલડ્ઝ' (Lyrical Ballads)નો કિંમતી સંગ્રહ મળ્યો. એ સંગ્રહમાં કોલરિજની વિશ્વવિખ્યાત બનેલી કાવ્યકૃતિ 'ધી એન્શન્ટ મરિનર' (The Rime of the Ancient Mariner) સમાવાઈ હતી. કોલરિજે એ બેલડ (Ballad) ઉપરાંત એની કવિકીર્તિને યશ આપે તેવી બીજી બે કૃતિઓ પણ રચી હતી; તેમાંની એક 'ક્રિસ્ટાબેલ' (Christabel) અને બીજી 'કુબ્લા ખાન' (Kubla Khan). 'લિરિકલ બેલડ્ઝ'નું ૧૭૯૮માં થયેલું પ્રકાશન અંગ્રેજી સાહિત્યમાં રોમેન્ટિક વલણના વિકાસનું નિર્દેશક હતું. બંને કવિઓએ એનું આયોજન વિચાર્યું ત્યારે કવિ વર્ડ્ઝવર્થે રોજિંદા વ્યવહારમાં ગોપિત રહેલી રોમેન્ટિક વૃત્તિ-પ્રવૃત્તિ કાવ્યોમાં નિરૂપવી અને અસાધારણ - ચમત્કારક છતાં પ્રતીતિકર નીવડે તે પ્રકારે રોમેન્ટિક કવિતા રચવાનું કવિ કોલરિજે નક્કી કર્યું હતું. બંને કવિઓએ પરંપરાગત કવિતા પર ચોકડી મારી, રૂઢ કાવ્યબાની, પ્રતીક વગેરે સભાનતાપૂર્વક ફગાવી દીધાં અને કવિતાક્ષેત્રે પોતાની આગવી કેડી પાડવાનો પ્રયાસ કર્યો. પ્રશિષ્ટવાદ (Classicism)ની સામે વિદ્રોહ પોકારીને તેમણે રોમેન્ટિક દૃષ્ટિકોણ અપનાવ્યો. બંને કવિ રોમેન્ટિક વલણના પુરસ્કર્તા હોવા છતાં બંનેની પ્રતિભા જુદેજુદે માર્ગે ફંટાઈ રહી. કવિ વર્ડ્ઝવર્થ સ્વભાવથી ઊર્મિલ, તીવ્રપણે સંવેદનશીલ અને પ્રકૃતિનો પૂરો આશક હતો. કોલરિજ મંદોત્સાહી, ઘણુંખરું પ્રમાદી-નિષ્ક્રિય, પુસ્તક-પરાયણ, સ્વપ્નોની સૃષ્ટિમાં વિહરનારો હતો.



કોલરિજની આરંભકાળની રચનાઓને કવિ વર્ડ્ઝવર્થે 'Poems of Sentiment and Reflection' તરીકે ઓળખાવી છે; અને કોલરિજે પોતે "Effusions, Metaphysics, Politics, Love' વગેરેમાંથી કાવ્યબીજ (Theme) મેળવ્યાની વાત કરી છે. આરંભકાળની એની કૃતિઓ "France' વિશેનું ઉદ્‌બોધન, "Ode On The Departing Year' વાંચીને વાચક ભાગ્યે જ કલ્પી શકે કે કોલરિજ 'ધી એન્શન્ટ મરિનર', 'કુબ્લા ખાન' જેવી કૃતિઓનો કવિ બની શકે.

કવિ વર્ડ્ઝવર્થ અને તેની બહેન દોરોથીના સહયોગમાં કોલરિજને કવિપુરુષાર્થ માટે મોકો મળ્યો. તેણે 'ધી એન્શન્ટ મરિનર' રચવાનો આરંભ કર્યો. વર્ડ્ઝવર્થે તેમાં સમ ખાવા પૂરતો સહયોગ આપ્યો એમ કહી શકાય. નાવિકને (Mariner) જે ગુના માટે પ્રકૃતિ શિક્ષા કરે છે તે ગુના અંગેનો ખ્યાલ કવિ વર્ડ્ઝવર્થે આપ્યો હતો. પણ કોલરિજની પ્રતિભા પોતાના અલાયદે માર્ગે જ ગતિશીલ બની. આ બેલડકાવ્યમાં કવિ કોલરિજનો માર્ગ સુતરો નહતો. ચમત્કારક વસ્તુનું નિરૂપણ એ સહેલી વાત હતી; કેટલાય કવિઓ પોતાની કૃતિઓમાં 'અદ્‌ભુત'નો મહિમા કરતા જ આવ્યા હતા. પણ ચમત્કારને સંભવિત મનાવવાનું કાર્ય કઠિન હતું. માત્ર સંભવિત જ શા માટે ? એ વસ્તુ અસરકારક પણ બનવું જોઈએ અને સમગ્ર કાવ્યમાં એનું યોગ્ય-ઉચિત સ્થાન હોવું જોઈએ. કોલરિજે સફળતાપૂર્વક પોતાની યોજના પાર પાડી.

માત્ર કોલરિજની કાવ્યરચનાઓમાં જ નહિ બલકે સમગ્ર અંગ્રેજી કાવ્યસાહિત્યમાં અપૂર્વ ગણાયેલી 'ધી એન્શન્ટ મરિનર'માં કોલરિજની સર્જકપ્રતિભા કઈ રીતે વિચરી હશે, વિહરી હશે એનું ઘણાંને આશ્ચર્ય છે. કોઈકે તો કોલરિજે અફીણના કેફમાં આ કૃતિ રચી કાઢી છે એવી વાત પણ કરી છે. કોઈપણ પ્રવર્તની માનસિક પ્રક્રિયા સમજવી મુશ્કેલ બને. પણ 'ધી એન્શન્ટ મરિનર' અને 'કુબ્લા ખાન'માં કવિનું અ-પૂર્વ આયોજન કોઈ પણ સહૃદય ભાવક કે વિવેચક માટે સમજવું રસપ્રદ થઈ પડે તેમ છે.

કવિ વર્ડ્ઝવર્થે અને કોલરિજે 'લિરિકલ બેલડ્ઝ'નું આયોજન કરતાં એ વાત નક્કી કરેલી કે કોલરિજે અદ્‌ભુત રસનો અથવા તો છેવટે

રોમેન્ટિક વિષય કાવ્ય માટે લેવો - એ શરત કોલરિજે અહીં પૂરી કરી છે. કોલરિજે 'ધી એન્શન્ટ મરિનર' માટે સ્થાનપ્રદેશ વાસ્તવિક જગતથી દૂર અજાણ્યા રાખ્યા છે અને ચમત્કારી તત્ત્વોને પશ્ચાદ્ભૂ તરીકે યોજ્યાં છે પણ એમાં જે વસ્તુનું નિરૂપણ છે તે વાસ્તવિક જગતનું - એક દરિયાખેડૂ નાવિકના સફરનું છે. એથી વાચકને એક તરફ દિલ ધડકાવનારાં ભયાનક દશ્યો ચમકાવી જાય છે તો બીજી તરફ માનવમાત્રથી સાવ વિચ્છેદાઈ ગયેલા એકાકી નાવિકની લાગણીઓ સ્પર્શી જાય છે. કોલરિજ વાચકને અહીં એક વિચિત્ર, ભયાનક, રમણીય સૃષ્ટિમાં ખેંચી જાય છે. એટલે જ આ કૃતિને વિવેચકોએ એક અદ્ભુત કથાકાવ્ય તરીકે ઓળખાવી છે. આદિથી અંત સુધી આ કાવ્યકૃતિએ વાચકોનાં હૃદયને જકડી રાખ્યાં છે.

આ પ્રકારનાં કાવ્યોનો રસ માણવામાં Willing suspension of disbelief એ પૂર્વશરત છે. આમેય આત્મછલના વિના કોઈ પણ કલાની પ્રતીતિ થઈ શકતી નથી. વાચક ઘડીભર બૌદ્ધિકતાને બાજુએ રાખીને, ભૂતપ્રેત કે ચમત્કાર તત્ત્વોની હસ્તી સ્વીકારી લે એ પછી આવાં કાવ્યોનો રસ માણવામાં મુશ્કેલી નડતી નથી. વાચકે કવિની આંગળીએ એની આલેખેલી સૃષ્ટિમાં કશાય પૂર્વગ્રહ વિના જવાની માનસિક તૈયારી રાખવી જોઈએ.

'ધી એન્શન્ટ મરિનર'નું કથાવસ્તુ એવું છે કે એક નાવિક એના સાથી-ખલાસીઓની સાથે સફરે નીકળે છે, પણ તોફાનમાં એનું વહાણ દક્ષિણ તરફ ધસડાઈ જાય છે. એ વખતે એક દરિયાઈપક્ષી એલ્બેટ્રોસ (Albatross) એના વહાણ પર આવે છે. એ પક્ષી શુકનિયાળ છે. નાવિકો તેને જોઈ આનંદ પામે છે. શુભસંકેત માને છે. પણ એક દિવસ મુખ્ય ખલાસી - જે સમગ્ર કથા વર્ણવે છે તે (Mariner)-એ પક્ષીને વીંધી નાખે છે -

With my cross-bow
I shot the Albatross.

આ પક્ષીની હત્યા પછી વહાણ અચાનક ચિત્રવત્ થઈ જાય છે, ખલાસીઓ પણ જડવત્ બની રહે છે -

We stuck, nor breath
nor motion
As idle as a painted ship
Upon a painted ocean.

ખલાસીઓ આ બધા માટે મુખ્ય નાવિકને - 'ધી એન્શન્ટ મરિનર'ને જવાબદાર ગણીને એલ્બેટ્રોસનો મૃતદેહ તેના ગળાની આસપાસ લટકાવે છે. એ પછી કમાન દૂર ક્ષિતિજમાં કંઈક ટપકા જેવું જુએ છે... એ વહાણ હોય છે. પણ પાણી વિના તરસથી એનું ગળું એવું સુકાઈ ગયું છે કે એ આનંદનો ઉદ્ગાર પણ કરી શકતો નથી. એટલે હાથમાંથી લોહી કાઢીને ગળું ભીંજવીને તે પોકારી ઊઠે છે : 'વહાણ, વહાણ'.

I bit my arm, I sucked the blood
And cried, A Sail ! A Sail !

ખલાસીઓ આનંદમાં આવે તે પહેલાં તો એ બધા ભયથી ધ્રૂજી ઊઠે છે. આખું વહાણ પવન વિના કે ભરતી વિના ચાલ્યું આવે છે અને નજીક આવતાં તો વહાણનું હાડપિંજર દેખાય છે. સાક્ષાત્ મૃત્યુની દેવી વહાણ હંકારે છે. સાથે એની એક સખી છે. નાખુદામુખે એનું વર્ણન :

Her lips were red, her looks were free
Her locks were yellow as gold :
Her skin was as white as leprosy

અને એ મૃત્યુદેવીએ બધા ખલાસીઓને એક પછી એક શબમાં પલટી નાખ્યા અને એ બધાની શાપ વરસાવતી આંખો નાખુદા સામે એવી સ્થિર થઈ જાય છે કે નાખુદા થથરી જાયછે. વિશાળ દરિયામાં વહાણ પર હવે નાખુદા એકલો... એની એકલતાનું એ વર્ણન કરે છે -

Alone, alone, all alone.
Alone on a wide wide sea !
And never a saint took pity on
My soul in agony.

પ્રભુની કૃપાનો અણસાર પણ એને મળતો નથી. ભયંકર મૃતદેહોની સામેથી શાપને કારણે એ દૃષ્ટિ ફેરવી શકતો નથી. ભયાનકતાનું સતત દર્શન એને કરવાનું કહે છે. મોતનો પ્રત્યક્ષ અનુભવ કરતો એ જીવતો રહે છે. એકાદ સપ્તાહની આકરી સજા પછી એના શાપના વિમોચનની પ્રક્રિયા શરૂ થાય છે. આકાશમાં મૃદુતાથી સરતો ચંદ્ર જોઈ તે પ્રસન્ન થાય છે. દરિયામાં જળ-સાપ અને તેમના વિવિધ રંગ-ચંગ જોઈ એના હૃદયમાં સમભાવની, સ્નેહની છાલક વાગે છે. એ કહે છે -

And I blessed them unaware

એનામાં હવે પ્રાર્થના કરવાની શક્તિ આવે છે. અને એ સાથે જ પેલું એલ્બેટ્રોસ પંખી તેના ગળા પરથી છૂટીને પડી જાય છે :

The self-same moment I could pray
And from my neck so free
The Albatross fell off, and sank
Like lead into the sea. □

ભૂલસુધાર

ગતાંકમાં શ્રી નીરૂભાઈ દેસાઈની જન્મ તારીખ ૧૯૧૨ની ૧૩મી ડિસેમ્બર અપાઈ છે તેને સ્થાને ૧૯૧૨ની ૧૩મી જાન્યુઆરી વાંચવી.

કલાવાર્તા

મારી ચિત્રકલા

નદી, પર્વત, સાગર કે શેરી જોતાં મને તે ચીતરવાનું મન થઈ જાય છે. ખડકાળ એવી ઊંચીનીચી ભૂમિ પરનાં બેએક વૃક્ષો પણ ચિત્ર બનાવી દે. કુદરતમાં એટલું તો વૈવિધ્ય છે કે એના પરથી ચિત્રસર્જન અવિરત ચાલ્યા કરે.

નજર સમક્ષ દૃશ્ય હોવું ને તેની નકલ થવી એક સામાન્ય પ્રક્રિયા છે. પરંતુ તે જોયાં પછી તેની ભવ્યતામાં ખોવાઈ જઈ તેને પકડવા મથવું એ કંઈક સવિશેષ છે. જે કારણે મનમાં તણખો થાય છે તે પકડાઈ જાય તો બસ. કલાકારને આકર્ષણ હોય છે રંગોનું, નવરચનાનું અને તેથીય પાર કોઈ અનુભૂતિનું.

ચીતરતી વેળા પીછીથી રંગ મુકાતા જ સીમાઓ બંધાતી જાય છે. એ સીમાઓ વચ્ચે રહીને કે ક્યારેક તોડીને રંગો અને આકારો મુકાતા જાય છે. સામે ગમે તે હોય, તેમાંથી કાગળ પર એક સૃષ્ટિ ઊભી થતી જાય છે, કલાકારની એ ખરી સૃષ્ટિ છે. તેમાં દૃઢ રહીને કલાકાર એક કિનારે પહોંચી જાય છે.

દૃશ્યમાં ખોવાઈ જવાથી એક શક્તિપ્રવાહ ઊભો થાય છે. જે કામ કરવા સહજતા આપે છે. જાગૃતિથી તો થાપ ખાઈ જવાય. મૂલ્યાંકન કરવા વચ્ચે વચ્ચે થતું ચિત્રકામ જાગ્રુતિથી તટસ્થ ભાવે જોવાનું ખરું. જલરંગી દૃશ્યચિત્રણ વખતે હું કોમ્પોઝિશન બાંધવા થોડા લીટા કરી લઉં છું. સંપૂર્ણ આલેખન કરવાથી તો રંગ પૂરતી વેળા ખૂબ બંધાઈ જવાય. પ્રથમ તબક્કે છૂટથી રંગો મૂકું. પછી જરૂર જેટલું જ કામ કરું. આખુંયે ચિત્ર ગોઠવાઈ જતાં રંગરમણા ઊભી થાય. બસ, ભીનાભીના રંગોમાં જેટલું થાય એટલું થવા દઉં.

મારાં દૃશ્યચિત્રોમાં નાનાં કદનાં જલરંગી સર્જનો વધુ સબળ બન્યાં છે, એમ મને લાગે છે. તેમાં સૃષ્ટિ અને પ્રકાશ પકડવાં સરળ રહે છે. ચાર બાય સાત ઇંચમાં તો ન ધારેલું કામ થાય છે.



ગળતેશ્વર પાસે : નટુભાઈનું એક દૃશ્યચિત્ર

મોટા કદનાં તૈલચિત્રોમાં જળરંગની એ મધુરતા ઊતારવી અઘરી પડે છે. દિવસો સુધી ચાલતી એ ધીમી સર્જનપ્રક્રિયામાં તણખો ખોવાઈ જાય છે. ચિત્રમાં ખોવાઈ જવાની પ્રક્રિયા ખોરવાઈ જાય તો સર્જન ન પણ થાય. આથી દસ બાય પંદર ઇંચમાં ઘણું કામ થયું છે.

રસ્તે ચાલતાં આસપાસ જોતાં રહેવાથી ઘણું નવું જોવા મળે છે. પરદેશી ચિત્રકાર સેઝાંએ તો પોતાની નજીકની નદીની ભેખડો જ ચીતરી, રંગોની ભાન અને સપાટીઓનું સૌંદર્ય એણે બતાવ્યું. ચિત્રકાર પીઢ થતો જાય તેમ કાગળ પર સમગ્રતા ઊભી કરી શકે. રંગોનું સ્થાપત્ય ઊભું કરી શકે. બેન્દ્રેસાહેબ કહેતા 'Colour has its own relation, its own world. રંગ કિતની મીઠી ચીઝ હૈ, ઉસકો ગંદા મત બનાઓ.' રસિકભાઈ નાનું કાર્ડ બનાવે તો ય તેમાં રચનાકૌશલ્ય હોય. બસ, આવી નાની બાબતો સાથે થઈ જાય તોય સર્જન સબળ બને.

સર્જક નિર્ભય હોય ત્યારે તેના સર્જનમાં બળ આવે છે. સાગરને જ્યારે કાગળમાં સમાવવાનો હોય ત્યારે વિશાળ આકાશ, વાદળો, જળરાશિ અને અથાગ જમીનથી ઘેરાઈ જવાય છે. મન ઉત્તેજના અનુભવે અને ત્યારે હળવેકથી આસન જમાવી ઓછાં સાધનોથી કશાયથી ખલેલ પામ્યા વગર રંગોની રમત કરી લઉં. ચીતરતો ન હોઉં ત્યારે રચના સમજું. ચીતરતી વેળા તો બસ ચીતરવાનું જ.


જેમજેમ ચીતરું છું તેમતેમ નવાં શિખરો દેખાય છે. કુદરતમાં અનંતનાં દર્શન મને ખેંચી રહે છે. આશ્ચર્ય અને આનંદ રહેશે ત્યાં સુધી ચીતરાશે. સૂર્યોદય ખૂબ ચીતર્યો છે. આકાશમાં ઈશ્વરની પીછીએ પૂરેલા રંગો અનેરા હોય છે.

અનુભવે એટલું સમજાયું કે દૃશ્ય પકડવા જતાં મૂકેલા રંગો ને આકારોની એકતા તૂટવી ન જોઈએ. સર્જનમાં unity - એકતાનતા harmony - લયબદ્ધતા ખૂબ જ મહત્ત્વનાં છે.


- નટુભાઈ પરીખ

ભૂલસુધાર

'કુમાર'ના ઑક્ટોબર '૯૩ના અંકમાં પૃ. ૪૦૬ ઉપર કલાવાર્તામાં મથાળે આપેલો દ્રશ્યચિત્રનો ફોટોગ્રાફ ભાઈ પરમાનંદ દાવાડીનો નહિ, પણ તેઓ જેમને પોતાના ગુરુ સમાન માને છે ને ફોટોગ્રાફર કાર્ટિયર બ્રેસોંએ પાડેલો છે.







ગામડાની શેરી, (જમણી બાજુ) મથાળે ઊટીનું એક દશ્ય તથા નીચે સોનેરી શિખરો

અનુસંધાન] સા. સંપર્ક [પૃ. ૪૩ પરથી

તંત્રસાધના, મહાપંથ અને અન્ય લેખો : ધર્મ, તંત્ર, સંપ્રદાય, યોગ અને તત્ત્વજ્ઞાન વિષયક ૧૫ માહિતીપ્રદ મનનીય લેખોનો સંગ્રહ. લેખક : રાજેન્દ્રસિંહ રાયજાદા, (ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૯૨, કિં. ૩૫ રૂ. પ્રકાશક : પ્રવીણચંદ્ર એમ.પટેલ, પટેલ પ્રકાશન, લાભ ચેમ્બર્સ, મ્યુનિ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.)

લોકવાઙ્મય : લોકસાહિત્ય જ નહિ, સમગ્ર લોકવાઙ્મયની વિભાવના, પરંપરા, સ્વરૂપો, વિભાગો અને લક્ષણો વગેરે વિધવિધ પાસાંની ચર્ચા દ્વારા ઊંડી સમજ આપતા તેર લેખોને સંગ્રહ-લેખક : કનુભાઈ જાની (ડિમાઈ, પાકું પૂઠું, પૃ. ૨૦૨, ૭૦ રૂ. પ્રકાશક : નેહરુ ચેર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, કાલાવડ રોડ, રાજકોટ-૫)

પ્રસૂતિનો આનંદ : સગર્ભા અને પ્રસૂતાની સંભાળ, તથા વ્યાયામ અંગેનું માહિતીપ્રદ અને સચિત્ર ઉપયોગી પ્રકાશન. લેખક : ડૉ. ઝરીન દેસાઈ અને ઊર્મિ દેસાઈ. (ક્રાઉન ૧/૮, કાચું પૂઠું, પૃ. ૬૮, કિં. ૫૦ રૂ. પ્રકાશક : ડૉ. ઝરીન દેસાઈ, ડી-૧૪, ઓજસ એપાર્ટમેન્ટ્સ, નેહરુનગર સર્કલ, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.)

શિશુ : કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં બાળ-કાવ્યોનો સુભદ્રા ગાંધીએ કરેલો ભાવાનુવાદ (ડિમાઈ ૧/૮, કાચું પૂઠું, પૃ. ૨૦૩, કિં. ૬૫ રૂ. પ્રકાશક : ગાંધી પરિવાર પ્રકાશન, વડોદરા-૫)

જનક્ષત્રિયનો ઈતિહાસ : જનક્ષત્રિય જ્ઞાતિની ઉત્પત્તિની કથા, તેના વિષેનું ઊંડું સંશોધન કરી એકઠી કરેલી માહિતી, અટકોનો ઈતિહાસ વગેરે અંગેના ત્રીસ અભ્યાસપૂર્ણ લેખો. લેખક : બી. જી. વાઘેલા. (ડિમાઈ, કાચું પૂઠું, સંદર્ભસૂચિ સાથે પૃ. ૧૦૯, કિં. અમૂલ્ય. પ્રકાશક : સૂર્યકાન્તાબહેન દેસાઈ, અક્ષરકિરણ, ૬, સુદર્શન સોસાયટી નં.૨, નારણપુરા, અમદાવાદ-૧૩)

અડકો દડકો

લોભિયો સોદાગર

૧

બગદાદના બાદશાહ હારુન અલ રશીદ એક દિવસ પોતાના વડા વજીર જાફર સાથે વેપારી-ગુમાસ્તાનો વેશ લઈને નગરચર્ચા જોવા નીકળ્યા હતા. ફરતાં ફરતાં તેઓ નદીના પુલ પર આવી પહોંચ્યા. ત્યાં એક આંધળો ફકીર બેઠો બેઠો બૂમો પાડતો હતો : 'ખુદાના નામ પર આ દુ:ખિયાને કંઈ મદદ કરો, આ આંધળા પર રહેમ કરો.'

તે સાંભળીને બાદશાહ તેની પાસે ગયો અને પોતાના ગજવામાંથી એક સોનામહોર કાઢી તેના હાથમાં મૂકી. એટલે આંધળાએ બાદશાહના ડગલાની બાંય પકડીને કહ્યું : 'દયાળુ દાતા ! ખુદા તમારું ભલું કરો. હવે મારા ગાલ પર જોરથી એક તમાચો મારો.'

આ સાંભળી બાદશાહને આશ્ચર્ય થયું. તેણે કહ્યું : 'અરે, તમાચો તો મરાતો હશે ? તો તો મને પાપ લાગે અને મારું આપેલું દાન નકામું જાય.

આંધળાએ કહ્યું : 'તો તમારું દાન પાછું લો. તમાચો મારે નહિ તેની પાસેથી હું દાન લેતો નથી. એવી મારી પ્રતિજ્ઞા છે.'

એટલે બાદશાહે ધીમેથી આંધળાના ગાલે એક તમાચો માર્યો. તમાચો પડતાં જ આંધળો હસીને બોલ્યો : 'બરાબર છે, બરાબર છે, એ જ લાગનો છે એ.'

તેથી બાદશાહને વધારે આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : 'એ જ લાગનો છે એટલે ? કોણ એ લાગનો છે ?'

આંધળાએ કહ્યું : 'બીજું કોણ વળી ? હું પોતે જ. મારાં કર્મનાં ફળ હું ભોગવું છું.'

આ સાંભળી બાદશાહના મનમાં થયું કે નક્કી આ આંધળાની વાતમાં રહસ્ય છે. શા માટે તે પોતાના ગાલ પર તમાચા મરાવે છે એ મારે જાણવું જોઈએ.

આમ વિચારીને તેણે વજીરને કહ્યું : 'આ સ્થળ યાદ રાખી લો અને આ માણસને ઓળખી લો. કાલે સવારે એને મારી આગળ હાજર કરજો.'

૨

આંધળો બીજે દિવસે સવારે બાદશાહ પાસે ધ્રૂજતો ધ્રૂજતો આવી પહોંચ્યો. તેને પાટ પર બેસાડીને બાદશાહે કહ્યું : 'બાબા, ગઈ કાલે રાતે નદીના પુલ પર મેં તમને એક તમાચો માર્યો હતો તે યાદ હશે. હું આ શહેરનો બાદશાહ તમને પૂછું છું કે આવી વિચિત્ર પ્રતિજ્ઞા તમે શા માટે કરી છે ? તમે સહેજ પણ ડર કે સંકોચ રાખ્યા વિના સાચેસાચી હકીકત કહેજો તો તમારું દુ:ખ ગમે તેટલું તમોટું હશે તો પણ તે દૂર કરીશ.'

એટલે આંધળાએ કહ્યું : 'જહાંપનાહ ! મારી કંઈ ભૂલ થઈ હોય તો માફ કરશો. આપ મોટા માણસ અને દયાળુ છો. હું આ શહેરનો એક સોદાગર છું. મારું નામ બાબા અબ્દુલ્લા છે, પણ લોકો મને તમાચાખાઉ ફકીર તરીકે ઓળખે છે. અત્યારે હું ભીખ માગીને મારું ગુજરાન ચલાવું છું. પણ એક દિવસ હું ઘણો ધનવાન હતો. મારા પિતા વારસામાં ઘણું ધન મૂકતા ગયા હતા અને મહેનત તથા હોશિયારીથી મેં તેમાં વધારો કર્યો હતો. મારી પાસે એંશી ઊંટ હતાં. એ બધં ઉપર માલ ભરીને પરદેશમાં અને પરદેશથી માલ ખરીદી લાવી બગદાદમાં હું વેચતો અને તે રીતે હું ઘણું કમાતો. વળી, બીજા વેપારીઓને મારાં ઊંટ ભાડે પણ આપતો.

એક દિવસ હું બસરાથી પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં એક ફકીર મળ્યો. તેણે મને પૂછ્યું : 'ક્યાં જઈ આવ્યાં ?'

મેં કહ્યું : 'બગદાદ.'

તે સાંભળી મને ધારીધારીને જોયા પછી ફકીરે કહ્યું : 'કેટલાં ઊંટ છે ?'

મેં કહ્યું : 'એંશી.'

ફકીરે કહ્યું : 'બસ ?'

'બસ' શબ્દ સાંભળીને મેં ફકીરને પૂછ્યું : 'સાંઈબાબા, ઊંટનું કેમ પૂછવું પડ્યું ?'

તેણે કહ્યું : 'પેલો સામે પહાડ છે તે દેખાય છે ?'

મેં કહ્યું : 'દેખાય જ ને ! પણ એ પહાડનું શું છે તે તો કહો.'

ફકીરે કહ્યું : ''તેમાં એટલું બધું ધન છે કે આવાં એંશી તો શું પણ આઠસો ઊંટ પર ભરી લાવતાંય એ ન ખૂટે. ત્યાં હીરા, મોતી, મણિ, માણેક, નીલમ, પન્ના અને સોનામહોરોનો કોઈ પાર નથી. એ ધન ધરતીમાંથી પોકાર કરીકરીને કહે છે કે 'અમને કાઢો, અમને બહાર કાઢો, પણ કોઈને એ અવાજ સંભળાય તો-ને ?''

મેં તરત જ કહ્યું : 'સાંઈબાબા, મને એ ધન દેખાડો. હું તમારો ઉપકાર નહિ ભૂલું. અને આ ગુપ્ત વાત કોઈને કહીશ પણ નહિ.'

ફકીરે કહ્યું : 'દિખાડું, પણ એક શરતે.'

મેં પૂછ્યું : 'શી ? તમે કહેશો તે શરત કબૂલ છે. બોલો, જલદી બોલો.'

ફકીરે કહ્યું : 'શરત એટલી જ કે એ ધન ઊંટ પર લાદવાનું અને પછી એ સરખે ભાગે વહેંચી લેવાનું. ચાળીસ ઊંટ તમારાં, ચાળીસ ઊંટ મારાં.'

મેં કહ્યું : 'ધનના ભાગ પડે એ બરાબર છે પણ ઊંટના ભાગ શા માટે? ઊંટ તો મારાં છે.'

ફકીરે કહ્યું : 'એ ઊંટના બદલામાં તમને ચાળીસ ઊંટ પર લાદેલું ધન આપું છું એ તમે કેમ વચિરતા નથી? હજાર ઊંટ આપો તો યે આટલું ધન કોણ આપે ?'

ફકીરની વાત વાજબી હતી પણ લોભને થોભ નથી હોતો અને લોભી અક્કલ ગુમાવી બેસે છે. તેથી ફકીરની શરતથી ખરેખર તો મને ફાયદો થાય તેમ હતો તે ભૂલીને હું મારા ચાળીસ ઊંટ ઓછાં થશે તેની ચિંતા કરવા લાગ્યો.

મેં ફકીરને જવાબ દીધો : 'એ સાચું, પણ મારાં ચાળીસ ઊંટ તમને વધારામાં મળી જવાનાં ને? તમને ધન મળવાનું અને ઊંટ પણ મળવાનાં.'

આ સાંભળી ફકીર થોડીવાર સ્થિર નજરે જોઈ રહ્યો. પછી ગુસ્સે થઈ બોલ્યો : 'તો રાખો તમારાં ઊંટ તમારી પાસે. હું બીજા કોઈ સાથે સોદો કરી લઈશ.'

મેં કહ્યું : 'ના ના ના, સાંઈબાબા ! એમ ગુસ્સે થશો નહિ. હું તમને મારાં ચાળીસ ઊંટ ઘણી ખુશીથી આપીશ. હવે ચાલો, મને બતાવો કે એ ધન ક્યાં છે ?'

૩

હું મારાં એંશીયે ઊંટ લઈને ફકીરની પાછળ પાછળ ગયો. તે મને એક ગીચ ઝાડી વટાવી પહાડ વચ્ચે આવેલી એક સાંકડી ખીણમાં લઈ ગયો. રસ્તો એટલો સાંકડો હતો કે એકસાથે એક જ ઊંટ પસાર થઈ શક્યું. બધાં ઊંટ ખીણમાં છુપાઈ ગયાં.પછી તેણે લાકડાં ભેગાં કર્યાં અને ચકમક સાથે લોઢું ઘસીને તણખો પાડી તે સળગાવ્યાં. તેમાં તેણે સુગંધી ધૂપ નાખ્યો. એટલે ધુમાડો થયો. એ ધુમાડા વચ્ચે મંત્ર બોલીને કોઈને ન દેખાય તેમ તેણે જમીન પર પડેલી એક મોટી શિલા ખસેડી. ધુમાડો દૂર થયો અને શિલાની નીચે એક ભોંયરું દેખાયું. આરસનાં પગથિયાં ઊતરીને અમે ભોંયરામાં ગયા. તો એક નહિ પણ એકવીસ બાદશાહના ખજાનાને લજવે એટલો મોટો રત્નોનો ભંડાર હતો. હું તે જોઈને સ્તબ્ધ થઈ ગયો.

ફકીરે મારી સામે જોઈને કહ્યું : 'જોઈ શું રહ્યા છો? ઉપાડી શકાય એટલું ઉપાડીને ચડાવો ઊંટ ઉપર.'

આ વખતે મને અફસોસ થયો કે 'એંશીને બદલે મારી પાસે સો ઊંટ હોત તો કેવું સારું ! એંશી ઊંટ પર આમાંનું સોમા ભાગનું પણ ધન લઈ જવાશે નહિ અને ચાળીસ તો પાછાં ફકીરને આપી દેવાનાં !'

પણ મારા વિચારને દાબી રાખીને મેં સોનામહોર અને રત્નોના કોથળા ભરી લીધા અને બે ઊંટ ઉપાડી શકે એટલો ભાર એક ઊંટ પર ચડાવ્યો. એમ બધાં ઊંટ લદાઈ ગયાં એટલે, ફકીરે મને કહ્યું : 'કેમ, હવે આપણે જઈશું-ને ?'

કેમે કરી ત્યાંથી ખસવાનું મને મન થતું નહોતું. પણ ફકીર ઉતાવળ કરતો હતો, એટલે અમે ભોંયરાની બહાર આવ્યા.

એવામાં ફકીર દોડીને ભોંયરામાં ગયો. મને લાગ્યું કે એ મારાથી છુપાવવા માગે છે એવી કોઈ કીમતી ચીજ લેવા ગયો છે. એટલે હું એની પાછળ ગયો. તેણે ભોંયરામાંથી સોનાની એક મોટી બરણીમાંથી લોઢાની એક દાબડી લીધી. તે જોઈ મેં કહ્યું : 'આવી દાબડી શું લો છો? થોડાં રત્નો લો-ને !'

ફકીરે કહ્યું : 'ના, દાબડી જ ઠીક છે.'

મેં પૂછ્યું : 'એમાં શું છે?'

તેણે કહ્યું : 'એમાં મલમ છે.'

પણ મને વિશ્વાસ ન આવ્યો. ને હું કંઈક બોલવા જતો હતો ત્યાં ફકીરે મને દાબડી ઉઘાડીને દેખાડી. ખરેખર તેમાં મલમ હતો.

પછી ખીણ વટાવીને અમે મેદાનમાં અને ત્યાંથી રસ્તા પર આવ્યા. ત્યાંથી ચાળીસ ઊંટ લઈ અમે છૂટા પડ્યા. ફકીર બસરા જવા નીકળ્યો અને હું ફકીરનો આભાર માની ઝડપથી બગદાદ પહોંચવા નીકળી પડ્યો.

૪

પણ થોડે દૂર ગયા પછી મારા મનમાં વિચાર આવ્યો : 'અરે, આ ફકીર મને છેતરી ગયો. હું ઘેરથી એંશી ઊંટ લઈને નીકળ્યો હતો અને હવે ચાળીસ ઊંટ લઈને પાછો ફરું છું, જ્યારે આ ફકીર પાસે કંઈ નહોતું તો પણ તે ચાળીસ ઊંટ અને વધુમાં ધનના ઢગલાં લઈને જાય છે.'

મારી ઈર્ષ્યાનો પાર ન રહ્યો. મને ઘણું દુ:ખ થયું. અઢળક ધન મળ્યું તો પણ મારો લોભ ન ગયો.

એકદમ મારાં ઊંટ ઊભાં રાખી, તેમના પગ એકબીજાની સાથે દોરી વડે બાંધીને હું ફકીર પાસે ગયો. જઈને મેં કહ્યું : 'ફકીરચાચા, આપણે છૂટા પડ્યા પછી મને એક વિચાર આવ્યો છે તેથી તમારી પાસે આવ્યો છું.'

ફકીરે કહ્યું : 'બોલ, હજી તારા મનમાં શું રહી ગયું છે?'

મેં કહ્યું : 'ફકીરચાચા, આપ છો ખુદાના બંદા. આપને ખુદાની બંદગી કરવા માટે એકાંત અને શાંતિ જોઈએ. માટે મારી એક અરજ છે કે...'

ફકીરે પૂછ્યું : 'શી?'

મેં કહ્યું : 'ફકીરચાચા, આટલાં બધાં ઊંટ સાચવતાં આપને ઘણી તકલીફ પડશે. તેમને બાંધવાં, છોડવાં, અંકુશમાં રાખવાં, ચરાવવાં, પાણી પાવાં – તેમાં તમારો બધો સમય જશે. તેથી તમે ત્રાસી જશો, અને તમારા મનની શાંતિ હરાઈ જશે. માટે એમાંથી દસ ઊંટ, ફક્ત દસ ઊંટ મને આપો. ઊંટ ભેગાં ઊંટ સાચવવામાં મને મુશ્કેલી નહિ પડે.'

ફકીરે હસીને દસ ઊંટ મને આપી દીધાં. ફકીર પાસે ત્રીસ ઊંટ રહ્યાં, મારી પાસે પચાસ ઊંટ થયાં.

આ દસ ઊંટ લઈને, મારી સફળતાથી હરખાતો હરખાતો હું થોડે દૂર ગયો કે તુરત મને વિચાર આવ્યો, 'અરે માગીમાગીને મેં દસ જ ઊંટ કેમ માગ્યાં ? ફકીરે દસ ઊંટ કશી આનાકાની વગર અને હસીને આપ્યાં છે, એટલે વધુ ઊંટ માગીશ તો તે આપ્યા વગર રહેવાનો નથી.'

આમ વિચારને પહેલાં તો હું આ દસ ઊંટ મારા ચાળીસ ઊંટ ભેગાં મૂકી આવ્યો. પછી દોડીને ફકીર પાસે જઈને બોલ્યો : 'માફ કરજો, ફકીરચાચા ! પાછો મને એક વિચાર આવ્યો, તેથી તમને તકલીફ આપવા આવ્યો છું.'

ફકીર બોલ્યો : 'બોલ, ભાઈ ! શો વિચાર આવ્યો છે?'

મેં કહ્યું : 'ફકીરચાચા, ઊંટોના આટલા મોટા કાફલાની જંજાળમાં આપ ખુદાની બંદગી ભૂલી જશો એવો મને ડર છે. મને પસ્તાવો થાય છે કે હું ક્યાં આ પાપનો નિમિત્ત બન્યો?'

ફકીરે કહ્યું : 'તો એ પાપમાંથી તને મુક્ત કરવા મારે શું કરવાનું છે?'

મેં કહ્યું : 'બીજાં દસ ઊંટ મને આપી દો.'

ફકીરે તરત જ કહ્યું : 'ઓહો, એમાં શું?'

આમ કહીને તેણે મને બીજા દસ ઊંટ આપી દીધાં. મારી પાસે બધાં મળીને સાઠ ઊંટ થયાં.

તો પણ અગ્નિમાં ઘી નાખીએ તેમ મોટો ભડકો થાય, તેવી રીતે ઊંટ મેળવવાથી મારા લોભમાં વધારો થયો. મને થયું કે, 'માગીમાગીને મેં દસ જ ઊંટ કેમ માગ્યાં? લાવ-ને ફરીથી જાઉં ને બધાં ઊંટ પડાવી લઉં.'

આમ વિચારીને ફકીર પાસે જઈ મેં કહ્યું : 'ફકીરચાચા, તમારા ત્યાગથી મને તમારા તરફ ઘણું માન થાય છે. ખરેખર તમારા જેવા ઓલિયા પુરુષે તો સંસારની તમામ માયાથી મુક્ત થઈ જવું જોઈએ. એમાં જ તમારી શોભા છે, તમારી મોટાઈ છે.'

ફકીરે ઉત્સુકતાથી પૂછ્યું : 'તું મને શું કહેવા માગે છે?'

મારાથી બોલી જવાયું : 'થોડી માયા ઓછી કરો. દસ ઊંટ મને આપો.'

ફકીરે ત્રીજી વખત મને દસ ઊંટ આપી દીધાં. મારી પાસે સિત્તેર ઊંટ થયાં.

વળી મને થયું કે, 'મેં ફકીર પાસે જઈને દસ જ ઊંટ કેમ માગ્યાં?' – વીસ કેમ માગ્યાં નહિ ?' તે બદલ પસ્તાવો કરતો કરતો હું પાછો ફકીર પાસે ગયો. તે તરત મારી મનોદશાને સમજી ગયો અને હસીને બોલ્યો : 'ભાઈ, તને પારકાનાં દુ:ખનો આટલો બધો વિચાર આવે છે એ જોઈ હું તને મારા બાકીનાં ઊંટ આપી દઉં છું.'

બસ મારે તો આટલું જ જોઈતું હતું. ફકીરનાં ચાળીસ ઊંટ મારી પાસે આવી ગયાં. પુષ્કળ ધન પણ આવી ગયું. તેથી મારી ખુશીનો પાર ન રહ્યો. ફકીરનો ખૂબખૂબ આભાર માની હું તેનાથી છૂટો પડ્યો.

૫

પણ વિદાય લીધા છતાં પેલી લોઢાની દાબડીને ભૂલ્યો નહિ. મને થયું કે એ દાબડી બધી દોલત કરતાં વધુ કીમતી હોવી જોઈએ; એટલે જ ફકીરે મને બધું ધન આપી દીધું અને દાબડી પોતાની પાસે રાખી લીધી.'

આવો વિચાર આવવાથી હું પાછો ફર્યો અને ફકીરને સલામ ભરીને મેં કહ્યું : 'ફકીરચાચા, આપે અઢળક ધન આપીને મારા પર ભારે ઉપકાર કર્યો છે. તો હવે પેલી લોઢાની દાબડી મને આપો. મારા મનમાંથી એ કેમે કરી ખસતી નથી. વળી આવી ક્ષુદ્ર દાબડીની આપને શી કિંમત?' આમ કહીને હું તેના પગે પડ્યો.

ફકીરે હસીને કહ્યું : 'ભલે, હજી તને સંતોષ થયો ન હોય તો એ દાબડી પણ લઈ જા.'

ફકીરે દાબડી આપી દીધી. તે ખોલી મેં કહ્યું : 'ફકીરચાચા, હવે મારે બીજું કંઈ જોઈતું નથી. ફક્ત મને એટલું કહો કે આ દાબડીમાં અંજન છે તે શા કામમાં આવે છે ?'

ફકીરે કહ્યું : 'ભાઈ, આ જાદુઈ અંજન છે. એમાં એવો ચમત્કાર છે કે ડાબી આંખે આંજીએ તો જમીનમાં છુપાયેલું ધન દેખાય અને જમણી આંખે આંજીએ તો બંને આંખે આંધળા થવાય.'

ફકીરે મારી ડાબી આંખમાં અંજન આંજ્યું. એટલે સામે આવેલા પહાડો નીચે અઢળક ધન હતું તે મને દેખાયું. તે જોઈને મારા આનંદનો પાર ન રહ્યો. એટલે એ અંજન મારી જમણી આંખમાં આંજવા આગ્રહ કર્યો.

ફકીરે કહ્યું : 'ભાઈ, તેથી તમે આંધળા થશો.'

મેં કહ્યું : 'આંધળા કેવી રીતે થવાય? એક આંખે આંજવાથી ફાયદો અને બીજી આંખે આંજવાથી નુકસાન એવો ગુણ એક જ અંજનમાં હોય એ શક્ય નથી.'

ફકીરે કહ્યું : 'હું સાચું કહું છું. તમારા ભલા માટે કહું છું. મહેરબાની કરી મારું કહ્યું માનો.'

પણ હું લોભમાં ભાન ભૂલ્યો હતો. મેં કહ્યું : ખોટી વાત, તમે જૂઠું બોલો છો.'

ફકીરે કહ્યું : 'હું ફકીર થઈને જૂઠું બોલું ? ભાઈ, હું જૂઠું બોલતો નથી. મને આમાં કંઈ સ્વાર્થ નથી. સ્વાર્થ હોય તો આટલું ધન તમને આપું ખરો?'

પણ મેં મારી હઠ ન છોડી. મેં ગુસ્સે થઈને કહ્યું : 'ભલે, ફકીરચાચા ! મને જે થવાનું હશે તે થશે. પણ તમે તમારે જલદી અંજન આંજો. મારે બીજું કશું સાંભળવું નથી.'

ન-છૂટકે ફકીરે મારી જમણી આંખમાં અંજન આંજ્યું. પણ જ્યાં એની આંગળીનું ટેરવું મારી જમણી આંખની પાંપણ પર ફરી વળ્યું ત્યાં મારી બંને આંખે કાળો અંધકાર છવાઈ ગયો. હું સંપૂર્ણ આંધળો બની ગયો.

મારા ગભરાટનો પાર ન રહ્યો. મેં મારા બંને હાથ લાંબા કરી પોકાર કર્યો : 'અરે ફકીરચાચા, અરે સાંઈબાબા! આ શું થયું? હું તો તદ્દન આંધળો બની ગયો!'

દૂરથી ફકીરનો અવાજ આવ્યો : 'ભાઈ, તારા લોભે તને આંધળો કર્યો છે.'

મેં કહ્યું : 'સાંઈબાબા, માફ કરો, તમે ખુદાના બંદા છો, દયાળુ છો, પરોપકારી છો, મારા પર રહેમ કરો. તમે જરૂર કોઈ ઇલમ જાણતા હશો. મને દેખતો કરો.'

ફકીરે કહ્યું : 'અરે દુષ્ટ ! મેં મારો ઇલમ બતાવ્યો, તેનો તેં દુરુપયોગ કર્યો ને હાથે કરીને અંધાપો વહોરી લીધો. હવે કોઈ જ ઇલાજ મારી પાસે નથી.'

મેં રડતાં-રડતાં કહ્યું : 'તો મારાં ઊંટનું શું થશે ? મારા ધનનું શું થશે?'

ફકીરનો દૂરથી જવાબ મળ્યો : 'તારાં ઊંટ અને તારું ધન જેના નસીબમાં હશે તે ભોગવશે. ખુદાએ તારા પર રહેમ કરીને અઢળક ધન આપ્યું પણ તેં તો મોઢે આવેલો પ્યાલો ઢોળી નાખ્યો છે. હવે તારા નસીબમાં કેવળ અફસોસ કરવાનો રહ્યો છે. માટે અફસોસ કર, છાતી કૂટ, માથું ફોડ અને બને તો તારો અવાજ ખુદાને કાને પહોંચાડવા પ્રયત્ન કર. ખુદા એક જ તારા પર મહેર કરી શકશે.'

ફકીરનાં આ વચનો સાંભળી હું એકદમ અવાજની દિશામાં દોડી ગયો. હાથ લાંબા કરી જોરથી બૂમો પાડી હું કરગરવા લાગ્યો. પણ કંઈ જવાબ મળ્યો નહિ. ફકીર મને છોડી ચાલ્યો ગયો હતો.

પછી હું મારાં ઊંટની શોધમાં ચારે દિશામાં દોડવા લાગ્યો. તેથી કેટલીયે વાર ઠોકર ખાઈ હું પડી ગયો, ઝાડઝાંખરાં સાથે અથડાયો, પગ છોલાયા, હાથ છોલાયા, માથું છોલાયું, ને શરીર લોહીલોહાણ થઈ ગયું.

મેં ચીસો પાડી પણ મારું ગળું બેસી ગયું. સાંજ પડતામાં તો હું ભૂખે અને તરસે બેભાન બની ગયો.

આવી દુ:ખી હાલતમાં હું જંગલમાં મરણ પામ્યો હોત પણ મારા સારા નસીબે બીજે દિવસે સવારે ત્યાંથી બસરા જતી વેપારીઓની એક વણઝાર નીકળી. તેમણે મને એક ઊંટ પર બેસાડી બગદાદ પહોંચાડ્યો.

તે દિવસથી હું બગદાદમાં ભીખ માંગતો ફરું છું. મને લાગે છે કે લોભને કારણે મેં ખુદાનો મહાન અપરાધ કર્યો છે. તે અપરાધ મને યાદ રહે તે માટે દરેક દયાળુ દાતાના હાથનો તમાચો ખાવાની મેં પ્રતિજ્ઞા કરી છે. લોકો તેથી મને તમાચાખાઉ આંધળો કહે છે તે તદ્દન વાજબી છે.'

આ સાંભળી બગદાદના બદશાહ ખલીફ હારુન અલ રશીદે કહ્યું : 'ખરેખર, તમારી વાત સાંભળી મને ખૂબ સંતોષ થયો છે. ખુદા જરૂર તમારા પ્રાયશ્ચિત્તથી પ્રસન્ન થઈને તમારા પર રહેમ કરશે. હું પણ તમારું દુ:ખ દૂર કરવા પ્રયત્ન કરીશ.'

પછી ખલીફે વઝીરને બોલાવી આ આંધળા ભિખારી-બાબા અબ્દુલ્લાને રહેવા-જમવાની સગવડ કરી આપવાનો હુકમ કર્યો. તે સાંભળી સુરદાસ ફરીફરી ખલીફને પગે લાગ્યો ને તેના પર દૂઆ વરસાવવા લાગ્યો.

રચનાર : ડૉ. શિવલાલ જેસલપુરા ❑

સાહિત્યસંપર્ક


કવિતામાં અધ્યાત્મ

રાજેન્દ્ર શાહ

નાથાલાલ દવે, સ્વ.

ગાંધીયુગની ભાવનાશીલતા અને શૈલીસારલ્યથી રંગાએલા તથા અનુગાંધીયુગના રાજકીય-સામાજિક-શૈક્ષણિક વાતાવરણથી અકળાઈ ઊઠી કટાક્ષકવિતામાં તેને વ્યક્ત કરનાર કવિ નાથાલલ ભાણજી દવેનું ગઈ ૨૫મી ડિસેમ્બરે ભાવનગર ખાતે અવસાન થયું. એમનો જન્મ ૧૯૧૨ના જૂનની ત્રીજીએ ભાવનગર જિલ્લાના ભુવા ગામે થએલો. તેમણે ૧૯૩૪માં બી.એ. થઈ ૧૯૩૬માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી-અંગ્રેજી વિષય લઈને એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. ૧૯૪૩માં બી.ટી. થયા અને વ્યવસાયે શિક્ષણના ક્ષેત્રમાં સ્થિર થયા. હંટર ટ્રેનિંગ કોલેજ - મોરબી, બાર્ટન ટ્રેનિંગ કૉલેજ - રાજકોટ અને છેલ્લે અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં આચાર્ય તરીકેની સેવાઓ આપેલી. સુરેન્દ્રનગર, ભાવનગર અને રાજકોટ એ ત્રણ જિલ્લાઓમાં શિક્ષણાધિકારી તરીકે પણ સેવાઓ આપેલી. વળી, માંગરોળના સ્નાતક નઈ તાલીમ કેન્દ્રમાં આચાર્ય તરીકે તેમજ રાજ્ય શિક્ષણ ભવન અમદાવાદમાં રીડર તરીકે પણ રહી ચૂક્યા હતા. ૧૯૭૦માં નિવૃત્ત થયા પછી વતન ભાવનગરમાં જ કાયમી નિવાસ કરેલો. આમ, શિક્ષણક્ષેત્રે જ એમની વ્યાવસાયિક કારકિર્દી વીતી હતી અને તેને પરિણામે એમને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વિશે ચિંતનમનન કર્યું હતું.

ગાંધી, અરવિંદ અને રવીન્દ્રનાથનો એમની સર્જક ચેતના પર પ્રભાવ રહ્યો હતો. આમ, એમની/



કવિતામાં જીવનનિષ્ઠા, અધ્યાત્મનિષ્ઠા અને સૌંદર્યનિષ્ઠાનો ત્રિવિધ સંગમ અનુભવી શકાય છે. એમનો પ્રથમ કાવ્ય-સંગ્રહ 'કાલિંદી' ૧૯૪૨માં પ્રકટ થયેલો. ત્યાર પછી 'જાહ્નવી' (૧૯૬૧), 'અનુરાગ' (૧૯૭૩), 'પિયા બિન' (૧૯૭૩) એમના જાણીતા કાવ્યસંગ્રહો છે. એમનામાં તત્કાલીન પરિસ્થિતિને હાસ્યકટાક્ષથી તો વળી, ઉગ્ર વ્યંગથી અભિવ્યક્ત કરવાની સહજ શક્તિ હતી. તેના પરિપાકરૂપે 'ઉપદ્રવ' (૧૯૭૪), 'ઉપદ્રવ-૨' (૧૯૭૯) જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. નર્મમર્મ એમની કવિતાનું આગવું લક્ષણ છે. એમણે 'મુખવાસ' (૧૯૮૩)માં મુક્તકો આપ્યાં છે તો 'યશોધરા' અને રવીન્દ્રનાથના બંગાળી કાવ્ય પરથી રચેલ 'મેઘદૂત' જેવી દીર્ઘકાવ્યકૃતિઓ પણ આપી છે. કવિ તરીકે એઓ ભાવનાવાદ અને વાસ્તવવાદની સરલ અભિવ્યક્તિમાં પોતાની શક્તિનો સારો હિસાબ આપી શક્યા છે. એમની ગેયરચનાઓ પણ નોંધપાત્ર છે.

એમણે કાવ્યો ઉપરાંત વાર્તાઓ પણ લખી છે, જે 'ઊડતો માનવી' (૧૯૭૭), 'શિખરોને પેલે પાર' (૧૯૭૭) અને 'મીઠી છે જિન્દગી' (૧૯૮૩) એ સંગ્રહોમાં પ્રકાશિત થઈ છે.

સાહિત્ય, શિક્ષણ અને પ્રવાસ એમના રસના વિષયો. અધ્યાત્મમાં પણ ઊંડો રસ. આ બધાંની અસરો એમના સર્જનમાં સુપેરે ઝિલાઈ છે. પોતાના મધુર કંઠે તેઓ હલકદાર ગાયકીમાં સ્વરચિત ગીતો રજૂ કરી લોકહૃદયને આકર્ષી શકતા. આવા કવિ, વાર્તાકાર, શિક્ષકના જવાથી દુઃખ થાય તે સ્વાભાવિક છે !   - ધી. પ.

સાહિત્ય, સંગીત કે ઇતર કલાનાં આયોજિત સમ્મેલનોમાં કે સત્રોમાં તે તે વિષયનાં વિવિધ સ્વરૂપો ઉપર વિચાર-વિમર્શ થતા હોય છે, તેમ જ થયેલાં કાર્યો પર એક વિહંગદૃષ્ટિ પણ માંડી લેવાતી હોય છે.

આ વખતના આપણા અધિવેશનમાં અન્ય સ્વરૂપો વિશે તે તે વિભાગના અભ્યાસુ વક્તાઓ પોતાનું વક્તવ્ય રજૂ કરશે. મ્હારે વાત કરવી છે કવિતામાં અન્તર્ગત રહેલા અધ્યાત્મ તત્ત્વને, ભાવને લક્ષ્યમાં રાખીને. તત્ત્વની ઝાંખી કરવા માટે જિજ્ઞાસુઓએ કરેલા પ્રયત્નો તરફ દૃષ્ટિ કરતાં, એમાં સ્વીકારાયેલી બે રીતિ તરફ આપણું ધ્યાન ખેંચાય છે. એક છે તત્ત્વશાસ્ત્રની, તત્ત્વદર્શનની; જે છે તર્ક-યુક્તિ-નિર્ભર. એમાં પ્રક્રિયા છે મંડન-ખંડનની અને અન્તે અનિર્વચનીય કે અજ્ઞેય કહીને એ અટકે છે. બીજી રીતિ છે પ્રત્યય-નિર્ભર, અપરોક્ષાનુભૂતિની. આપણી આ પર્યેષણાને સંબંધ છે બીજા પ્રકાર સાથે. આમાં કવિતા-પદાર્થ અંગેની વિચારણા અપ્રસ્તુત છે, એટલે એને બાજુએ રાખી, કવિતામાં છવાઈ રહેલા અધ્યાત્મ-ભાવને જ અવલોકીશું.

આધ્યાત્મિક શબ્દની કેટલી છે વિશિષ્ટ અર્થચ્છાયાઓ ! અધ્યાત્મ (અધિ + આત્મ.) એટલે બ્રહ્મ, પરમેશ, પરમાત્મા, તેમજ સ્વ., પોતે; તે સંબંધી એટલે આધ્યાત્મિક. વળી તે ગૂઢ, અભૌતિક, પારલૌકિક, અમૂર્ત વિષય સંબંધી પણ ગણાય. કવિને કાન્તદ્રષ્ટા કહ્યો છે. આ શબ્દ પોતે જ એની આધ્યાત્મિકતાનો સૂચક છે. એટલે તો સાચી કવિતા હંમેશ અધ્યાત્મ-ભાવ-ગર્ભિત રહેવાની. કવિતા આમ બંનેને અપર-પરને, ઇન્દ્રિયગત અને ઇન્દ્રિયાતીતને સંયોજિત કરે છે. વ્યક્તિ-ચૈતન્યનો વિશ્વચૈતન્ય સાથે એમાં યોગ સધાય છે. આપણી ભારતીય કવિતામાં આવી પરંપરા આપણને મળી છે, છેક પ્રાગૈતિહાસિક વેદકાલીન સમયથી.

સૌપ્રથમ વાણીના સંદર્ભમાં રચાયેલી એક ઋચા જોઈએ -

चत्वारि वाक् परिमिता पदानि
तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः ।
गुहा त्रीणि निहिता नेङ्गयन्ति
तुरीयं वाचो मनुष्या वदन्ति ॥

આ ઋચામાં સ્પષ્ટ આલેખાયું છે કે વાણીના ચાર પ્રકારમાંથી ત્રણ; પરા, પશ્યંતી અને મધ્યમા છે ગુહા-નિહિત (અન્તરતમમાં). મનુષ્ય ઉચ્ચારે

છે તે તો છે ચતુર્થ, વૈખરી. વૈખરીમાં જ કવિતા વ્યક્ત થતી હોવા છતાં કવિ-મનીષી પોતાના કથનમાં જે ગુહા-નિહિત છે એને પ્રગટ કરે છે સાંકેતિક રૂપે. કવિ જો ક્રાન્તદ્રષ્ટા છે તો તે આ સંદર્ભમાં જ.

કાવ્યાંગ રચાય છે ભાવ, ભાષા અને ભંગિની સમુચિત અન્વિતિથી. ભાવ છે વૃત્તિજન્ય, કલ્પનોત્થ પ્રતિભાસમ્પન્ન; ભાષા છે અલ્પતમ શબ્દોના વિનિયોગવાળી પ્રતીકાત્મક, સાંકેતિક; અને ભંગિ (શૈલી) છે લય અને નાદ-ધ્વનિયુક્ત.

વેદની સહસ્રાવધિ ઋચાઓમાં મહત્ત્વનું પ્રદાન છે ઋષિ વસિષ્ઠનું. વરુણ છે એમના આરાધ્ય દેવ, ઇશ અને સખા પણ. એ કહે છે :

तिस्रो द्यावो निहिता अन्तरस्मिन्तिस्रो भूमिरुपराः षड्विधानाः ।
गुत्सो राज वरुणश्चक्रः एतं दिवि प्रेङ्स्व हिरण्मयं शुभे कम् ॥ ऋ. ८७–५

ત્રણે લોક આ વરુણ(વૈશ્વિકજલ)માં નિહિત છે, તેમ જ ષડ્ભૂમિ (છ ઋતુઓ, કાલ) નિહિત છે એનાં અંતરમાં, એવા સ્તુત્ય રાજા વરુણે દ્યુલોકમાં આ હિરણ્મય હીંડોળો રચ્યો છે. (કવિ ન્હાનાલાલના 'વિરાટનો હીંડોળો'માં ઋષિના આ પ્રાતિભ દર્શનની આભા નિહાળી શકાય.

વળી ઋચા. ૮૬-૨માં કહે છે :

उत स्वया तन्वारूसे वदे तत् कदा नु अन्तर्वरुणे भुवानि ।

હું એની સાથે આ દેહે જ વાર્તાલાપ કરું? હું ક્યારે વરુણમાં એકરૂપ થઈ જઈશ? અને મંડળ ૭-૮૯-૪માં -

अपां मध्ये तस्थिवांसं तृष्णाविद्ज्जरितारम् मृळा सुक्षत्र मृळय ॥

પાણી વચ્ચે હું ઊભો છું તો પણ તરસે ઝૂરું છું. હે વરુણ પ્રત્યક્ષ થાવ, અનુગ્રહ કરો. અભીપ્સા અને સાન્ધ્યભાષાનો આમાં છે વિરલ વિનિયોગ.

ઋગ્વેદમાં પરમ તત્ત્વને દેવરૂપે અનેક નામે સંબોધ્યું છે.

ऐकं सद् विप्रा बहुधा वदन्ति । ऋ. १–१६४–४६

અને

ऐकं वा इदं वि बभूव सर्वम् ।

ઋચા. ૮-૫૨-૨માં એક પરમ તત્ત્વ જે બ્રહ્મ તેને અનુલક્ષીને જ કરેલું કથન છે.

આ અનુભૂતિનું અનુસંધાન જુઓ ઇશાવાસ્યોપનિષદમાં, એના શાન્તિપાઠમાં અને એના પ્રથમ ઋચાના પ્રથમ ચરણમાં :

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।

અને શિષ્યને ઇશ્વરના અગોચર સ્વરૂપને લક્ષિત કરાવવા ગુરુ વાણીની જે રીતિ પ્રયોજે છે તે જોઈએ :

अनेजदेकं मनसो जवीयो नैनद्देवा आप्नुवन् पूर्वमर्षत् ।
तद्धावतोऽन्यानत्येति तिष्ठत्तस्मिन्नपो मातरिश्वा दधाति ॥४॥
तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥५॥

આમ, પરસ્પર વિરોધી એવા શબ્દોની સન્નિધિ દ્વારા ગતિ-સ્થિતિવત્ ઇશના ચિન્મય સ્વરૂપનું નિગૂઢ છતાં કેવું વિશદ દર્શન ગુરુએ શિષ્યને કરાવ્યું છે !

અને શિષ્ય, સાધક, ગુરુએ આપેલા વાચિક જ્ઞાનની અનુભૂતિ માટે વિનમ્ર ભાવે પ્રાર્થના કરે છે પરમ તત્ત્વને, સત્યને:

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन् अपावृणु सत्यधर्माय दृष्टये ॥ १९ ॥

ઇન્દ્રિય-ગોચર આ નિખિલ વિશ્વને હિરણ્મય કહીને એના ચિત્તાકર્ષક સૌંદર્યને, એની વિમોહિત કરતી માયાને, એના પ્રભાવને વ્યક્ત કરી, એનાથી આચ્છાદિત સત્યની ઝાંખી કરવા એ પ્રાર્થે છે, પુષ્ટિવર્ધન ઇશને, સત્યના દર્શનાર્થે, એની અપરોક્ષાનુભૂતિ માટે; પોતે સંકલ્પશીલ છે એ નિશ્ચયને જણાવીને. ને સાધનાની ચરમ પ્રાપ્તિનો આનંદ ઉલ્લસી ઊઠે છે :

तेजो यत् ते रूपं कल्याणतमं तत् ते पश्यामि
योऽसावसौ पुरुषः सोऽहमस्मि ॥१६॥

ઇશાવાસ્યમાં દર્શાવેલી સાધકની અનુભૂતિ છે અપરોક્ષ, નિરાકારની. પરંતુ કેનોપનિષદમાં એના (બ્રહ્મના) સાકાર સ્વરૂપનું દર્શન પ્રાપ્ત થાય છે.

केनेषितं पतति प्रेषितं मनः
तदेव ब्रह्म त्वं विद्धि ॥

આ પ્રકારના પ્રશ્નોના જવાબમાં જાણવા મળે છે :

જીવમાત્રનાં સકલ કરણોમાં શક્તિનું પ્રેરક તો છે સ્વયં બ્રહ્મ; ને એના દૃષ્ટાંત રૂપે આ ઉપનિષદમાં, તૃતીય અને ચતુર્થ ખંડમાં, રૂપક દ્વારા એનો બોધ આપવામાં આવ્યો છે. વિરાટ યક્ષ આગળ અગ્નિ એક તણખલાને નથી બાળી શકતો કે વાયુ એને નથી ઉરાડી શકતો. આ યક્ષ કોણ છે એ જાણ્યા વગર જ દીનમુખે એ પાછા ફરે છે, પછી ઇન્દ્ર સ્વયં યક્ષ ભણી જાય છે ત્યાં યક્ષના સ્થાને નિહાળે છે ઉમા હૈમવતીને. અને એની દ્વારા જ, યક્ષરૂપે જેનો આભાસ મળ્યો તે જ તો પરમ ઇશ,-બ્રહ્મ, એવો પ્રબોધ એ પામે છે. કેનોપનિષદમાં આમ આપણને સાકારની ઉપલબ્ધિ મળે છે.

કઠોપનિષદમાં શ્રેય અને પ્રેયની આલોચનાની સાથે શાશ્વત સુખ, શાશ્વત આનન્દની પ્રાપ્તિની કથા નિરૂપાઈ છે. પોતાની અભીપ્સા છે સ્વર્ગનાં દિવ્ય સુખને પામવાની. વિશ્વજિત નામનો એક દિવસનો યજ્ઞ એ કરે છે, જેમાં પોતાની સર્વ સંપદ દાનમાં આપી દેવાની હોય છે, પણ એ જેનું દાન કરે તે તો છે - पीतोदका जग्धतृणा दुग्धदोहा निरिन्द्रियाः– ગાયો, પુત્ર નચિકેતા તે નિહાળે છે, ને વિચારે છે, - अनन्दा नाम ते लोकास्तान् स गच्छति ता ददात् ॥ ને આવા વિચારથી વ્યથિત થઈ એ શોચે છે; પોતે પણ છે તો પિતાની સંપદ, દાનયોગ્ય. આથી સતત ત્રણ વાર એ પિતાને પૂછે છે, 'મ્હને અર્પણ કરો છો કોને?' પિતા ક્રુદ્ધ થઈ બોલી ઊઠે છે : मृत्यवे त्वा ददामि.

ક્રોધમાં ઉચ્ચારાયેલી આ વાણી પણ વ્યર્થ નથી. વાણી સ્વયં સત્યપ્રતિષ્ઠ છે. સહેજ આડ વાતે પણ આ સત્યના અનુસંધાનમાં મહાભારતમાં મળતા બે પ્રસંગોનો ઉલ્લેખ થઈ શકે એમ છે. એક છે સત્યવતી ને પરાશર મુનિના પ્રસંગમાં.

પરિવ્રાજક પરાશર નદીતીરે આવી હોડીવાળાઓને ઉદ્દેશીને પૂછે છે, 'કોણ મ્હને પાર ઉતારશે ?' ને સહસા રમૂજમાં સત્યવતી જોજનગંધા બોલી નાખે છે, 'પુત્ર'. બસ, આ ઉચ્ચારણ, અબુધ ભાવે થયેલું સત્યવતીનું, સત્યવતીનું ખરું છતાં ત્હેનું નહીં. એ છે અદષ્ટ નિયતિનું; સત્ય. ને પરિણામે સત્યવતી દ્વારા જ પરાશરને કૃષ્ણદ્વૈપાયન વ્યાસ મુનિની પ્રાપ્તિ. બીજો પ્રસંગ છે દ્રૌપદી-સ્વયંવર પછીનો. દ્રૌપદીને લઈને પાંચે ભાઈઓ ઘેર જાય છે, ને બહારથી જ મા કુંતીને કહે છે; 'મા, જો અમે શું લાવ્યા છીએ.' કુંતી અંદરથી જ જવાબ આપે છે, 'ત્હમે ભાઈઓ વહેંચી લેજો.' પણ શું ? આ કંઈ બહારથી લાવેલું ખાદ્યાન્ન નહોતું. તો પણ વાણી અહીં થાય છે સત્ય-પ્રતિષ્ઠ, શ્રીકૃષ્ણની હાજરીમાં. ધર્મ દૃષ્ટિથી ધર્મપાલન કર્તવ્યના અનુરોધ સાથે. અહીં કઠમાં નચિકેતા યમને સમર્પિત થયેલો છે. હવે એનો ઐહિક, ભૌતિક તત્ત્વો પર કોઈ અધિકાર નથી. એ અનશન કરે છે, પ્રત્યેક ઇન્દ્રિયના પ્રત્યેક વિષયનું. યોગની પરિભાષામાં કહીએ તો પ્રત્યાહાર. યમને એ વરી ચૂક્યો છે. યમ હવે એને મારી શકે તેમ નથી. પરન્તુ નચિકેતાનો આ ત્યાગ શુદ્ધ છે કે કેવળ આવેશાત્મક, એની ખાતરી કરવા યમ ત્રણ વરદાન દ્વારા એની પરીક્ષા કરે છે. કોઈને પણ અલભ્ય એવી સુખ-સંપત્તિ એ આપવા તત્પરતા બતાવે છે. પણ હવે એ સર્વ, જે દીર્ઘકાલે પણ નાશવંત છે એમાં નચિકેતાને રસ નથી. હવે એ છે આપ્તકામ. માગે છે શાશ્વત સુખ સાથેનો યોગ. ને એનો અધિકાર તો કેવળ બ્રહ્મવિદ્‌ને જ. શાશ્વત સત્ ચિત્ અને આનંદસ્વરૂપ તો છે કેવળ બ્રહ્મ. યમની પાસેથી નચિકેતાને દીક્ષામંત્ર મળે છે પ્રણવનો - तस्व वाचकनो, ऐतद् वै तत्‌નો. આમ, વેદકાળથી ચાલી આવતી જ્ઞાન, યોગ અને ભક્તિની સાધનામાં સર્વસમર્પણ દ્વારા પરમ શ્રેયને પામવા માટે આપ્તકામની અવસ્થાનો નિર્દેશ કરાયેલો છે.

ભારતીય પ્રજાના આદિ મહાકાવ્ય રામાયણની રચનામાં અધ્યાત્મદૃષ્ટિએ એક નવું તત્ત્વ ઉમેરાય છે. મહાકાવ્ય છે મુનિ વાલ્મીકિની કૃતિ. આ કૃતિની પાછળ નૈમિત્તિક કારણ રૂપે તો છે ક્રૌંચવધની ઘટના. તમસા નદીના વિશાળ વનાંચલની શોભા નિહાળતાં નિહાળતાં વિહાર કરતા મુનિ, નિકટમાં વિચરતા સુંદર ક્રૌંચયુગલને જુએ છે. બંને મધુર વાણીથી આનંદક્રીડામાં છે સંલગ્ન. ત્યાં જ-

तस्मात् तु मिथुनादेकं पुमांसं पापनिश्चयः।
जधान वैरनिलयो निषादस्तस्य पश्वतः ॥

બાલ. ૨ - ૧૦

એક, સર્વજીવો પ્રતિ વેર સેવનાર, પાપી નિષાદે આ યુગ્મમાંથી એક નર-પંખીને મુનિના દેખતાં જ વીંધી નાખ્યું. ને લોહીથી લથબથ તે પંખી ભૂમિ પર પડી પાંખ ફફડાવતું તરફડવા લાગ્યું. પતિની આમ હત્યા થયેલી જોઈ એની ભાર્યા ક્રૌંચી કરુણાર્દ્ર ચિત્કાર કરવા લાગી :

ततः करुणवेदित्वादधर्मोऽयमिति द्विजः ।
निशाम्य रुदतीं क्रौंचिमिदं वचनमब्रवीत ।

બાલ. ૨-૧૧

સ્વભાવથી જ કરુણામય બ્રહ્મર્ષિએ, આ અધર્મ થયો છે એવા નિશ્ચયે, રડતી ક્રૌંચીની વેદનાથી આર્દ્ર થઈને ભાખ્યું,

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत् क्रौंचमिथुनादेकमवधीः काममोहितम् ।

બાલ. ૨-૧૫

નિષાદ, ત્હને ક્યારેય શાન્તિ નહીં મળે. કારણ ત્હેં કામાસક્ત ક્રૌંચયુગલમાંથી એકની અકારણ હત્યા કરી છે.

સહસા જ છે આ ઉચ્ચાર. ક્રૌંચીના હૃદયનો ચિત્કાર મુનિની વૈખરી વાણી દ્વારા પ્રાકટ્ય પામે છે. શોક પામે છે શ્લોકત્વ. અહીં જ પ્રકટ થાય છે સંવેદના, પરકાયા-પ્રવેશ. શાપ દેનાર તો છે ક્રૌંચી. કવિ નિમિત્ત બને છે એ ચીસ-ચિત્કારને વૈખરીમાં, વર્ણોચ્ચારમાં કહી જવા માટે. તે છતાં ક્ષુબ્ધ છે કવિ.એક બાજુ અમંગલ વાણી છે, બીજી બાજુ આપોઆપ સ્ફુરતો છંદ છે. ને આદેશ મળે છે એ શ્રીરામનાં સંપૂર્ણ ચરિતનું વર્ણન કરવાનો.

સર્વાત્મસ્વરૂપ દૃષ્ટિનો વિકાસ ઔપનિષદિક કાલમાં થયેલો હતો જ; પરંતુ તે જ્ઞાનદૃષ્ટિથી. પણ આદિ કવિ વાલ્મીકિમાં ભાવસ્વરૂપે તે દેખા દે છે. स पर्यगात् જે સર્વગત થયેલો છે એનું અહીં અનુસંધાન છે સંવેદના દ્વારા. ને એ જ ભાવ વ્યાપક રીતે કથિત થયો છે સમગ્ર રામાયણમાં.

જગતભરમાં અનન્ય એવું ભારતીય પ્રજાનું બીજું મહાકાવ્ય છે મહાભારત. મુનિ શ્રી કૃષ્ણદ્વૈપાયન વ્યાસની આ રચનામાં ઇતિહાસ છે, રૂપકકથા છે, અધ્યાત્મ છે, એમ એમાં જીવનને સ્પર્શતા સર્વ ધર્મ-કર્મનું આલેખન છે. ધર્મ કર્મ મનુષ્યને કેવી વિષમ પરિસ્થિતિમાં મૂકી દે છે ? આવી કેટકેટલી પરિસ્થિતિનું નિર્માણ આપણને એમાં જોવા મળે છે, મનને મૂંઝવી દે એવી. અને જ્યારે સ્વજનોનો જ સ્વજનોની વિરુદ્ધ ચરમ મુકાબલો થાય છે ત્યારે ક્ષુબ્ધ થઈ અર્જુન શ્રીકૃષ્ણને કહે છે :

कथं भीष्मं अहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥अ.२ ४

ને શિષ્યભાવે પ્રાર્થે છે :

यच्छेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे । अ. २-७

ને કૃષ્ણનો ઉત્તર :

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः
अनाशिनोऽप्रमेयस्य तस्माद् युध्यस्व भारत ॥

अ.२-૧૮

अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ अ.२-२०

योगस्थ कुरु कर्माणि सङ्गं त्यत्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग
उच्यते ॥ अ. २-४८

અને એમ જ સ્થિતપ્રજ્ઞની બ્રાહ્મી સ્થિતિ વિશે કહે છે :

विहाय कामान् यत् सर्वान् पुमाश्चरति निस्पृहः।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

अ. २.-७१

ગીતાના આ બીજા અધ્યાય પછીના અધ્યાયોમાં જે અધ્યાત્મચર્ચા આગળ વધે છે એની પ્રાથમિક ભૂમિકા તો અહીં અપાઈ જ ગઈ છે. બ્રાહ્મી સ્થિતિની પ્રાપ્તિ માટે યોગાભ્યાસ અને વૈરાગ્ય સૂચવાયાં છે. પણ એ માર્ગ કઠિન-છે, સરળ માર્ગ તો છે -

मयि सर्वाणि कर्माणि सन्यास्यध्यात्म चेतसा ।

આમ કહેવામાં શ્રીકૃષ્ણ સ્વયં બ્રહ્મનું સાકાર સ્વરૂપ છે એ નિર્દિષ્ટ થાય છે, અને પછી

मन्मया मामुपाश्रिता । अ. ४–१०

ये यथा माम् प्रपद्यन्ते तां तथैव भजाम्यहम् । अ. ४–११

मय्यासक्त मनाः पार्थ योगं युज्जन् मदाश्रयः ।
असंशयं समग्रं माम् यथा ज्ञास्यसि तच्छृणु ॥ अ. ७–१

मय्यार्पित मनो बुद्धिर्मामिवैष्यस्यसंशयम् । अ. ८–७

मया ततम् इदं सर्वं जगदव्यक्त मूर्तिना । अ. ९–४

अहं सर्वस्य प्रभवः अ. १०–८

भक्त्यात्वनन्यया शक्य अहमेवंविधोर्जुन अ. ११–५४

ને અંતિમ અધ્યાયમાં નવમા અધ્યાયના ચોત્રીસમા શ્લોકની પંક્તિનું પુનરાવર્તન કરીને કહે છે :

मन्मया भव मद्‌भक्तो माद्या जी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोसि मे ॥

આમ મહાભારત અન્તર્ગત ગીતામાં જ્ઞાન, યોગ, ભક્તિ વગેરેની વિચક્ષણ વિચારણા પછી પણ વ્યાસ મુનિનો ઝોક સાકાર ભક્તિ તરફ વળતો હોય એવો સંકેત આપણને મળે છે; જેના પરિણામે પરમ શાન્તિપ્રદ, શ્રીમદ્ ભાગવત મહાપુરાણની રચના એમની દ્વારા જ થાય છે.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના પ્રથમ પ્રાર્થના-શ્લોકના ચરણાન્તે કથન છે : सत्यं परं धीमहि. અહીં સત્ય પરાત્પર બ્રહ્મ (નિરાકાર)નો અને શ્રીકૃષ્ણ (સાકાર)નો વાચક બને છે. ગીતામાં જેનો નિર્દેશ થયેલો છે એ જ વાત અહીં ફરી ઉલ્લેખ પામે છે.

लीला विदधतः स्वैरमीश्वरस्यात्ममायया । स्कं. १ अ. १–१८

ઈશ્વરે જ પોતાની સ્વૈર ઇચ્છાથી પોતાની માયા દ્વારા લીલા પ્રકટ કરી છે, અને એથી સર્વ શ્રેષ્ઠ ધર્મ માટે કૃષ્ણભક્તિને ઈષ્ટ કહી છે.

सवै पुंसां परो धर्मो यतो भक्तिरधोक्षजे ।
अहैतुक्यप्रतिहता ययाऽऽत्मा सम्प्रसीदति ॥
स्कं. १. अ. २–६

અને આ અહૈતુકી અપ્રતિહતા ભક્તિનું આપણને દર્શન થાય છે વ્રજવનિતાઓમાં. વેણુગીતમાં વર્ણવેલી એમની સ્થિતિ, - શરદઋતુમાં જળાશયનાં કમળની સુરભિથી સુવાસિત વનમાં પ્રવેશ કરીને શ્રીકૃષ્ણે જ્યાં મુરલીમાં મધુર સૂર રેલ્યા, ત્યાં જ પ્રેમવિવશ ગોપવધૂગણ મનોમન નિહાળે છે -

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
विभ्रद्वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।
रन्धान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥
स्कं. १ अ. २१–५

અને વેણુગીતના તેર શ્લોકમાં, ચરાચર સૃષ્ટિ, જે पीयूषमुत्तमित कर्णपुटैः पिबन्त्यः – આ સંગીતનું પાન કરે છે એની અવસ્થાની જ પરસ્પર વાત કરે છે. અહીં છે મનોમન ધારણા, એમના જીવનની ધન્યતાને ઉપલક્ષિત કરતી. પરંતુ શરત્પૂર્ણિમાએ રાસ-રમણામાંથી અધવચ્ચે કૃષ્ણ અંતર્ધાન થાય છે ત્યારે વિરહ-વ્યાકુળ ગોપાંગનાઓનું હૃદય આમ દ્રવે છે :

विरचिताभयं वृष्णिधुर्य ते
चरणमीयुषां संसृतेर्भयात् ।
करसरोरुहं कान्त कामदं
शिरसि धेहिनः श्रीकरग्रहम् ॥
સ્કં. ૧૦-૨-૩૧-૪

જે જન્મમરણરૂપ સંસારચક્રના ભયથી તમારા ચરણોનું શરણ ગ્રહણ કરે છે તેને તમે, હે યદુશિરોમણિ, અભય કરો છો. હે કાન્ત, સર્વની અભિલાષા પૂર્ણ કરનાર, લક્ષ્મીજીને જે કરે તમે ધારણ કરો છો તે કર અમારાં શિર પર ધરો. આ રીતે વ્રજની ગોપાંગનાઓ તચ્ચિત્ત, તન્મનસ્ક બનીને કૃષ્ણલીલાનાં ગાનમાં લીન રહેતી હતી.

(ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૭મા અધિવેશનના અધ્યક્ષ તરીકે કલકત્તામાં આપેલું વ્યાખ્યાન - આવતા અંકે પૂરું) □

પ્રાપ્ત પ્રકાશનો

સામાજિક નાટ્ય, એક નૂતન ઉન્મેષ : વિજય તેંડુલકરના વિવિધ દૃષ્ટિકોણથી અને વિવિધ સ્તરનાં પાત્રોના જીવનથી ધબકતાં નાટકોમાંથી પ્રતિનિધિરૂપ સામાજિક નાટકોની ઊંડાણપૂર્વની ચર્ચાવિચારણા. લેખક : ઉત્પલ ભાયાણી (ડિમાઈ કદ, કાચું પૂઠું, પૃ. ૯૬ + ૮, કિંમત ૫૦ રૂપિયા)

શબ્દ મારો પારસમણિ : સુરેશ દલાલના 'મારી બારીએથી'ના ૧૩મા પ્રકાશન તરીકે ૩૪ સાહિત્યિક નિબંધો (ડિમાઈ કદ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, કિં. ૬૫ રૂ.) બંને પુસ્તકના પ્રકાશક : શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા વિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦

રજા-રાજ : કામચોરીની દાનતથી આપણે ત્યાં એકેએક ક્ષેત્રમાં પ્રસરી ગયેલા રજાપ્રેમને કારણે દેશમાં આવનારી બરબાદી અંગે વિશદ સમજણ આપતી ૫૬ પૃષ્ઠની આ નાનકડી પુસ્તિકામાં તેના લેખક રામજીભાઈ પટેલે આંતરખોજની આહલેક જગાડી છે. (કાચું પૂઠું, ક્રાઉન ૧/૧૬ કદ, પૃ. ૫૬, પ્રકાશક : અક્ષરભારતી, ૫, રાજગુલાબ, ભુજ-૩૭૦ ૦૦૧. ૧૫ રૂપિયા.)

સરિતાઓના સાન્નિધ્યમાં : નદીઓનાં સુંદર પ્રવાસવર્ણનો સાથે તેના તટપ્રદેશ વિષે સુંદર માહિતીઓ આપતા લેખોથી 'કુમાર'ના વાચકોમાં જાણીતા કવિ રામપ્રસાદ શુક્લના ૧૨ પ્રવાસલેખોનો સુંદર સંગ્રહ. (ક્રાઉન, પાકું પૂઠું, પૃ. ૨૫૪, ૬૦ રૂ. પ્રકાશક: રામપ્રસાદ શુક્લ, ૯, નૂતન સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭)

ગલીને નાકેથી : 'કુમાર'ના પરિચિત કવિ હરિકૃષ્ણ પાઠકના પ્રવાસલક્ષી લેખો, અભ્યાસ-લેખો, સ્વરૂપચર્ચા, પુસ્તકસમીક્ષા અને અવલોકનો તથા કાવ્યકૃતિઓના આસ્વાદ કરાવતા ૨૦ લેખોનો સુંદર અભ્યસનીય સંગ્રહ (ડિમાઈ, કાચું પૂઠું, પૃષ્ઠ ૧૨૨+૧૦, ૩૨ રૂ. પ્રકાશક : હરિકૃષ્ણ પાઠક, ૨૩૧/૧, જી-૧, સેક્ટર-૧૯, ગાંધીનગર)

(અનુસંધાન પાન ૩૬ ઉપર)




બનાવટની મધુરતામાં કટુતા પારખી જાશું,
નિખાલસ પ્રેમથી પાશે જગત, તો ઝેર પી જાશું.
અમારી દષ્ટિએ છે પાપ પડતીમાં પડી રહેવું,
પુનઃ વ્હાણે પ્રગટશું, સાંજના જો આથમી જાશું.

ગની દહીંવાળા

સદ્‌ગત મણિભાઈ દેસાઈ

ગઈ ૧૪મી નવેમ્બરે ઉરુળીમાં ૭૩ વર્ષની વયે શ્રી મણિભાઈ દેસાઈનું અવસાન થતાં દેશના સમાજજીવનમાંથી ગાંધીજીના રહ્યાસહ્યા સાચા અનુયાયી, અંતેવાસી અને ગાંધીવાદી સમાજસેવક આપણે ગુમાવ્યા છે. આવા માણસો આપણી પાસે ઝાઝા નથી. તેમણે જીવનભર આદિવાસીઓ અને આર્થિક રીતે પછાત માણસોમાં કામ કર્યું. તેઓની સ્થિતિમાં સુધારો થાય, એ પગભર બને અને સમાજના એક ઘટક તરીકે સ્વમાનભેર જીવન જીવી શકે એ માટે તેમણે પોતાની જાત ઘસી નાખી. જીવનભર અપરિણીત રહ્યા અને સેવાકાર્યને જ પ્રાધાન્ય આપ્યું. લોકસંગ્રહની ભાવનાથી તેમણે દીન-દલિત-પીડિતજનોના અભ્યુદયની યોજનાઓ કરી અને ભારે જહેમતથી એ પાર પાડી. શ્રી મણિભાઈ દેસાઈએ ગાંધીજીના આદેશથી ઉરુળીકાંચનને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. ગાંધીજીએ તેમને લખેલું, 'બાર વરસ ઉરુળીમાં રહેવાથી લોકોનું ભલું ન થાય. તારી રાખ ઉરુળીના પાદરમાં પડવી જોઈએ. તું સમજ. તારાં આંસુથી મને સમાધાન ન થાય. તારો પુરુષાર્થ અને પસીનો મને સમાધાન આપશે.' અને તેમનો ઉત્તર ? 'બાપુજી, મારી રાખ ઉરુળીકાંચનમાં પડશે, એ મારી પ્રતિજ્ઞા છે.' તેમણે આ પ્રતિજ્ઞા પાળી. ૧૯૪૫માં તેમણે ઉરુળીકાંચનમાં નિસર્ગોપચારની પ્રવૃત્તિ હાથ ધરી અને એની સાથે જ ગામડાંના ઉત્થાનની પણ જુદીજુદી પ્રવૃત્તિઓ શરૂ કરીને પશુસંવર્ધનમાં વૃક્ષઉછેર, વેરાન જમીનને હરિયાળી બનાવી ઉત્પાદન વધારવું, ગરીબ લોકોને રોજી મળે એ માટેના ઉપાયો કરવા અને ખાસ કરીને વૈજ્ઞાનિક કૃષિશિક્ષણ દ્વારા સમગ્ર ગ્રામસમાજને જાગ્રત કરી એમને કામ મળે એ માટે તેમણે યોજનાઓ કરી. આપણે રચનાત્મક કાર્યની વાત કરીએ છીએ પણ રચનાત્મક કાર્યક્રમોને સુપરિણામકારી તો મણિભાઈ જેવા જ બનાવી શકે છે.





વૃક્ષડાળ ઉપર લટકતી આ બે ફૂલકળીઓ નહીં પણ 'કેન્ટિશ ગ્લોરી' નામે ઓળખાતાં ફૂદાંની ઈયળો છે. બર્ચ વૃક્ષની ડાળ ઉપર તેની માદા લીલાશ પડતા રંગના લંબગોળ આકારનાં થોડાં ઈંડાં મૂકે છે. ત્રણેક અઠવાડિયાં પછી તેમાંથી લીલા રંગની આવી ઈયળો નીકળે છે, જે બે-અઢી ઈંચ જેટલી લાંબી વધે છે. છંછેડાય તો આવેશમાં આવી જઈ એ આમ ડાળ ઉપર ઊભી થઈ જાય છે. પુખ્ત થતાં તે વૃક્ષનાં પાનની નીચે કોશેટો રચીને તેમાં પૂર્ણ વિકાસ પામવા સુધી પુરાઈ રહે છે. આ અવસ્થામાં એ ઘણો લાંબો સમય રહ્યા બાદ પૂર્ણાવસ્થાને પામીને બહાર આવેલ તેમના નર તો ઊડવા માંડે છે અને માદા સંવનન પછી નાના જથ્થામાં ઈંડાં મૂકે છે.

પ્રા. ચંદ્રકાન્ત ઉપાધ્યાયે લખેલ 'તપોમૂર્તિ મણિભાઈ' પુસ્તકનો લોકાર્પણવિધિ સમારંભ તા. ૫ મે '૯૧ના રોજ અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન ભવનમાં યોજાયેલો ત્યારે તેમને પ્રત્યક્ષ મળવાની તક મળી હતી. સમારંભના પ્રમુખ તરીકેના વક્તવ્યમાં મેં કહ્યું હતું કે એક ઓરડામાં સો વોલ્ટનો વીજળીનો ગોળો હોય અને એનો ઝળાંહળાં પ્રકાશ આવતો હોય પણ એમાં એક ખૂણામાં ઘીનો નાનો દીવો બળતો હોય એનો પ્રભાવ કંઈ ઓર હોય છે ! શ્રી મણિભાઈ દેસાઈ જેવા લોકસેવકનું જીવનકાર્ય એ પેલા ઘીના દીવાની જ્યોત જેવું છે. આજના મૂલ્યહ્રાસના જમાનામાં આવા માણસોનું હોવું એ સમાજ માટે

આશ્વાસક-વસ્તુ છે. સમારંભ પછી તેમને અરવિંદ મફતલાલના ગેસ્ટ હાઉસમાં શાહીબાગ મૂકીને ઘેર આવ્યો ત્યારે અત્યંત આનંદ અનુભવેલો. તેમણે ઊરુળીકાંચન આવવાનું ભાવપૂર્ણ નિમંત્રણ આપેલું પણ તે શક્ય બને એ પહેલાં તો તેમના અવસાનના સમાચાર આવ્યા. ભારે રંજ થયો.

શ્રી મણિભાઈ દેસાઈને શ્રદ્ધાંજલિ આપતાં શ્રી અંબેલાલ એમ. નાયક લખે છે : 'મણિભાઈની પાછળ એમની વસુંધરાનાં વહાલસોયાં કુટુંબીજનો, ભોળાં ગભરુ આદિવાસીઓ ને હરિજનો કે ગિરિજનો, રોગગ્રસ્ત પીડિતો, એમની કામધેનુઓ, વાછડા-વાછડીઓ, સંજીવની ઝંખતી મૂંગી વનવગડાની ઝાડઝાંખરીઓ, આમ્રકુંજમાં રૂપાંતર પામવા તરસતી સૂકીભઠ ધોમધખતી ધરા, કોઈકના કલ્યાણ અર્થે ઉમળકાથી ઉત્સાહભેર કલકલ નાદે વહેતાં ઝરણાં - આજે મણિભાઈની એકાએકની વિદાયથી અશ્રુઓ વહાવી રહ્યાં છે.' આપણે પણ એમાં આપણી ભાવાંજલિ ઉમેરીએ.

પ્રભુ મણિભાઈના આત્માને શાશ્વત શાંતિ અર્પે એ પ્રાર્થના.

('ઉદ્દેશ'માંથી) - ડૉ. રમણલાલ જોશી

પ્રજનન અવયવો પર ધુમ્રપાનની અસર

ધુમ્રપાન કરવાથી સ્ત્રીઓની પ્રજનનક્ષમતામાં ત્રીજા ભાગ જેટલી ઓટ આવે છે, એટલે કે ધુમ્રપાનની માઠી અસર છેક તેના પ્રજનન અવયવો સુધી પહોંચે છે. તમાકુમાંના ઝેરી નિકોટિનમાંના કોટિનાઈન નામના એક તત્ત્વને છૂટું પાડવામાં આવ્યું છે, જે માનવબીજની આસપાસના એક પ્રવાહી આવરણને હાનિ પહોંચાડે છે. આટલું જ નહિ, ગર્ભધારણને માટે ઉપચારો કરાવતી સ્ત્રીઓમાં પણ ધુમ્રપાનને કારણે સ્ત્રીબીજમાં ત્રીસ ટકા જેટલી નિષ્ફળતા મળે છે. ધુમ્રપાન નહિ કરતી સ્ત્રીઓનાં બીજ બૉંતેર ટકા જેટલાં ફળે છે જ્યારે ધુમ્રપાન કરતી સ્ત્રીઓમાં તેનો દર ચુમાળીસ ટકા જેટલો ઊતરી જાય છે.

પુરુષોની પ્રજનનશક્તિમાં પણ ધુમ્રપાનથી ઘટાડો થઈ જાય છે અને ધુમ્રપાન નહિ કરતી સ્ત્રીઓના શ્વાસમાં ધુમ્રપાનનો ધુમાડો જવાથી પણ એમની ગર્ભધારણની ક્ષમતામાં ઓટ આવે છે. આજકાલ વધી રહેલી ધૂમ્રપાનની ફૅશનનાં ભોગ બનનારાઓએ આ વિચારવા જેવું છે.

છોડને લાગતી જિવાત અને રોગની ચેતવણી આપતા છોડ

જિવાત, ફૂગ કે ઠંડીને કારણે અનાજ કે વનસ્પતિના છોડને થતા નુકસાન અંગે વેળાસર ખબર પડી જાય એવી એક નવી પદ્ધતિ સ્કૉટલૅન્ડની એડિનબરા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ વિકસાવી રહ્યા છે.

પ્રો. એન્થની ટ્રેવાવાસના નેતૃત્વમાં વિજ્ઞાનીઓએ તમાકુના છોડમાં જેલીફિશના દેહમાંથી પ્રકાશ આપવા જીનને દાખલ કરવામાં સફળતા મેળવી છે. આનાથી છોડનાં પાનને સ્પર્શ કરતાં તેમાંથી આછો પ્રકાશ પ્રકટે છે.

હમણાં સુધી આવા પ્રકાશ આપતા જીન માત્ર અમેરિકાની હૂંફાળી કંઠારના સાગરજળમાં થતી જેલીફિશમાં જ જોવા મળતાં હતાં. આ જેલીફિશને જ્યારે અન્ય કોઈ પ્રકારનો સ્પર્શ થાય ત્યારે તેના શરીરના અમુક કોષોમાંથી કૅલ્શીઅમ છૂટો પડી તેમાંથી આછો આસમાની પ્રકાશ પ્રકટ થાય છે. છોડ અને પ્રાણીના કોષોમાં ઠંડી યા કોઈ રોગના પર્યાવરણીય પ્રભાવ વખતે કૅલ્શીઅમ ચેતવણીની સંજ્ઞા આપે છે. જેલીફિશના કોષોમાંના પ્રોટિન સાથે પ્રક્રિયા પામી આ કૅલ્શીઅમ એક લાક્ષણિક ચળકાટ પેદા કરે છે. જેલીફિશની આ જીનેટિક લાક્ષણિકતાને ઘઉં વગેરે જેવા પાકમાં દાખલ કરવાના પ્રયોગો થઈ રહ્યા છે. આવા છોડ 'ઇન્ડિકેટર' છોડ કહેવાશે. ઉગાડેલા પાકની વચ્ચેવચ્ચે આવા છોડ છૂટાછૂટા ઉગાડાશે. જ્યાં કોઈ પાકમાં કોઈ જિવાત લાગે, ફૂગ લાગે કે અતિશય ઠંડી લાગે તે તે છોડ પાક સામેના ભયની વેળાસર ચેતવણી આપી શકશે.

હાલમાં તો જેલીફિશનાં આ જીન નરી આંખે દેખાય એટલો ઝબકાર છોડમાં પ્રકટાવી શકતાં નથી, પણ હાલમાં પ્રાપ્ય વૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા તે પકડી શકાય એટલા જોરદાર તો છે જ. આનાથી મળતી ચેતવણીથી અન્ય છોડમાં પ્રસરતી જિવાત કે ફૂગ વગેરેના ઉપાયો સરળ બનશે અને તેની પાછળના ખર્ચ અને જહેમતમાં ઘટાડો લાવી શકાશે. આથી પાકનો ઉતાર પણ વધી શકશે.

બાપુની સલાહ

શ્રી જમનાલાલ બજાજના સુપુત્ર શ્રી કમલનયન બજાજ જ્યારે અભ્યાસ માટે પરદેશ ગયા ત્યારે મહાત્મા ગાંધીજીએ તેમને આ પ્રમાણે સલાહસૂત્રો લખી જણાવ્યાં હતાં :

૧. થોડું બોલજે.

૨. સાંભળજે બધાનું. પણ, ખરું લાગે તે જ કરજે.

૩. ક્ષણેક્ષણનો હિસાબ રાખજે; જે ક્ષણનું કામ હોય તે તે જ વખતે કરજે.

૪. ગરીબની જેમ રહેજે, અને ધનનું અભિમાન કરીશ નહિ.

૫. પાઈએ પાઈનો હિસાબ રાખશે.

૬. એકાગ્રતાથી અભ્યાસ કરજે.

૭. નિયમિત કસરત કરજે.

૮. મિતાહારી રહેજે.

૯. નિત્યનોંધ રાખજે.

૧૦. બુદ્ધિની તીવ્રતા કરતાં હૃદયનું બળ અનેકગણું કિંમતી છે તેથી તેનો વિકાસ કરજે. એ માટે ગીતાજી અને તુલસીકૃત રામાયણનું મનન આવશ્યક છે.

૧૧. પ્રાર્થના રોજ સવાર-સાંજ કરજે. □

શ્રમ કરને સબ હય, જો મન રાખે ધીર;
શ્રમ સે ખોદત કૂપ જ્યું, થળમેં પ્રગટે નીર.

— કબીર —

ગાંધીજી સાબરમતી આશ્રમમાં રહેતા હતા ત્યારની વાત છે. આશ્રમના રસોડે ઘંટ વાગે એટલે સહુએ સાથે ભોજન લેવાનું. એક દિવસ ગાંધીજી પોતાની ખોલીમાં કામમાં વ્યસ્ત હતા અને ભોજનનો સમય થઈ ગયો. જોકે હજુ ભોજનનો ઘંટ વાગ્યો ન હતો. ગાંધીજીને આશ્ચર્ય થયું. એઓ રસોડે પહોંચ્યા એટલે ઘંટ વગાડવામાં આવ્યો. ગાંધીજી મોડા હતા પણ ઘંટ પણ મોડો વાગ્યો ! ગાંધીજીએ ઘંટ વગાડનારને ઠપકો આપ્યો : 'મારી રાહ જોઈને તેં કેટલા બધા માણસોનો સમય બગાડ્યો એનો કંઈ ખ્યાલ આવે છે તને ? માણસ અગત્યની વસ્તુ નથી, સમય અગત્યનો છે. હવેથી ઘંટ સમયસર વાગવો જોઈએ.' અને રસોડામાંથી બહાર નીકળી જતાં એમણે ઉમેર્યું : 'જો, મને મોડું થાય તો બીજાઓની જેમ બહાર બેસવાની સજા મને પણ થવી જ જોઈએ.' અને ગાંધીજી 'રસોડાની બહાર જ જમવા બેઠા !

¤

એક પ્રતિષ્ઠિત સજ્જનના જીવનનો આ પ્રસંગ છે. એકવાર કોઈ અવસર નિમિત્તે તેમને સમાજના વગદાર અને આગેવાનના ઘરે ભોજન લેવાનું નિમંત્રણ મળ્યું. બરાબર એ જ સમયે સમાજના એક સામાન્ય પરિવારમાં ભોજન લેવાનું નિમંત્રણ પણ મળ્યું. હવે શું કરવું ? એક જ સમયે બે સ્થળે તો ક્યાંથી જઈ શકાય ? તે પ્રતિષ્ઠિત સજ્જન દ્વિધામાં મુકાયા : કોને ત્યાં જવું, કોને ત્યાં ના જવું ? છેવટે એમણે પેલા સામાન્ય જનને ત્યાં જ ભોજન લેવા જવાનું મનોમન નક્કી કર્યું. કારણ કે, સમાજના આગેવાન નિમંત્રકને ત્યાં તો અન્ય અનેક જનો જનાર નીકળશે ! આમ, મનની મોટપ દાખવનાર આ પ્રતિષ્ઠિત સજ્જન તે બીજા કોઈ નહિ, પણ સદ્‌ગત એચ. એમ. પટેલ.

¤

દીવેલમાં શેકેલી હરડે, હિંગ અને સંચળ લેવાથી હેડકી અટકી જાય છે.

આફ્રિકા ખંડમાં કુલ ૯૦૦ જેટલી ભાષા બોલાય છે !

¤

ભારતમાં હાથીની સરેરાશ ઉંમર સત્તર વર્ષની ગણાય છે.

¤

એક નાટ્યલેખક પોતાનું નાટક જોઈ પાછો ફરતો હતો ત્યારે તેના એક મિત્રે પૂછ્યું, 'કેમ, તમારા આ નવા નાટકનો પ્રયોગ કેવો રહ્યો ?'

નાટ્યલેખકે જવાબ આપ્યો, 'ખૂબ સફળ રહ્યો, પરંતુ પ્રેક્ષકો તદ્દન નિષ્ફળ રહ્યા !'

¤

ઈ.સ. ૧૭૪૦થી ૧૭૬૩ દરમિયાન થઈ ગયેલો એક મરાઠા સરદાર મુરારરાવ પોતે પકડેલા કેદીઓ સાથે કિલ્લામાં શતરંજની રમત રમતો. જો કેદી જીતે તો તેને છોડી મૂકવામાં આવતો અને જો કેદી હારે તો તેને કિલ્લાની બારીમાંથી ફેંકી દઈ મારી નાખવામાં આવતો.

¤

દુનિયાનું સૌથી જૂનું પેન્ટ ડેન્માર્કના થોરબજર્ગ-માંથી મળી આવ્યું હતું. એ પેન્ટ ૧૯૦૦ વર્ષ પુરાણું હોવાનું કહેવાય છે. એમાં મોજાં પણ પેન્ટ સાથે જોડેલાં જ હતાં.

¤

વિશ્વમાં દર એક લાખની વસ્તીમાં ૧૮૨ માણસોને કેન્સર છે. દર વર્ષે દુનિયામાં ૮ કરોડ ૭૦ લાખ માણસોને કેન્સર થાય છે !

¤

જાણો છો કે દુનિયામાં વર્ષ ગણવાની પહેલ ચીને ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં કરી હતી ?

'બંગલો' શબ્દ કેવી રીતે આવ્યો છે તે જાણો છો ? 'બંગાળનું' એવા અર્થમાં 'બંગલા' શબ્દનો પ્રયોગ હિન્દીમાં થાય છે તે શબ્દ પરથી 'બંગલો' શબ્દ ઊતરી આવ્યો છે.

¤

ચપ્પુ કે છરીને સાફ કરવા તેનાથી બટાટા સમારવાથી તે બરાબર સાફ થઈ જશે.

¤

ખમીસના કોલર કે કફ પર પડેલા ડાઘને દૂર કરવા રાત્રે તેના પર ટેલ્કમ પાઉડર ઘસવો અને સવારે. તેને ઘસીને ધોવાથી ડાઘ દૂર થશે.

¤

વિશ્વનું મોટામાં મોટું બાઈબલ લોસ એન્જલિસના લૂઈ વાજમેલે રબરના ટાઈપનો ઉપયોગ કરીને એને હાથથી છાપેલું. તેનું કદ ૪ ફૂટ ૫/૪ ઇંચ બાય બે ફૂટ ૯.૫ ઇંચનું છે અને તેની પૃષ્ઠસંખ્યા ૮૦૪૩ છે.

કલાકણિકા : ઘૂમટ આકારના ઢાંકણાવાળું ચાંદીનું ચોથી સદીનું અત્તરદાન. તેમાં વિવિધ અત્તર તેમજ અન્ય સુગંધી પદાર્થો રાખવાની ચાંદીની શીશીઓ પણ છે.





એક ભારતીય શિલ્પરત્ન